
SHREE SWAMINARAYAN
શ્રી સ્વામિનારાયણ

DECEMBER 2005

સુરેન્દ્રનગર મંદિર મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ







પ્રકાશકઃ- શ્રી સ્વામિનારાયણ મંદિર, અમદાવાદ-૧
Publisher:- Shree Swaminarayan Temple, Ahmedabad-1




સુરેન્દ્રનગર મંદિરમાં બિરાજમાન શ્રી નરનારાયણ દેવ, બાલ સ્વરૂપ ઘનશ્યામ મહારાજ, શ્રી રાધાકૃષ્ણ દેવ હરિકૃષ્ણ મહારાજ



સુરેન્દ્રનગર મંદિર મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે વિપ્ર બટૂકોને યજ્ઞોપવિત પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે



સુરેન્દ્રનગર મંદિર મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે આશીર્વચન આપતાં પ.પૂ. મોટા મહારાજશ્રી



સુરેન્દ્રનગર મંદિર મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે સભામાં કથા શ્રવણ કરતાં હરિભક્તો



ન્દ્રનગર મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે યજમાન પ.ભ. ખીમજીભાઇ પટેલ (મેડા) પરિવારને શ્રી હરિના ત્રણેય અપર સ્વરૂપો આશીર્વાદ આપતાં



સુરેન્દ્રનગર મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે યજમાન શ્રી પ્રશાંતભાઇ ધોળકિયા પ.પૂ. આચાર્ય મહારાજશ્રીને હાર પહેરાવી આશીર્વાદ લઇ રહ્યાં છે.

શ્રી નરનારાયણદેવ પીઠસ્થાન મુખપત્ર

SHREE SWAMINARAYAN શ્રી સ્વામિનારાયણ

વર્ષ - ૩૭ ડિસેમ્બર - ૨૦૦૫



સંસ્થાપક
શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ
પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮
શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી

શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ
નારણપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩.
ફોન : ૨૭૪૯૯૫૯૭ - ૬૮૨૫૩૦૬૫૯૭
ફેક્સ : ૨૭૪૧૯૫૯૭

ફોન
૨૨૧૩૩૮૩૫ (મંદિર)
૨૭૪૭૮૦૩૦ (સ્વા. બાગ)
ફેક્સ : ૦૭૯ ૨૭૪૫૨૧૪૫

તંત્રી શ્રી
સ.ગુ. શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજી
(મહંત સ્વામી)

લવાજમ
વાર્ષિક : રૂા. ૫૦-૦૦
વંશ પરંપરાગત
દેશમાં રૂા. ૫૦૧-૦૦
વિદેશમાં :રૂા. ૫૦૦૦-૦૦
છુટક નકલ રૂા. ૫-૦૦

પ્રકાશન સમય
દર માસની ૧૧મી તારીખે
ગુજરાતી, હિન્દી અને અંગ્રેજીમાં

પત્રવ્યવહાર અને લવાજમ
શ્રી સ્વામિનારાયણ માસિક કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ મંદિર,
કાલુપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧.

એડ્રેસમાં ફેરફાર કરવા
E-mail : manishnvora@yahoo.co.in

અનુક્રમણિકા

૧.	અસ્મદીયમ્	૨
૨.	પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ	૩
૩.	સાયુ સુખ સત્સંગના સગપણમાં	૫
૪.	શ્રી નરનારાયણદેવે અનંત ઐશ્વર્યો દર્શાવ્યા	૬
૫.	સુરેન્દ્રનગર મંદિરનો ઇતિહાસ	૭
૬.	પરોપકાર	૮
૭.	સત્સંગ મહિમા	૧૦
૮.	વચનામૃત ગ.પ્ર. ૪ નો સારાંશ	૧૬
૯.	રસના ઇન્દ્રિયને જીતવી	૧૮
૧૦.	સદ્‌ગુરુ બ્રહ્માનંદ સ્વામી	૧૯
૧૧.	સત્સંગ બાલવાટિકા	૨૨
	(૧) કાયમ યાદ રાખવા જેવી વાત	
	(૨) દયા ધર્મકા મૂલ હૈ	
૧૨.	સત્સંગ સમાચાર દેશ-વિદેશના	૨૫

: પ્રકાશક :
શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર, અમદાવાદ-૧.
ફોન : ૨૨૧૩૨૧૭૦, ૨૨૧૩૬૮૧૮. ફેક્સ : ૨૨૧૭૬૯૯૨.
શ્રી નરનારાયણદેવ યુવક મંડળ કાર્યાલય : ૨૨૧૬૬૭૬૭.
Visit us : www.swaminarayan.info
E-mail : sntemple@hotmail.com
www.swaminarayanmuseum.com / org

અસ્મદીયમ્

તંત્રીશ્રીની કલમે....

જીવ માત્રને સુખની શોધમાં જ આખી જીંદગી પસાર થઈ જાય છે. પરંતુ સાચા સુખની પ્રાપ્તિ થતી નથી. મૃગજળની જેમ નાશવંત પંચ વિષયના સુખની પાછળ દોડવામાં જ સમગ્ર જીવનનો સમય પૂર્ણ થઈ જાય છે. અને પાછો જન્મ મૃત્યુના ફેરામાં ફરવાનું ચાલુ થઈ જાય છે. માટે શાસ્ત્રો અને સંતપુરૂષો જગતના જીવને સાચા સુખની દિશા બતાવે છે. અને તે છે પરમકૃપાળુ પરમેશ્વરની પ્રાપ્તિમાં પરમેશ્વરને મેળવવા હોય તો ધન, દોલત, માલ, મિલકત કે વૈભવથી મળતા નથી તેમજ અનેક પ્રકારના સત્કર્મો કે પુણ્યકર્મોથી પણ ભગવાન મળતા નથી. તેનાથી તો આ જીવને કેવળ સ્વર્ગ લોક કે દેવલોકની જ પ્રાપ્તિ થાય છે. જે પુણ્ય ફળ ભોગના અંતે મૃત્યુલોકમાં જન્મ મૃત્યુના ફેરામાં આવવું પડે છે. ભગવાનની પ્રેમલક્ષણા ભક્તિ જ એક એવો ઉપાય છે જે આ જીવને પરમ સુખ અને શાંતિની પ્રાપ્તિ કરાવે છે, જે ક્યારેય નાશ ન થાય આવી ભક્તિ કરવાનો અવસર આવે તેને જ આપણે ઉત્સવો કહીએ છીએ અને એવા પવિત્ર ઉત્સવના સમયમાં લોક વ્યવહારને છોડવો એજ શ્રેષ્ઠ કામ છે. તેથી ધન રાશિમાં સૂર્યનું આગમન થાય ત્યારે પ્રાતઃકાળમાં ભગવાનનું સ્મરણ કરવાથી જે પ્રભુમાં પ્રેમલક્ષણા ભક્તિની પ્રાપ્તિ થાય છે તેવી અન્ય ઉપાયોએ કરીને થતી નથી. તેથી આપણા મંદિરોમાં ધનુર્માસનો પ્રારંભ થાય ત્યારે સવારના બ્રાહ્મ મૂહુર્તમાં જ ભગવાનના નામની ઉચ્ચ સ્વરે કરીને ધૂન્ય પોકારવામાં આવે છે. જેથી પરમાત્માનું અનુસંધાન જોડાવાથી સાંસારિક નાશવંત પંચ વિષયોનું વિસ્મરણ થાય તો સાધન સુખના રાશિ એવા ભગવાનના સ્વરૂપમાં જીવની વૃત્તિ ચોટી જાય તો અક્ષરધામની પ્રાપ્તિ થાય છે. માટે વ્હાલા ભક્તજનો ૧૬ ડિસેમ્બરથી પ્રારંભ થતા ધનુર્માસમાં તન, મન, અને ધનથી ભગવત્સ્મરણમાં જોડાઈ જશો તો શ્રીજી મહારાજનો અપાર રાજીપો પ્રાપ્ત થશે અને અક્ષરધામના સુખની પ્રાપ્તિ કરાવે એવી **સર્વોપરિ ધૂન્ય** સ્વામિનારાયણ ભગવાને આ પૃથ્વી ઉપર સૌ પ્રથમ બાથમાં લઈને પધરાવેલ સ્વસ્વરૂપ શ્રી નરનારાયણદેવના શુભ સાનિધ્યમાં અને ધર્મકુળની નિશ્રામાં આખો માસ થશે. આ દિવ્ય લાભ સમગ્ર બ્રહ્માંડમાં પણ મળવો દુર્લભ છે. માટે દરેક ભક્તોએ અવશ્ય ધૂન્ય કરવી અને કરાવવી તેમાંજ શ્રીજી મહારાજનો રાજીપો છે.

તંત્રી શ્રી (મહંત સ્વામી)
શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજીના
જયશ્રી સ્વામિનારાયણ

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ



(નવેમ્બર - ૨૦૦૫)

૬. શ્રી સ્વામિનારાયણ મંદિર કાંકરિયા બાલસ્વરૂપ કષ્ટભંજન દેવના અભિષેક પ્રસંગે અને હરિભક્તોને ત્યાં પધરામણીઓ.
પ.ભ. કાછીયા ઘનશ્યામભાઈ પરસોત્તમભાઈને ત્યાં પધરામણી, ઘોડાસર.
પ.ભ. સુરજીતસિંહ એમ. પુરીને ત્યાં પધરામણી, મણીનગર.

૭ થી ૯ કચ્છ ભૂજ અને માંડવી શ્રી સ્વામિનારાયણ મંદિર, પધરામણી.

૧૦. પંઢરપુર ગામે પ.ભ. લાલજીભાઈ મહાદેવભાઈ પટેલને ત્યાં પધરામણી.

૧૧. સુરેન્દ્રનગર શ્રી સ્વામિનારાયણ મંદિરમાં મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે આયોજીત પારાયણની પ્રારંભ પૂજન વિધિ પ્રસંગે.

૧૨. પ.ભ. ડૉ. હર્ષદભાઈ ઝિંઝુવાડીયાના 'ધર્મરાજ જ્વેલર્સ'માં પધરામણી, નવરંગપુરા.
વડતાલ શ્રી સ્વામિનારાયણ મંદિર શોભાયાત્રા પ્રસંગે પધરામણી.
સંત મહાદીક્ષા પોતાના વરદ્ હસ્તે આપી.

૧૩. સ.ગુ. દેવાનંદ સ્વામીના જન્મ સ્થાન બળોલ ભાલ (મૂળીદેશ) શ્રી સ્વામિનારાયણ મંદિરમાં (ભાઈઓ-બહેનોનું) મૂર્તિ પ્રતિષ્ઠા પોતાના વરદ્ હસ્તે ધામધુમથી સંપન્ન થઈ.
શ્રી સ્વામિનારાયણ મંદિર નારણપુરા તુલસીવિવાહ પ્રસંગે પધરામણી.

૧૪. શ્રી સ્વામિનારાયણ મંદિર નારાયણઘાટ પધરામણી.
પ.ભ. હસમુખભાઈ રતીલાલ ઠક્કરને ત્યાં પધરામણી, અમદાવાદ.

૧૬. શ્રી સ્વામિનારાયણ મંદિર સુરેન્દ્રનગર શોભાયાત્રા પ્રસંગે પધરામણી.

૧૭. શ્રી સ્વામિનારાયણ મંદિર સુરેન્દ્રનગર શિખરબધ્ધ નવ નિર્મિત મંદિરમાં મૂર્તિ પ્રતિષ્ઠા પોતાના વરદ્ હસ્તે કરી.

૧૮. શ્રી સ્વામિનારાયણ મંદિર મહુન્દ્રા (જી. ગાંધીનગર) મૂર્તિ પ્રતિષ્ઠા પોતાના વરદ્ હસ્તે કરી.

૧૯. અંબાપુર (જી. ગાંધીનગર) ગામે પ.ભ. જીતુબા પટેલને ત્યાં પારાયણ પ્રસંગે પધરામણી.

૨૦. અમદાવાદ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પ.ભ. બાબુભાઈ મણીલાલ શાહ પરિવાર આયોજીત પારાયણની પૂર્ણાહુતિ પોતાના વરદ્ હસ્તે કરી.
શ્રી ઉમિયા હોસ્પિટલના ઉદ્ઘાટન પ્રસંગે પધરામણી, રાણીપ.

૨૧. આનંદપુરા (તા. કડી) ગામે પ.ભ. હરિવલ્લભભાઈ ડાહ્યાભાઈ પટેલને ત્યાં પધરામણી.

૨૨. શ્રી સ્વામિનારાયણ મંદિર વાવોલ (તરપોજ) પારાયણ પ્રસંગે પધરામણી.

૨૩. અંબાલા (તા. જોડીયા) ગામે પ.ભ. કેશુભાઈ રૂડજીભાઈ ચૌહાણને ત્યાં પારાયણ પ્રસંગે પધરામણી.

૨૬. શ્રી સ્વામિનારાયણ મંદિર કઠલાલ પ્રસાદીની છત્રીમાં ચરણારવિંદ પધરાવવા પ્રસંગે પધરામણી.

૨૭. સંત મહાદીક્ષા વિધિ પોતાના વરદ્ હસ્તે આપી.

સત્સંગીમાત્રે નામ ધર્માદો નિયમિત ભરવા અંગે

સર્વાવતારી સર્વોપરિ આપણા ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાને સંપ્રદાયના અમૂલ્ય ગ્રંથ શ્રી શિક્ષાપત્રીમાં (શ્લોક ૧૪૭) સ્પષ્ટ આજ્ઞા કરી છે કે દરેક આશ્રિત માત્રે પોતાની આવકનો દશમો અને વ્યવહારે દુર્બળ હોય તેવા હરિભક્તે વીસમો ભાગ દેવનો ધર્માદો કાઢીને પોતાનો જીવન વ્યવહાર કરવો. "ધર્માદો" એ જે તે દેશમાં રહેતા હોય ત્યાંના મુખ્ય મંદિરમાં ધર્માદાના રૂપમાં જ પહોંચ લઈને ધર્માદો કરવો અને સાથે કુટુંબના દરેક સભ્યના નામ લખાવીને ધર્માદા સાથે નામવેરો પણ શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર અમદાવાદની કોઠાર ઓફીસમાં ભરીને પહોંચ મેળવી લેવી

ખાસ સૂચના : શ્રીજી મહારાજની આજ્ઞાને અનુસરતા દરેક હરિભક્તોએ ધર્માદાની રકમ અન્યત્ર કોઈ પણ સંસ્થામાં અપાય નહીં. તેનું ખાસ ધ્યાન રાખવું.

શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ

"શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ"નું નિર્માણ કાર્ય સર્વાવતારી શ્રીહરિ શ્રી નરનારાયણદેવના દિવ્ય માર્ગદર્શન પ્રેરણા અને નિવૃત્ત આચાર્ય મહારાજશ્રીના કુશળ મંગળ સાનિધ્યમાં સંગીન રીતે પ્રગતિના પંથે આગળ વધી રહ્યું છે. દાતાઓના સૌજન્યથી મ્યુઝિયમના સં. ૨૦૦૬ના નવા વર્ષના આકર્ષક કેલેન્ડર મોટી સંખ્યામાં છપાઈ ગયા છે. જેનું નિઃશુલ્ક વિતરણ પણ દેશ વિદેશમાં આપણા સંપ્રદાયમાં થઈ રહ્યું છે.

પ.પૂ. મોટા મહારાજશ્રીની ગત અમેરિકા યાત્રામાં ત્યાંના નવા મંદિરોના નિર્માણ ચાલુ હોવા છતાં અમેરિકા તથા ઈંગ્લેન્ડ (યુ.કે.)ના સત્સંગી હરિભક્તોએ અતિ ઉત્સાહ દર્શાવી મ્યુઝિયમ માટે ઉદાર હાથે સેવા નોંધાવી છે. હરિભક્તોએ નોંધાવેલ સેવા સત્વરે એકત્ર થાય તે માટે પ.પૂ. મોટા મહારાજશ્રીએ સ્થાનિક હરિભક્તોની કમિટિ પણ નિમેલી છે અને નોંધાયેલ સેવામાંથી અમુક સેવા તો જમા પણ થયેલ છે.

પ.પૂ. મોટા મહારાજશ્રી 'મ્યુઝિયમ'ની ઓફિસમાં કાર્યરત હોઈ (સવારે ૯-૦૦ થી ૧૧-૩૦) તે દરમ્યાન પણ સ્થાનિક તથા બહારગામના હરિભક્તો સ્થળ પર જાતે આવી પોતાની સેવા નોંધાવી પોતાની શક્તિ પ્રમાણે યથાયોગ્ય યોગદાન આપે છે.

સત્સંગમાં હાલ જ્યાં જ્યાં પ.પૂ. મોટા મહારાજશ્રી હરિભક્તોના અતિ આગ્રહથી અલ્પ સમય માટે પણ હાજરી આપે છે ત્યાં ત્યાં મ્યુઝિયમ માટેની સેવા જ કેન્દ્રમાં હોય છે. જુદા જુદા ગામના પ્રસંગમાં ક્યાંક પ્રસાદીની વસ્તુ તથા ફાળા મળતાં રહે છે.

શ્રીજી મહારાજના આ દિવ્ય સત્સંગ દ્વારા જ પ.પૂ. મોટા મહારાજશ્રીના દિવ્ય સંકલ્પનું સ્વપ્ન રૂપિયા ત્રીસ કરોડના ખર્ચે અતિ નવ્ય ભવ્ય સુંદર મ્યુઝિયમ નજીકના ભવિષ્યમા સાકાર થશે. અને સત્સંગને સમર્પિત થશે.

સંકલન : પ.ભ. સંદિપ ચોકસી

સાચું સુખ સત્સંગના સગપણમાં

- પટેલ ગાંડાભાઈ મોહનલાલ (કોલ્હાપુર)

શ્રીજી મહારાજે ગઢડાના અંત્ય-૨૦માં સ્વભાવ કોને કહેવાય ? તેનો જવાબ દેતાં કહે છે કે જીવ જે પૂર્વ જન્મને વિષે કર્મ છે તે કર્મ પરિપકવ અવસ્થાને પામીને જીવ ભેળા એક રસ થઈ ગયાં છે, જેમ લોઢાને વિષે અગ્નિ પ્રવેશ થઈ જાય, તેમ પરિપક્વપણાને પામીને જીવ સાથે મળી રહ્યાં એવા જે કર્મ તેને જ સ્વભાવ કહીએ છીએ અને તેને જ વાસના તથા પ્રકૃતિ પણ કહીએ છીએ.

આવા સ્વભાવને ટાળવાના ઉપાય તરીકે શ્રીજી મહારાજ કહે છે કે કાળમીંઢ પથ્થર તોડીને એમાં આકૃતિ કોતરવામાં જેમ બહુ મહેનત પડે છે તેમજ સ્વભાવ ટાળવામાં ખૂબજ પ્રયત્નો કરવા પડે છે. સ્વભાવ ટાળવા કાજે આત્મનિષ્ઠા એ સહિત શ્રીકૃષ્ણ ભગવાનની નવધા ભક્તિ કરવી એ જ ભાસે છે. અને જો આત્મનિષ્ઠા ભક્તિમાં ના હોય તો જેમ ભગવાનમાં હેત કરે તેમ બીજા પદાર્થમાં પણ હેત થઈ જાય તો પાછી વાસના ના ટળે. તેથી જ ભક્તિ આત્મનિષ્ઠા સહિત જ કરવી જેનાથી સ્વભાવ ટળવા લાગે.

વળી ગઢડા મધ્યના-૧૫માં શ્રીજી મહારાજ કહે છે કે જેમ બાહેર કાંઈક પોતાના શત્રુ હોય તે આપણું કાંઈક કામ થતું હોય તેને બગાડી નાખે કે આપણને ગમે તેમ બોલે ત્યારે તેનો જેમ અતિશે અભાવ આવે છે અને જે ઉપાયે કરીને તેનું ભૂંડુ થાય તે ઉપાય કરાય છે કે બીજો કોઈ તેનું ભૂંડું કરે તો પણ અતિશે રાજી થવાય છે તેમજ જે મોક્ષને અર્થે પ્રયત્ન કરતા હોય અને તેમાં કામક્રોધાદિક સ્વભાવ માહેલો શત્રુ વિઘ્ન કરે તો તેની ઉપર પણ તેવીજ વૈરબુદ્ધિ થાય અને તેના ઉપરનો દુર્ભાવ ક્યારેય ટળે નહી એવો વિચાર જેને હાથ આવે તેને લઈને સ્વભાવ-શત્રુ માત્રને ટાળે અથવા કોઈ સંત સાધુ આપણા સ્વભાવની નિંદા કરે ને તેને શત્રુભાવે વર્તવાનું કહે ત્યારે તે સંત-સાધુનો અભાવ ના આવે અને સામો તે સાધુનો અતિશે ગુણ લઈએ તો જ આપણા માંયલો સ્વભાવ ટળે.

તેથીજ શ્રી ગોપાળાનંદ સ્વામી તેમની વાતોમાં કહે છે કે સ્વભાવને ટાળે છે અને સ્વભાવ નથી ટાળતા એવા તે ભક્તોમાં ઘણો ફેર પડી જાય છે. જેમ કે સમુદ્રમાં જતાં બે વહાણોમાં એકનું સુકાન થોડું થોડું મરડે અને બીજાનું ન મરડે તો આગળ જતાં બન્ને વહાણોમાં બસો ગાઉંનો ફેર પડે જાય. એટલે જેમણે સ્વભાવ અનુકુળ કર્યો તે શ્રીજી મહારાજનો સાથ મેળવીને તેમનામાં સમાસ કરી શક્યા. અને જેમણે સ્વભાવ ના બદલ્યો તેવા સંતો કે હરિભક્તો શ્રીજી મહારાજમાં સમાસ કરી ના શક્યા.

જેમ ગામ લોજના રામાનંદ આશ્રમમાં શ્રી મુક્તાનંદજી સ્વામીની સાથે રઘુનાથજી સ્વામી પણ અન્ય સાધુઓ સાથે રહેતા હતા. બન્ને શ્રી રામાનંદ સ્વામીના શિષ્યો. પરંતુ બન્નેનો શ્રીજી મહારાજ તરફે અભિગમ અલગ અલગ હતો. એટલે કે મુક્તાનંદજીનો સ્વભાવ મહારાજને અનુકુળ હતો. તેમનામાં શ્રધ્ધા હતી તેથી તે તેમની આજ્ઞામાં રહ્યા તો તે સંપ્રદાયમાં "સત્સંગનીમા" થઈને શોભી ઉઠ્યા. અને રઘુનાથજીને શ્રીજી મહારાજમાં નિષ્ઠાને શ્રધ્ધા ન હતી. અને સ્વભાવથી પ્રતિકુળ રહ્યા તો અંતે સંપ્રદાયથી વિમુખ થઈને રહ્યા. મુક્તપણાનો માર્ગ ચુકી ગયા.

સ્વભાવની વાત કરવા બેઠ્યા છીએ તો એક વાત વધુ કરી લઈએ - ગઢડામા શ્રીજી મહારાજને જીવા ખાચરે એક દિવસ પૂછ્યું "મહારાજ તમો દરરોજ દાદો..... દાદો..... મારો દાદો..... કરીને દાદાખાચરનાં ખૂબજ વખાણ કરો છો અને અમો તમારૂં આટલું બધું કરીએ છીએ છતાં અમોને કદિ સંભાળતા પણ નથી તો એમ કેમ ?"

ત્યારે મહારાજ કહે "કોક દિવસ સમય આવે તેનું કારણ કહીશું !" તે પછી તો તે વાત ભૂલાઈ ગઈ. અને

(અનુસંધાન પાના નં ૯ ઉપર)

શ્રી નરનારાયણદેવે અનંત ઐશ્વર્યો દર્શાવ્યા

- પ્રો. સૂર્યકાંત ભટ્ટ (ભુજ)

આપણા પરમકૃપાળુ તથા અનંત ઐશ્વર્યના સ્વામી શ્રી નરનારાયણદેવ ના પ્રગટપણાની અતિ અલૌકિક, રહસ્યપ્રદ, શાંતિપ્રદ વાતો શ્રીહરિના દૃઢા વંશજ આપણા પૂર્વાચાર્ય મહારાજશ્રી તેજેન્દ્રપ્રસાદજીના મુખેથી સાંભળવાનો લ્હાવો આપણને સૌને પ્રાપ્ત થયેલો છે. તેઓશ્રી સભા મધ્યે વિરાજી જ્યારે આપણને શ્રી નરનારાયણદેવ વિષે અતિ સરળ શૈલીમાં સમજણ આપી રહ્યા હોય ત્યારે કોઈ પણ જીવાત્મા જે આ વાત ટી.વી.ના માધ્મય તળે નિહાળી રહ્યા હોય, સાંભળી રહ્યા હોય અથવા સભામાં બિરાજી કથા શ્રવણ કરી રહ્યા હોય તેના મનઃચક્ષુ સમક્ષ અચૂક અને અવશ્ય શ્રી નરનારાયણદેવની માધુરી દિવ્યમૂર્તિ પ્રત્યક્ષતા દર્શાવે છે. આ દિવ્ય દર્શનનું સુખ અગાધ છે.

આપણે સૌ જાણીએ છીએ કે આપણા આચાર્ય મહારાજશ્રી તો શ્રીજી મહારાજનું અપર સ્વરૂપ છે. તેઓશ્રીને તો શ્રીહરિ સ્વયં સર્વત્ર, સર્વકાળે પ્રત્યક્ષતા, અનંતતા નિત્ય દર્શાવતા જ રહે છે. આપણી દૃષ્ટિએ દેશ્યો નિહાળવા સમર્થ નથી. પૂજ્ય મહારાજશ્રી જ્યારે જ્યારે શ્રી નરનારાયણદેવના દર્શન કરવા પધારે છે ત્યારે ત્યારે શ્રીહરિ સ્વયં તેઓશ્રીના ખબર અંતર ક્ષેમકુશળતા પૂછતાજ રહે છે. અવારનવાર સ્વપ્રમાં પણ તેઓશ્રીને માર્ગદર્શન અર્પતાજ રહે છે. આવી દિવ્ય વાતો જાણવા મળી છે.

જ્યારે જ્યારે દેવને પંચામૃતથી સ્નાન મહારાજશ્રી કરાવી રહ્યા હોય છે ત્યારે તો મહારાજશ્રી સ્વયં ભાવ વિભોર થઈ જતા જોવા મળે છે. શ્રીજી મહારાજના અતિ મુલાયમ દેહને ખૂબજ સાવચેતી પૂર્વક પંચામૃત સ્નાન કરાવતા રહે છે. આ દેશ્યતો અદ્‌ભૂત હોય છે. અનંત ઐશ્વર્યના સ્વામી શ્રી નરનારાયણદેવ સાથેની તેઓશ્રીની અત્યંત અંગત અનુભૂતિની અલૌકિક બીના મહારાજશ્રીઓએ પોતાની અંગત ડાયરીમાં લખી રાખી હોય તેવું પણ બની શકે. કેટલીક આવી ઐશ્વર્ય સભર બીના, વંશપરંપરાગત રીતે પણ રજુ થતી રહે છે. કેટલીક ઐશ્વર્યની બીનાઓને મર્યાદિત રાખવી પડે છે. જ્યારે કેટલીક સર્વજીવ હિતાવહ અર્થે હોય છે.

મદ્રાસના એક વિદ્વાન વિપ્રે વાંચેલું કે શાસ્ત્રોક્ત વિધિથી પ્રમાણભૂત રીતે કાષ્ઠની મૂર્તિ, પાષણની મૂર્તિ, કોઈ ધાતુની મૂર્તિ કે પછી ચિત્ર પ્રતિમા હોય તેમાં યથાર્થ પ્રાણ પ્રતિષ્ઠા થયેલી હોય ત્યારે દેવ તે મૂર્તિમાં અખંડ બિરાજે છે. મનુષ્ય તેનો સાક્ષાત્કાર કરી શકે છે.

આ બાબતની પરીક્ષા કરવા માટે આ બ્રાહ્મણે નક્કી કર્યું કે મારે તીર્થાટન કરવું, પ્રત્યેક દેવોના દર્શન કરવા. જે મૂર્તિ મને બોલાવીને મારી પાસેથી પાંચસો રૂપીયા માંગી લે તેમને મારે રૂપિયા અર્પણ કરી દેવા અને પછી તે દેવના સાનિધ્યમાં જ સમય વિતાવી તે દેવના જ આશ્રિત બનવું. અનેક તીર્થોમાં આ બ્રાહ્મણ ફરી વળ્યો. આખરે તે નિરાશ એટલો બધો થયો કે કોઈ દેવે તેની અભિલાષા પૂરી કરી નહિ. છેવટે અમદાવાદના બધા મંદિરોમાં દર્શન કરતે કરતે અમદાવાદ કાલુપુર મધ્યે શ્રી નરનારાયણદેવના જેવા દર્શન કરવા બે હાથ જોડીને ઉભો રહ્યો કે તરત જ શ્રી નરનારાયણદેવે ત્રણવાર તેને બોલાવીને કહ્યું, "હે વિપ્ર ! તમે અમારા નિમિત્તનું દ્રવ્ય લઈને આમ ક્યાં સુધી ફર ફર કરશો ? અને તે દ્રવ્ય અમારા નિમિત્તનું છે માટે અમોને આપીદ્યો." આવી અલૌકિક વાણી સાંભળીને વિપ્ર આશ્ચર્યથી ડઘાઈ ગયો. આ શ્રી નરનારાયણદેવ જ સ્વયં ભગવાન છે. એવો દૃઢ નિશ્ચય તેને થઈ ગયો. એટલું જ નહિ તે સમયે ઠાકોરજીની પાસે રહેલા પાર્ષદોને તેણે આ ઐશ્વર્યની વાત કહી સંભળાવી. પાર્ષદો તેને આચાર્ય મહારાજશ્રી પાસે લઈ ગયા. આખરે તેણે વર્તમાન ધારણ

(અનુસંધાન પાના નં ૯ ઉપર)

સુરેન્દ્રનગર મંદિરનો ઈતિહાસ

- શૈલેન્દ્રસિંહ જી. ઝાલા (સુરેન્દ્રનગર)

ગુજરાત રાજ્યનો ઝાલાવાડ પ્રાંત અને આ પ્રાંતનું વડુ મથક એટલે સુરેન્દ્રનગર. ભગવાન શ્રી સ્વામિનારાયણ મહાપ્રભુએ આ ઝાલાવાડ પ્રાંત પસંદ કરી અને મૂળી નરેશ રામાભાઈ રાજાની ઈચ્છા પ્રમાણે મૂળીમાં પોતાના સ્વહસ્તે મંદિર નિર્માણ કરી શ્રી રાધાકૃષ્ણદેવ પધરાવ્યા. થોડા વર્ષો બાદ વઢવાણના ઠાકોર સાહેબે સુરેન્દ્રનગર શહેરના હૃદય સમા મેઈન રસ્તા ઉપરની ૪૦૦૦ ચો.મી. જમીન મૂળી શ્રી રાધાકૃષ્ણદેવને કૃષ્ણાર્પણ કરી. તે સમયના આપણા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-પ્રેરણા આશીર્વાદથી આ જગ્યા ઉપર મૂળી મંદિરના તાત્કાલીન અ.નિ. મહંત સ્વામી સ.ગુ. હરિનારાયણદાસજીએ આશરે ૨૦૦ જેટલા મકાનોનું બાંધકામ કરાવ્યું હતું. અને એક હરિમંદિર ભાઈઓ અને એક બહેનો માટેનું બનાવ્યું. સમય જતા આ મંદિરનો સત્સંગ દિવસેને દિવસે વૃદ્ધિ પામતો ગયો અને મંદિર નાનુ પડતું ગયું. તે વખતે બહેનોના મંદિરમાં સેવા-પૂજા કરતાં અ.નિ. સાં.યો. ધોળીબાને વિચાર આવ્યો કે આ મંદિરની બાજુની જગ્યા થોડી લંબાવીને એક શિખરનું મંદિર બનાવવું. તેમણે તૂરત જ આ વિચાર પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના તે વખતના કુલ મુખત્યાર અ.નિ. જયંતીભાઈ કાળીદાસ પરીખ તથા સુરેન્દ્રનગરના આગેવાન હરિભક્તોનેજ જણાવ્યો એ પણ સંમત થયા અને એ જ સમયે જયંતિભાઈ આદિ હરિભક્તો પ.પૂ. મોટા મહારાજશ્રી પાસે આવ્યા અને વાતથી માહિતગાર કર્યા. પ.પૂ. મોટા મહારાજશ્રી પ્રસંગોપાત થોડા સમય બાદ સુરેન્દ્રનગર પધાર્યા અને જગ્યા જોઈને પૂ. મહારાજશ્રીએ પણ શુભ સંકલ્પ કર્યો કે અહિં ત્રણ શિખરનું ભવ્ય મંદિર બનાવો.

પૂ. મહારાજશ્રીનો સંકલ્પ એટલે શ્રીજી મહારાજનો સંકલ્પ આમા શું કહેવાનું હોય ? પૂ. મોટા મહારાજશ્રીએ તુરંત મૂળી મંદિરના તાત્કાલીન મહંત સ્વામી સ.ગુ. પ્રેમજીવનદાસજીને આ મંદિર નિર્માણની આજ્ઞા કરી. મહંત સ્વામી તેમજ મંદિર નિર્માણોમાં આગવી સુઝ ધરાવનારા તેમના સંતોએ આ આજ્ઞા શિર આંખો ઉપર ચડાવી. સ્વામી જ્યારે અહીં મહંત પદે આવ્યા અને જગ્યા જોઈ ધીમે ધીમે ભાડુઆતોનો પ્રેમ જીતી થોડા મકાનો ખાલી કરાવ્યા. મંદિરની જગ્યાની પાછળ બરોબર અડીને જ સરકારશ્રીની જમીન હતી. ત્યાં હોસ્પિટલ હતી. કર્મચારીના ક્વાટર્સ પણ હતા. સ્વામીએ સરકારશ્રી પાસે આ જમીનની માંગણી કરી અને શ્રીજી મહારાજનો સંકલ્પ હોય અને પૂ. મહારાજશ્રીના આશીર્વાદ હોય પછી શું કહેવાનું હોય. સરકારશ્રીએ ૪૪૮ રૂપિયે ચો.મી. મુજબ રૂપિયા પંદર લાખમાં આ જમીન ચો.મી. લેખે મૂળી શ્રી સ્વામિનારાયણ મંદિરના નામે આપી. સમય જતાં એક અદ્‌ભૂત પાંચ શિખરો વાળુ કલાત્મક મંદિર નિર્માણ થયું. આ મંદિર અમદાવાદ દેશના મંદિરોમાં એક આગવું મંદિર બની રહ્યું છે. તેની નકશી, બાંધકામ સંપૂર્ણ શિલ્પશાસ્ત્રને આધારે થયું છે. તેનો ઘુમ્મટ બેનમુન તૈયાર થયો. આ મંદિરની જે કોતરણી તે પણ અદ્‌ભૂત બની. પછી સ્વામીને વિચાર આવ્યો કે હરિભક્તો માટે ભોજનાલય વગેરે વ્યવસ્થા માટે શું ? ફરીથી બાજુની સરકારશ્રીની જમીનની માંગણી કરી. ભગવાન શ્રીહરિની કૃપાથી એ જમીન પણ મંદિરને મળી ગઈ. ત્યાં અદ્યતન બ્રહ્માનંદ ભોજનાલય, બ્રહ્માનંદ સભા મંડપ, સંતોના ઉતારા તેમજ ભાવિક ભક્તોના ઉતારા બનાવ્યા. સંપૂર્ણ સગવડતા વાળુ આ મંદિર બન્યું અને મૂળી મંદિરના સંપૂર્ણ તાબા અને નેજા હેઠળનું પ્રથમ શિખરબંધ મંદિર થયું.

પ.પૂ. મહારાજશ્રીના આશીર્વાદથી તેમજ સંત મંડળના પ્રયાસથી અહિંનો સત્સંગ પણ ખૂબજ નિષ્ઠા વાળો અને મૂળીશ્રી રાધાકૃષ્ણદેવ અને અમદાવાદ શ્રી નરનારાયણદેવની ગાદીને વફાદાર છે. સંપ્રદાયના દરેક વ્રત-ઉત્સવો ખૂબજ ધામધુમથી અહીં ઉજવાય છે. અહિં બાળ મંડળ, યુવક મંડળ, મહિલા મંડળ ખૂબજ સક્રિય છે. અહીંના સંતો પણ ખૂબજ પવિત્ર અને મહારાજની આજ્ઞા પાળે અને પળાવે એવા છે. તો વ્હાલા ભક્તો આ મંદિરમાં દેવોનો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના ના શુભ વરદ્‌ હસ્તે તા. ૧૭-૧૧-૨૦૦૫ના શુભ દિને ખૂબજ ધામધુમથી ઉજવાયો. પૂ. મહારાજશ્રી, ધર્મકુળ પરિવાર તેમજ બંને દેશના સંતોના દર્શન આશીર્વાદનો લાભ હરિભક્તો એ મોટી સંખ્યામાં પધારીને લાભ લીધો. સંતોએ પ.પૂ. મોટા મહારાજશ્રીની આજ્ઞાથી જે દાખડો કર્યો છે તે સફળ થશે.

પરોપકાર

- વિદ્યાર્થી સાધુ ચૈતન્યસ્વરૂપદાસ
ગુરુ પી. પી. સ્વામી
(જેતલપુર - સંસ્કૃતપાઠશાળા)

જે મનુષ્ય સ્વોદન ભરી છે. તે પૃથ્વીના ભારરૂપ જ છે. એક કવિએ કહ્યું છે.

જબ તુમ આયે જગ મેં, જગ હસે
તુમ રોય,
એસી કરની કર ચલો, તુમ હસો
જગ રોય.

તમારો જ્યારે જન્મ થયો તે વખતે તમારા માતા-પિતા તથા બીજા મનુષ્યો પણ આનંદથી હસતા હતા. તમે જન્મીને એવી કરણી કરી જાઓ જેથી તમે હસતા-હસતા જાઓ અને જગત બધું તમારા ગુણો ને યાદ કરી કરીને તમારી પાછળ રડ્યા કરે.

જે મનુષ્ય દેહથી, દ્રવ્યથી, વાણી થી કે બુદ્ધિ થી પરોપકાર નથી કરી શકતો તે મોટો ગણાતો હોય તો પણ તે તૃણ તુલ્ય છે. સ્કંધ પુરાણમાં કહ્યું છે કે :-

परिनिर्मण्य वागवालं
निर्णीतमिदमेव हि ।
नोपकारात्परो धर्मो नापकारादधं
परम् ॥

બધા શાસ્ત્રોને મંથન કરવાથી સાર એ નિકળ્યો કે 'પરોપકારથી અધિક પુણ્ય અને અપકારથી અધિક પાપ કોઈ નથી.' માટે આપણે પરોપકારી જીવન જીવવું.

પરોપકારી પુરુષમાં અગાધ શક્તિ ભરેલી હોય છે. પણ તેને જ્ઞાની જોઈ શકે છે. જેવી વીજળીના કરંટવાળો અને કરંટ વિનાનો તાર, બંને જોવામાં તો સરખા જ દેખાય છે. પરંતુ વાયરમેન જાણી શકે છે કે આમા વિદ્યુતશક્તિ અગાધ ભરી છે. જેનાથી ગામમાં પ્રકાશ કરી શકાશે. અને મોટા યંત્રો ચલાવી શકાય છે. વીજળી વિનાનો તાર જાડો દેખાતો હોવા છતાં તે કંઈ નહિ કરી શકે. એજ રીતે પરોપકારી મનુષ્ય બીજાના જેવો દેખાતો હશે તો પણ તેમાં ધર્મની શક્તિ અગાધ ભરી હોય છે. પરંતુ અજ્ઞાની માણસો તેને જાણી શકતા નથી. પરોપકારથી માણસ જગતને વશ કરી શકે છે. માટે આપણું જીવન પરોપકારમય હોવું જોઈએ. એક કવિ લખે છે કે :

મળી છે કાયા માનવની,
જગતમાં ધૂપ-સળી થાજો,
સુગંધી અન્યને દેવા
તમે જાતે બળી જાજો,

આપણને આ સુંદર મજાની કાયા મળી છે તો તેને અગરબત્તી સમાન બનાવજો. જેવી રીતે અગરબત્તી પોતે બળીને પણ બીજાને સુગંધ આપે છે. તેવી જ રીતે આપણે પણ આપણા શરીરને પરોપકાર કરવામાં જ સમર્પતિ કરવું જોઈએ.

આ જગતની અંદર ઘણા પદાર્થો પાસેથી આપણે પ્રેરણા લેવી જોઈએ. જેવી રીતે વૃક્ષ, નદી અને ગાય પ્રેરણા આપતા કહે છે :

"परोपकाराय फलन्तिवृक्षाः
परोपकाराय वहन्ति नद्यः ।
परोपकाराय दुहन्ति गावः
परोपकारार्थमिदं शरीरम् ॥

વૃક્ષો પરોપકાર માટે ફળે છે. નદીઓ પરોપકારને માટે વહે છે, ગાયો પરોપકાર માટે દૂધ આપે છે. આ શરીર પણ પરોપકારને માટે જ છે. વૃક્ષો પોતે બળ બળતા બપોરે એ પોતે બળી ને અન્યને છાંયડો આપે છે. કોઈ પથ્થર મારે તો પણ તેને મીઠા ફળ આપે છે. નદીઓ પણ પરોપકાર માટે જ વહે છે. કોઈપણ તેની પૂજા કરે તો પણ તે ખુશ થતી નથી. અને કોઈ ગંદકી કરે તો પણ તેને તિરસ્કાર કરતી નથી. માણસે નદી પાસે પરોપકારની શિક્ષા અને દીક્ષા લેવા જેવી છે. ગાયો પણ પરોપકાર માટે દૂધ આપે છે. ખોરાક ને માટે વાઘ ગાય ને મારે છે. જ્યારે માણસ ગાયને પાળે છે. બાળક પોતાની માનું દૂધ પીએ છે. એ દૃષ્ટિએ જોતા જેનું આપણે દૂધ પીએ તો સહજ રીતે આપણી માતા બની જાય છે. વૃક્ષ નદી અને ગાય પાસેથી પ્રેરણા લઈ માણસે પણ પોતાનું શરીર પરોપકારાર્થે વાપરવું જોઈએ. માટે સંત તુલસીદાસ લખે છે :

तरुवर सरोवर, संत जन चोथा
बरसे मेह
परमारथ के कारणे चारो धरियो देह

પશુના ચામડામાંથી પગરખા થાય.

જ્યારે માણસનું ચામડું કશાય કામમાં નથી આવતું. પરંતુ માણસ જો પોતાનો દેહ પરોપકારાર્થે વાપરે તો તે નર માંથી નારાયણ બની જાય.

એક વનમાં મોટો વડલો હતો. તે વડ ઉપર અનેક પક્ષીઓના માળા હતા. બધા પક્ષીઓ દિવસે ચણી-ચણીને માળામાં આરામ કરે. ટેટા ખાય અને મધુર કલરવ કરે ! તેમાં એક વખત વનમાં દાવાનળ લાગ્યો. આખું વન-વનરાઈ અને ડુંગરો સળગવા લાગ્યા. છતાં પક્ષીઓ નિર્ભય થઈ વડલા પર બેઠા હતા. ત્યારે વડલાએ કહ્યું હે પક્ષીઓ તમને ભગવાને પાંખો આપી છે. તો ઉડી જાઓ નહીંતર બળી જશો. ત્યારે પક્ષીઓએ સરસ જવાબ આપ્યો.

દાહ જલે ડુંગર જલે,
જલે સબ વનરાઈ,
હમ જલે તુમ કાં જલો
હમારે પાંખો નાઈ.

વડદાદા આજ સુધી તમારા ઉપર અમે માળા બાંધીને રહ્યા. ટેટા ખાધા તમારી લીલીછત્ર છાયામાં અમે મોટા થયા છીએ. હવે તમને દુઃખ પડ્યુ તેથી ઉડીને ભાગી જઈ એ તો તો અમારુ જીવન લાજે. આપણે સુખ સાથે ભોગવ્યું અને દુઃખ પણ સાથે ભોગવીશું. પક્ષીઓની હિંમત અને પરોપકારી વૃત્તિ જોઈ પ્રભુએ દયા કરી દાવાનળ ધીમો થયો અને વડલાને આંચ પણ નહીં આવી. અપકારનો બદલો ઉપકારથી આપે એ માણસ જ આ કળિયુગની અંદર પરોકારી છે.

(પાના નં પનું ચાલું)

સાચુ સુખ સત્સંગના સગપણમાં

ચોમાસાના દિવસો આવ્યા. તેમાં એક વેળા શ્રીજી મહારાજ કાઠી દરબારો અને સંતોને લઈને ઘેલા નદીમાં સ્નાન કરવા ગયા. ત્યાં વરસાદ જોરદાર ચાલુ થઈ ગયો, બધા નદીમાં સ્નાન કરીને પાછા વળતા રસ્તામાં મહારાજે કોઈ વટેમાર્ગુને વાડની આડે ચૂલો પેટાવતો જોયો. પરંતુ ઘણા પ્રયત્નો તેણે કર્યા છતાં કંઈ ચૂલો સળગે નહિ ને તેની રસોઈ થાય નહી. તે નિરખીને શ્રીજી મહારાજ ખેદ પામ્યા.

બાજુમાં જીવા ખાચર ચલાતા હતા. તો તેમને વાત કરી કે "આપણે અહીં ધર્મશાળા બંધાવાની જરૂર ખરી ?" તો જીવા ખાચર તરતજ તાડૂકી ઉઠ્યા "એવા તો કેટલાય આવે ને જાય. તેમના માટે કંઈ ધર્મશાળાઓ ઓછી બંધાય...." કહીને તુરચ્છકાર કર્યો. ત્યારે આ વાત દાદાએ સાંભળીને તે મહારાજને કહેવા લાગ્યા - "મહારાજ! હાલ તો વરસાદના દહાડા છે એટલે કંઈ ધર્મશાળા ન બંધાય. પછી બાંધી દઈશું. પરંતુ હાલ તો આવા વટેમાર્ગુઓને અમારા દરબારની જગ્યામાં આશરો આપવાનું રાખીએ તો તમો રાજી ખરાને ?"

ત્યારે શ્રીજી મહારાજ રાજી રાજી થઈ ગયા. ને જીવા ખાચરને કહે, "જુઓ, આજ કારણે અમો વારંવાર દાદો..... મારો દાદો..... કહીએ છીએ. તેમના અને તમારા સ્વભાવમાં આટલો જ ફરક છે, સેવા તો તમો પણ કરો છો અને તે પણ કરે છે પરંતુ માત્ર સ્વભાવ ફેર !"

માટે જે હરિભક્ત સ્વભાવ ટાળે તે શ્રીજી મહારાજને વ્હાલો લાગે અને તેમનો રાજીપો પામી શકે. તેથીજ સાચું સત્સંગનું સુખ પામવા કાજે સત્સંગમાં રહીને સ્વભાવ ટાળવાનો છે અને શ્રીજીને ભજવાના છે.

(પાના નં ૬નું ચાલું)

શ્રી નરનારાયણદેવે અનંત ઐશ્વર્યો દર્શાવ્યા

કર્યા અને તે વિપ્ર ચૂસ્ત સત્સંગી બનવા પામ્યો.

આવી જ વાત મારવાડ દેશના એક જૈન વણિકની છે. તે પણ અઢીસો સોના મહોર લઈને તીર્થોમાં યાત્રા કરી રહ્યો હતો. તેણે પણ એવોજ સંકલ્પ કટેલો કે આ ધન માંગીલે તે મૂર્તિનો માટે આ દ્રવ્ય અર્પણ કરવું અને તેને જ માટે ભગવાન તરીકે સ્વીકારવા તે તીર્થાટન કરતો કરતો અમદાવાદમાં શ્રી નરનારાયણદેવ સમક્ષ ઉભો રહ્યો. આ નરનારાયણદેવ મારા મનનો સંકલ્પ જાણી મને બોલાવે તો હું જાણું કે આ પ્રગટ ભગવાન છે. આટલો સંકલ્પ થયો કે તરત જ શ્રી નરનારાયણદેવ વદ્યા, હે વણિક જન ! તમો અમારા નિમિત્તનું દ્રવ્ય લઈ ક્યાં સુધી ફરતા રહેશો ? અમો જ પ્રગટ ભગવાન છીએ. આ દ્રવ્ય અમારી પાસે મુકતા જાવ." વણિક તો આશ્ચર્ય ચકિત થઈ ગયો. દ્રવ્ય દેવના ચરણોમાં અર્પણ કર્યું. મોટા સંત વર્ય પાસે જઈ વર્તમાન ધરાવ્યા. શ્રી નરનારાયણદેવ ના આજે તો અનેક આવા ઐશ્વર્ય છે.

સત્સંગ મહિમા

- ગોરધનભાઈ વી. ગીતાપરા (હીરાવાડી-બાપુનગર)

જગતમાં અસંખ્ય લોકો મંદિરોમાં ભગવત્ સ્વરૂપોના દર્શન કરે છે. સંત-મહાત્માઓના મુખેથી કથાવાર્તા સાંભળે છે. શાસ્ત્રો વાંચે છે, કંઈક અંશે ધર્મનું પણ આચરણ કરે છે અને ભક્તિ પણ કરે છે. પરંતુ આ બ્રહ્માંડની ઉત્પત્તિ થઈ ત્યારથી લઈને છેક સ્વામિનારાયણ સંપ્રદાયની સ્થાપના થઈ ત્યાં સુધી કોઈ ભક્તો 'સત્સંગી' તરીકે ન ઓળખાયા. પરંતુ સ્વામિનારાયણ ભગવાને પ્રગટ થઈને એવો તો જાદુ કર્યો છે કે આ સંપ્રદાયમાં કોઈપણ મુમુક્ષુ વિધિસર પ્રવેશ કરે અને સ્વામિનારાયણ ભગવાનની રચેલી શિક્ષાપત્રીની આજ્ઞાઓનું પાલન કરવા લાગે એટલે જગતમાં તે વ્યક્તિ 'સત્સંગી' તરીકે ઓળખાવા લાગે. એટલું જ નહીં પરંતુ સ્વયં સ્વામિનારાયણ ભગવાન પણ પોતાના આશ્રિત સત્સંગીનું કલ્યાણ કરવાની ગેરંટી આપે. આજ સુધી નો'તી દીઠી, નો'તી જાણી એવી રીત મહારાજે પ્રવર્તાવી.

શ્રીજીમહારાજે સ્થાપેલા આ સત્સંગમાં દેવ, આચાર્ય, સંત અને શાસ્ત્ર સ્વરૂપે મહારાજ હર હંમેશ પ્રગટ રહેલા છે. દેવ, આચાર્ય, સંત અને શાસ્ત્રની વ્યાખ્યા પણ સ્વયં મહારાજે આપણા શાસ્ત્રોમાં કરેલી છે. જે દરેક સત્સંગીએ અવશ્ય પણે જાણવી જોઈએ. જાણ્યા વિના 'આભાસી'નો સંગ કરવા લાગી પડે તો સંગ કરનારને એમ લાગે કે હું સત્સંગ કરું છું. પરંતુ કાળુપુર મંદિરના માજી મહંત પૂ. મોટા પી.પી. સ્વામીના શબ્દોમાં કહીએ તો ડુપ્લીકેટનો સંગ કરવાથી ચક ઉંધુ ફરવા લાગે. સત્સંગ એટલે સાચાનો સંગ, સત્સંગ એટલે સત્યનો સંગ. સત્સંગ એટલે સત એવા પરમાત્મા, સત્પુરુષો, સત્શાસ્ત્રો અને સદ્ધર્મનો સંગ. જીવના કલ્યાણ માટે સત્સંગ જેવું બીજું કોઈ સાધન નથી. માટે જ શ્રીજી મહારાજે સભાઓમાં, સત્શાસ્ત્રોમાં આ ચારેયનો ખૂબ મહિમા કહ્યો છે. સત્સંગનો આપણા દરેક શાસ્ત્રોમાં અનંત મહિમા કહ્યો છે. પરંતુ વિસ્તાર ભયથી મહામુક્ત સ્વામી શ્રીઆધારાનંદ મુનિકૃત શ્રી હરિચરિત્રામૃત સાગર ગ્રંથના આધારે આ લેખમાં સત્સંગ મહિમાનું થોડું આચમન કરીએ. આચમન કરતા ખ્યાલ આવી જશે કે મહિમાની દરેક વાતનું મૂળ અથવા કેન્દ્ર 'સ્વામિનારાયણ સત્સંગ' પરત્વે રહેલું છે.

તન, ધનાદિક તો અનંત જન્મમાં મળ્યા છે અને મળશે. પણ આવો સત્સંગ ક્યારેય મળ્યો નથી. અનંત કલ્પ ગયા, તેમાં એકવાર પણ જો સત્સંગ મળ્યો હોત તો જન્મ મરણ રહ્યું ન હોત. કોટિ સૂર્ય સમાન સત્સંગ શોભે છે. તેમાં અધર્મરૂપી ઉલુકને કાંઈ દેખાતું નથી. કોટિવાર મસ્તક જાય અને આખા બ્રહ્માંડનું રાજ્ય જતું હોય, છતાં પણ સત્સંગ આગળ તે સોંઘુ છે. ભવસાગર બહુ કાળથી ફરતાં ફરતાં અનેક દુઃખ સહન કર્યા. તેમાં જે સત્સંગ પ્રાપ્ત થયો તે કાંઠે આવ્યા સમાન છે. તેમાં સાવધાનપણે રહેવું. **તીર્થ, જપ, તપ કરે તો પણ ભવથી છૂટાય નહિ. છૂટવાનું એક જ દ્વાર છે સત્સંગ. તે વિના કોટિ ઉપાયે પણ બ્રહ્મલોક સુધી પહોંચે તો પણ ભવનો રોગ મટે તેમ નથી. સર્વત્ર કાળનું જોર છે. સત્સંગ કરતા જ તે સંસારના પ્રીતિરૂપી અંધ તમ નાશ પામે છે અને ત્યારે જ સત્સંગ વિનાનો બધો ભવસાગર ખારો લાગે છે.**

સત્સંગનો પ્રતાપ જોઈ બ્રહ્માદિક દેવો પણ આશ્ચર્ય પામે છે. અંગ્રેજો પણ કહેતા કે "સત્સંગ સમાન કોઈ નથી. અમને સત્સંગ બહુ ગમે છે. એટલો જ અમારો સત્સંગ છે. જેણે સત્સંગ કર્યો તેને અમે મનુષ્ય સમજીએ છીએ અને સત્સંગ વિનાના જનોને ગમાર અને ડુકર જેવા જાણીએ છીએ." સત્સંગમાં જે જનો રહ્યા છે તે શુદ્ધ વર્તનના તાનવાળા છે. સત્સંગ નેત્ર સમાન છે. તે પોતાને અહિતરૂપ હોય તેને સમાવી શકતો નથી. નેત્ર, કાન, નાક વગેરે સર્વ અંગોના આભૂષણ તરીકે સત્સંગને હરિભક્તોએ માન્યો છે. સત્સંગ વિના

તીર્થ, વ્રતાદિક અનેક ઉપાય કરે. વેદપુરાણ આદિક ગ્રંથો ભણે જગતનું જેટલું ચાતુર્ય કહેવાય તેટલું શીખે તો પણ સત્સંગ વિના તે ન કર્યા જેવું છે. સત્સંગ થયા વિના શ્રીહરિના અલૌકિક સુખની વાત જાણ્યામાં આવે નહિ. શ્રીહરિ કહે : કુટુંબ અને દેહમાં જેવી પ્રીતિ છે તેવી સત્સંગમાં કરવી. જેને આવી પ્રીત સત્સંગમાં થઈ છે તે જગત જીતી ગયા છે. કુટુંબ દેહને મિથ્યા જાણે તો સત્સંગમાં વિઘ્ન ન થાય. **સંતો અને હરિભક્તો હંસની જાતિ કહેવાય અને સત્સંગ તે માન સરોવર છે. તેમાં હરિચરિત્ર રૂપી મોતી છે તેનો જ રાત દિવસ ચારો કરવો એમ શ્રીહરિ વાત કરતા.** બ્રહ્માંડમાં સત્સંગ સમાન સાર ક્યાંય ન મનાય એવા વિચાર કરવા. જગતમાં સુંદરમાં સુંદર વિષયો પણ સત્સંગમાં ઉપયોગી ન બને તો તે વિઘ્નરૂપ છે. સત્સંગના જે નિયમ છે તે મોક્ષને આપનારા છે. નિયમરૂપે થઈને શ્રીહરિ સૌને વિષે રહ્યા છે. જેને સત્સંગ થયો છે તે આત્મા વિનાના બીજા સુખને દુઃખ રૂપે માને છે. સત્સંગ કર્યામા લેશ પણ દુઃખ નથી. જગતના કષ્ટ વિચારે તો સત્સંગ થતા વાર ન લાગે . લાભ અને અલાભ જે જાણે નહિ તેને સત્સંગ થાય નહિ. સત્સંગ કરતા ધન, તન, કુટુંબ નાશ થાય કે દેહમાં રોગ થાય તો પણ સત્સંગ દુર્લભ છે. સાચા સત્સંગી બાઈ ભાઈ સત્સંગની રીત વિનાના જે સંકલ્પ થાય છે તે ઝેર સમાન માને છે. અને હરિસંબંધી સંકલ્પને બ્રહ્મવિદ્યા સમાન માને છે.

આ વખતે જેણે સત્સંગ કર્યો છે તેને અમૂલ્ય અવસર પ્રાપ્ત થયો છે. સત્સંગ વિનાના ચતુર જનો હોય, તો પણ એકડા વિનાના મીંડા જેવા છે. ચાતુરી તો વિઘ્ન કર્તા છે. ચાર પ્રકારના પ્રલય પર્યન્ત વિઘ્ન છે. તે સત્સંગ વિના છૂટતા નથી. ચાર પ્રકારના પ્રલયમાં રાત દિવસ દુઃખ સહન કરે છે. સત્સંગ કરીને શુદ્ધ થાય ત્યારે એના અંતરપટ ખુલી જાય છે. મહારાજ કહે, સત્સંગની સેવા તે જ મોક્ષપદ છે. સત્સંગમાં સેવા કરે છે તેને ધામમાં જ દેખીએ છીએ. મહારાજ કહે, અમારા જે અક્ષરાદિ ધામ છે. તેનું સુખ અમે સંભારીએ તો અમારું દિલ અહીંયા ટકે નહીં. પણ મોટા મોટા ભક્તો સત્સંગમાં છે. તેમના હેત થી અમારો જીવ બંધાયો છે. તેથી વારંવાર ઉદાસી થવા છતાં સત્સંગ મૂકી જવાતું નથી. સત્સંગમાં મારો નિવાસ છે. **સત્સંગ કલ્પવૃક્ષ સમાન છે તેથી જેવું ચિંતવે તેવું સુખ દુઃખ આપે છે. જેની જેવી બુદ્ધિ હોય તે સત્સંગને તેવો દેખે છે. જે સત્સંગને મોક્ષરૂપ જુએ છે તેનો મોક્ષ અવશ્ય થાય છે.** સત્સંગનું એજ ફળ છે કે સંત હરિભક્તોનો ભાવ રહે અને તે નિત્ય નિત્ય વધતો રહે. સત્સંગ કર્યા વિના અજ્ઞાન ટળવું અશક્ય છે. અને અજ્ઞાન એ જ માનનું મૂળ છે. સત્સંગ કરે તો જ તે છેદાય. જે દાસ થઈને સત્સંગ કરે તેને માન આવે નહિ. બિલોરી કાચ જેવો નિર્મળ સત્સંગ છે. જેથી જેવુ રૂપ હોય તેવું તેને પ્રત્યક્ષ દેખાય છે. સત્સંગનો અભ્યાસ કરે તો તે દ્રઢ થાય. અને જન્મ મરણનો વ્યાધિ મટે, તે વ્યાધિ મટાડવા માટે જ ભગવાને મનુષ્યતન આપ્યું છે. વિવેકમાત્ર સત્સંગથી પ્રાપ્ત થાય છે. વિવેક વિના મોહ ક્યારેય પણ ટળે નહિ. મોહ ટળ્યા વિના કુસંગ મટે નહિ. કુસંગ હોય ત્યાં કામ-ક્રોધાદિક અધર્મનું કુટુંબ રહેલું હોય છે.

જ્યારે જગતમાં શ્રીહરિ અવતાર ધરે ત્યારે સત્સંગરૂપી બાગ રચે છે. તેમાં મુમુક્ષુરૂપી વિવિધ વૃક્ષો છે. અને સંતરૂપ માળી છે. તે તેમની રૂચિ અનુસાર જળ પાઈને પોષણ આપે છે. વેશ્યા નામ લેતા પણ દોષ લાગે તો પણ પિંગળા નામની વેશ્યા મંગળ કારી થઈ ગઈ. અજામિલનો પણ ઉદ્ધાર થયો. આવી સત્સંગની અગમ વાત છે. તે સત્સંગ વિના સમજણમાં આવે નહિ. સત્સંગ વિનાના બીજા મત મલિન થઈ ગયા છે. સત્સંગમાં તો શ્રીહરિએ પોતાના સામર્થ્યથી નિયમરૂપી વજ્રનો કોટ બનાવી અધર્મના દ્વાર બંધ કરી નિષ્કામ ધર્મને દ્રઢ કર્યો છે. સત્સંગ નિમિત્તે જેને દુઃખ આવે તેના ઉપર શ્રીહરિની કૃપા થાય છે. દુઃખ થવા છતાં સત્સંગ રાખે તે પરિપક્વ સત્સંગ ગણાય.

શ્રીહરિ કહે : પ્રવૃત્તિ ગમતી નથી, પરંતુ જ્યારે શિવના વચન સાંભળીએ છીએ ત્યારે સત્સંગ છોડી શકાતો નથી.

સત્સંગની સેવા તે ધ્યાન અને તપ તે કરતા અધિક છે. કોટિ વરસના તપ અને ધ્યાનથી જે ફળ થાય તે એક દિવસની સત્સંગ સેવામાં સમાઈ જાય છે. તેવો વિચાર કરીએ છીએ ત્યારે સત્સંગ વિના બધુ ખારું લાગે છે. રામાનંદ સ્વામી અમને વચન રૂપી દોરીએ બાંધી ગયા છે. અને બધા સાધનો કરતા સત્સંગ અધિક દેખાડ્યો છે. તે સિવાય રસને છોડીને ફૂચા ખાવા જેવું છે. સત્સંગથી જ મનોવાંછિત સુખ મનાય છે. પણ ધીરજ તજી દે તે દુઃખી થાય છે. સત્સંગ ને અમે કુટુંબ પરિવાર માન્યો છે. સત્સંગથી બીજું કાંઈ અધિક જાણતા નથી. સત્સંગથી ભગવાનનો અપરિમિત મહિમા સમજાય છે. આજે સત્સંગ કરે છે તે બડભાગી છે. પુરુષ પ્રકૃતિ સુધી સત્સંગ સમાન બીજું કંઈ નથી. **મોટા મોટા યજ્ઞ અને તપ કરે કે કરોડો તીર્થ કરે, પણ સત્સંગ મળવો દુર્લભ છે. શિવ, બ્રહ્મા જેવા સત્સંગને ઈચ્છે છે. માટે કઠણ દેશ કાળમાં પણ સત્સંગ તજવો નહિ. અનેકવાર ઈન્દ્ર બ્રહ્માના દેહ મળ્યા હશે, પણ સત્સંગ મળ્યો નથી. જેવો સત્સંગ હોય તેવા જ ભક્તિ ધર્માદિ ગુણો રહે છે.** જગતના અધિક સુખ દેખીને દીનપણું આવવા દેવું નહિ, કારણ કે સત્સંગમાં બધુંય રહેલું છે. ઈન્દ્રિયો અને વિષયોનો સંબંધ જ્ઞાનદ્રષ્ટિએ કરીને છોડી દઈ કેવળ પરમાત્મા તથા પરમાત્માના ભક્તને વિશે બાંધવો અને ધર્મ, ભક્તિ, જ્ઞાન, વૈરાગ્યના ગુણો સંપાદન કરવા તેનું નામ સત્સંગ છે. એ બધા ગુણો સત્ કહેવાય છે. ભગવાન અને તેમના ચરિત્રો પણ સત્ય છે. શ્રીહરિના સંબંધે કરીને થયેલા તીર્થ સત્ય છે. તેનો સંગ રાખવો તેનું નામ સત્સંગ કહેવાય.

સત્સંગના યોગ વિના મોહરૂપી અજ્ઞાન નાશ પામે તેમ નથી. સત્સંગના મહિમાનો પાર નથી. અમાયિક પદાર્થ માત્ર સત્સંગમાં રહ્યા છે. જે મોક્ષ કરનારા છે. પણ માયિક સમજણ વાળાને તે દેખાતા નથી. ચિંતામણિ સમાન સત્સંગ છે તે જેવી સમજણ હોય તે પ્રમાણે ફળ આપે છે. **સત્સંગરૂપી પુરમાં ભગવાનના અવતાર થાય છે. ભગવાનના ચરિત્ર, તીર્થ વ્રત વગેરે ઉત્તમ વસ્તુ સત્સંગમાં રહેલી છે. સત્સંગરૂપી નાવમાં બેસી ભવસાગર તરાય છે.** પરલોકમાં કોઈ સહાય કરી શકે તેમ નથી. સત્સંગ જ એક ત્યાં સહાયરૂપ થાય છે. તેમાં જેટલી કસર રહે છે. તેટલું પાછળથી પસ્તાવું પડે છે. સત્સંગમાં જ્યાં સુધી રસ જણાય નહિ ત્યાં સુધી નામમાત્ર સત્સંગી કહેવાય. **સત્સંગમાં બાળક હશે તેને માથેથી પણ જન્મ મરણને જમપુરી ટળી જશે કાળ અને માયા તેનું નામ લઈ શકશે નહિ.** સત્સંગ વિના મોક્ષરૂપી ગુણ પ્રાપ્ત થતો જ નથી. સત્સંગ ન કર્યો તો અપાર સમૃદ્ધિ મળે તો પણ રંકનો રંક જ રહે છે. સત્સંગ કરે તેને કાળ બચાવે છે. અને બીજાને કાળ ચાવી જાય છે. અપાર સાધન કરે પણ સત્સંગનો યોગ ન થાય ત્યાં સુધી પશુ બુદ્ધિ મટતી નથી. નિષ્કપટ થઈને તન, મન, ધનથી સત્સંગ કરે નહિ ત્યાં સુધી ગીંગાની ગોળી રૂપે કુસંગ રહ્યા કરે છે. **યવન જેવા જીવો નખશિખ સુધી પાપમાં ડૂબેલા હોય પણ તે જો સત્સંગને માર્ગે ચાલે તો બ્રાહ્મણ ને દેવથી પણ શુદ્ધ થઈ જાય છે. સત્સંગના યોગે કરીને પશુ, પંખી અને વૃક્ષ પણ દેવતાઓને પૂજ્ય બને છે.** સત્સંગ અને ભગવાન ત્રણ ગુણથી પર છે ને બ્રહ્માંડના સુખ માત્ર ત્રણ ગુણમય છે અને નાશવંત છે. પ્રહલાદ અને પ્રિયવ્રત જેવા રાજાઓએ સત્સંગ સંપાદન કર્યો છે. જેથી જન્મ મરણથી છૂટ્યા છે. સત્સંગ ન થાય તો વિઘ્નોનો પાર નથી. હરિભક્તોના વિઘ્ન બળી જાય છે. હનુમાનજી વાનર હોવા છતાં સત્સંગથી એવા મોટા થયા કે તેમનું નામ સાંભળી વિઘ્ન નાશ પામે છે. પદાર્થ માટે સત્સંગમાં રહે તેને પદાર્થ મળે છે. કારણ કે સત્સંગ કલ્પવૃક્ષ સમાન છે. સત્સંગ કર્યા વિના ક્યારેય ઉદ્ધાર થતો નથી. બધા સાધન સત્સંગમાં આવી જાય છે. સત્સંગનો દ્રોહ કરવાથી સુકૃત નાશ પામે છે. સત્સંગના દ્રોહથી વૃક્ષ, ઘાસ કે પથ્થરનો દેહ આવે છે. સારમાં સાર સત્સંગ છે. સત્સંગથી કાંઈ અધિક નથી. સંત હરિભક્તની સત્સંગના સંબંધે કરીને અપાર મોટપ છે. તે માયિક જનને દેખાય નહિ. સંત ને સત્શાસ્ત્રના અભ્યાસથી સત્સંગનો નાશ થતો નથી. સંતની સભામાં

બેસીને તેનો અભ્યાસ કરે તેને સત્સંગના મૂળ ઊંડા જાય છે. યજ્ઞ દાનાદિક કરી ઈન્દ્ર કે વિધિના લોકને પામે છે. પણ જ્યાં સુધી સત્સંગ નથી ત્યાં સુધી કાંઈ મેળવ્યું નથી. સત્સંગની એવી મોટપ છે. બધાય સાધનોનું ફળ સત્સંગ કરવો એ જ છે. સત્સંગ કરવામાં હિત છે અને કુસંગ કરવામાં અહિત રહેલું છે. નીતિમાન લોકો સત્સંગ કરીને સુખી થયા છે. સત્સંગ કરી જેવું વર્તે છે તેવું ફળ પામે છે. સત્સંગના યોગથી જેને જ્ઞાન થાય છે તે ચોરાશીના બંધનથી છૂટે છે. પુત્ર પરિવાર અને મન માન્યા વિષયો બધું સુગમ છે પણ સત્સંગ અને ભગવાન દુર્લભ છે. જેને આ વાત સમજાય તેના પુણ્યનો પાર નથી અને એ ન સમજાય ત્યાં સુધી કોટિ કોટિ સંપત્તિ હોય તો પણ અભાગી છે.

સત્સંગ, શ્રીહરિ અને સંત તો ચિંતામણિ અને કલ્પવૃક્ષ કરતા કોટિ ગણા અધિક છે. તેમનો મહિમા અપાર છે. સત્સંગ અને શ્રીહરિ સાથે જેટલો નિષ્કપટ સંબંધ અને વિશ્વાસ રાખે છે તેટલો જ તે હરિભક્ત કહેવાય છે. શાસ્ત્ર અને વિદ્વાન સત્પુરુષ તે બન્ને સત્સંગના દ્વાર છે. સત્સંગ અને ભગવાનની એક રીત છે. સત્સંગની પુષ્ટિથી ભગવાનની પુષ્ટિ છે. સત્સંગનું મન, કર્મ, વચને સેવન કરે નહિ ત્યાં સુધી સત્સંગના ગુણ આવે નહિ. સત્સંગમાં મોક્ષ પ્રગટ રહ્યો છે. પાપી હોવા છતાં સત્સંગમાં ભાવ હોય તેટલું તેને સુખ થાય છે. પ્રાકૃત જનોને સત્સંગ કરવામાં શરમ આવે છે. પણ બીજા કાર્યમાં લાજ આવતી નથી. કે જેનાથી પોતાનુ કામ બગડે છે. ફાવે તેવો બુદ્ધિમાન હોય પણ સત્સંગથી દૂર રહે તો ભવ ભટકણનું અપાર દુઃખ તેને મટતું નથી. બુદ્ધિનું ફળ સત્સંગ મેળવવો એ જ છે. સત્સંગ કરીને જેની બુદ્ધિ ફરી જાય છે તેને સત્સંગ કરવામાં જ ફેર છે. દિવસે દિવસે ચઢતો રંગ રહે એનું નામ જ સત્સંગ કર્યો કહેવાય. કેવળ સત્સંગે કરીને જ સાચું જ્ઞાન થાય છે અને જગતના સુખમાં દુઃખ મનાય છે. અને ભગવાનના સુખમાં નજર પહોંચે છે. મહારાજે સ્થાપેલા સત્સંગમાં નંદ સંતો પૈકી કેટલાક સંતો અક્ષરધામમાંથી, કેટલાક ગોલોકમાંથી તો કેટલાક સંતો વૈકુંઠધામમાંથી મૃત્યુલોકના જનોના હિતને માટે આ ભૂમિ ઉપર પધાર્યા હતા. અનંત કોટિ બ્રહ્માંડના પદાર્થ મળવા સુગમ છે પણ સત્સંગ મળવો દુર્લભ છે. સત્સંગનું જ્ઞાન જ્યારે યથાર્થ સમજાય છે ત્યારે માયિક વસ્તુઓ મળ સમાન લાગે છે. નરનારીઓ ઠગ તથા સિધ્ધ લોકોની માયાજાળમાં ફસાય જાય છે. જ્યારે તેને સત્સંગ થાય છે ત્યારે તેઓને માનતા નથી. સત્સંગરૂપ ચિંતામણિનો મહિમા ન સમજાય તો બાળબુદ્ધિ કહેવાય. મનુષ્યનું તન ચિંતામણિ સમાન છે. છતાં સત્સંગ વિના વ્યર્થ નષ્ટ થઈ જાય છે. બ્રહ્મા, શિવ જેટલી મોટપ પામે પણ સત્સંગથી અધિક કાંઈ નથી. જેને સત્સંગનો ગુણ આવે છે તેના ધન્ય ભાગ્ય છે.

શ્રીહરિ કહે, કલ્યાણના પ્રવાહ માટે નિયમની એક સડક બનાવી બધા શાસ્ત્રોના સાર રૂપ મોક્ષ પરાયણ વચન તેમાં અમે જડી દીધા છે અને તેમાં વિઘ્નરૂપ કુમાર્ગ પણ દેખાડી દીધો છે. પણ સત્સંગરૂપ સડક અમે બાંધી છે તેથી બ્રહ્માંડ રહે ત્યાં સુધી કલ્યાણનો પ્રવાહ ચાલશે. મહારાજ કહે, સત્સંગમાં અમે આવ્યા તેમાં પહેલા ચાર વર્ષ સોરઠમાં રહ્યા. તેમાં દસ માસ લોજમાં મુક્તમુનિ પાસે રહ્યા ને તેમની મન કર્મ વચને સેવા કરી. પછી બીજા તીર્થોમાં વિચર્યા. અમને બધા તીર્થોના ફળરૂપે સત્સંગ પ્રાપ્ત થયો. સત્સંગને અમે ચિંતામણિ સમાન માન્યો. અમારે જેવો ભાવ હતો તેવો જ સત્સંગ મળી ગયો.

સત્સંગ વિના ચોરાશીના ફેરા મટવાના નથી. જન્મ મરણનું દુઃખ મટતુ નથી. સત્સંગમાં આલોક અને પરલોક બન્નેના સુખ રહેલા છે. સંત ને માનવાથી સુખી થવાય છે. સત્સંગની વૃદ્ધિનું કારણ સંત છે. આપણા સંપ્રદાયના સત્સંગની ગુપ્ત શરૂઆત આત્માનંદ સ્વામીએ કરી. તેમનાથી રામાનંદ સ્વામીએ સત્સંગનું મૂળ જમાવી પોષણ કર્યું. શ્રીહરિએ તેના પાયા અચળ કર્યા ને સત્સંગરૂપી અલૌકિક પુર રચ્યું. ને ધર્મ નિયમ રૂપી કોટ કર્યા. તેમાં શ્રીહરિની વાતરૂપી ધનનો ઘણો ખર્ચ થયો. ને મોક્ષના ખપ રૂપી દ્વાર મૂક્યાં. સત્સંગમાં સુખમાત્ર રહ્યા છે. બીજે

બધે દુઃખ છે. સત્સંગ કરે છે તેનો દોષ ભગવાન માફ કરે છે. ચક્રવર્તીનું રાજ્ય મળે તો પણ દુઃખનો અંત આવે તેમ નથી. બ્રહ્માંડના રાજ્ય કરતા સત્સંગમાં કોટિગણું સુખ છે.

મુક્તમુનિ કહે કે "સત્સંગમાં ત્યાગી છે તેવા કોઇ બ્રહ્માંડમાં નથી. બ્રહ્માંડના ભૂષણરૂપ છે. ભૂષણમાં ભૂષણ સત્સંગ છે. તેનું ભૂષણ સંત છે ને સંતનું ભૂષણ ભગવાન છે. માટે ભગવાનનું વચન સર્વોપરિ કહેવાય. મનમુખી વર્તે તેનો દુઃખ થાય. સત્સંગની રીતે ન ચલાય તો ત્યાગી થયા તે ન થયાં જેવું છે. ભગવાન મળે પણ રીતમાં ન ચાલે તો દુઃખ મટે નહિ પોતાનો દોષ દેખાય ત્યારે દુઃખ ટળે અને સત્સંગમાં નભાય." સંત સમાગમ અને સત્સંગથી સત્યાસત્યનો વિવેક સમજાય છે અને તેનાથી અંતર શુદ્ધ થાય છે. સત્સંગ સાચો છે છતાં કુસંગમાં ગુણ મનાય, ત્યાં સુધી સત્સંગનો લાભ થતો નથી. જોબનપગીને સત્સંગ થયા બાદ તેમણે અન્ય કેટલાક ચોરોની ચોરી છોડાવી હતી ને સત્સંગ થતાં અન્ન વસ્ત્રનો પાર રહ્યો નહિ. અન્ન, વસ્ત્ર અને આબરુંનું સત્સંગીને મહારાજે વચન આપેલું છે. સત્સંગનો યોગ અને ભગવાનના નિશ્ચય વિના ફાવે તેવાં નિયમ રાખે પણ કુસંગમાં ગણાય. **નિષ્કપટ સત્સંગ જેણે કર્યો એવા વિપ્રોથી આરંભીને શ્વપચ પર્યંત ભક્તોને અંત સમયે ભગવાન દર્શન દે છે. તેને કેટલાક પ્રત્યક્ષ દેખે છે. પોતે કુકર્મી હોય પણ સત્સંગનો તથા ભગવાન અને સંતનો પક્ષ રાખી અન્ન, ધન કે વસ્ત્રથી સહાય કરે છે તો તેની પણ વિકટ સમયે રક્ષા થાય છે.** સત્સંગ કરીને સત્સંગથી જે કાંઇ બીજુ હોય તેને અધિક ન માને તેને પુરો સત્સંગ થયો કહેવાય. સુંદરીયાણાના વણિક હેમરાજ શાહ સત્સંગી થયેલા. સત્સંગ થયા પહેલા તેઓ સમર્પણી વૈષ્ણવ હતા ને ધંધુકાના વૈષ્ણવ સમાજના અગ્રેસર હતા. વૈષ્ણવની રીત કરતાં સત્સંગની રીત કોટીગણી સારી તેમણે દીઠી. સત્સંગ સર્વોપરી છે. સત્સંગ વિનાના જનો મનમાં પોતાને ફાવે તેટલું અધિક માનતા હોય પણ તેથી અધિક થઈ જતા નથી. સત્સંગ વિના જે અજ્ઞાનરૂપી તમ છે તે બ્રહ્મા જેવા હોય તેને પણ દેખાતું નથી તો બીજા જીવનું શું લેખું !

જેમાં જેવો ગુણ દેખાય છે ત્યાં તે પ્રમાણે માણસો ખેંચાય છે અને જ્યાં ત્યાં દોડે છે. પણ સત્સંગમાં તેવી રીતે દોડતા નથી. મોક્ષમાર્ગીજનો તો સત્સંગમાં જ દોડે છે. **સત્સંગ કરે તેની કોઇ જગતમાં પ્રશંસા કરતું નથી. કારણ કે વ્યસનમાં ડૂબેલા લોકોને સત્સંગ ગમતો નથી. પણ સત્સંગ કર્યા વિના ફાવે તેવો ગુણવાન હોય તો પણ મોક્ષ થવો કઠણ છે. સત્સંગરૂપી ઘીનું કારણ યથાર્થ જ્ઞાન છે. સુખ માત્રનું મૂળ ભગવાન છે. સત્સંગની વાત છે તે મોક્ષભાગી જનોને માટે છે. સ્વાર્થને માટે નથી. સત્સંગ કર્યા વિના આખા બ્રહ્માંડનું રાજ, ધન કે સુખ પામે તો પણ કાંઇ નથી. સત્સંગ કરતા રોકે તે બ્રહ્મા જેવો હોય તો પણ અસુર જેવો કહેવાય. સત્સંગથી દર્પણમાં જેમ મુખ દેખાય છે તેમ પોતાનું અંતર ઓળખાય છે.** સત્સંગના સંતની આગળ બીજા સંતોમાં રાત ને દિવસના જેટલો ફેર છે. સત્સંગના સંતોને ધર્મ ઉપર તાન હોય છે. જેના ભાગ્ય ઉદય થયા હોય તેનાથી જ સત્સંગને માટે કરવાનું કાંઈક બની શકે. આવો અવતાર આવા ભક્તોને આવા સંતો ક્યારેય થયા નથી. જેણે એવા સત્સંગનો લાભ લીધો નહિ તેના જેવો કોઈ દુર્ભાગી નથી. સત્સંગમાં સત્શાસ્ત્રના વચનનું પ્રતિપાદન કર્યું છે. બ્રહ્માંડમાં સત્સંગ સમાન બીજું કોઈ નથી એમ શાસ્ત્રની દૃષ્ટિએ કરીને દેખાય છે. વિવેક વિનાની બધી જ વાતો વ્યર્થ છે. વિવેકનું ફળ એજ છે કે તેને સત્સંગ સિવાય અન્યમાં ભાવ રહેતો નથી. જે સંપ્રદાય તથા મતપંથીઓ ધન અને નારીમાં જ અપાર સુખ માને છે. તેઓ 'ભવ ભટકણ કરાવનાર છે' એમ સત્સંગથી દેખ્યામાં આવે છે. સત્સંગથી જ સત્ અસત્ વાતનો વિવેક ઉત્પન્ન થાય છે. સત્સંગ કરે તેને તો જમદૂતો પણ સહાય કરે છે. કાળ, માયા, કર્મ, યમદૂત જે મહાભંયકર છે તે અનંત બ્રહ્માંડનો નાશ કરનારા છે. એમ સત્સંગ થયો હોય તે જન જાણી શકે

છે. સત્સંગ વિનાના જનોને તે વાત સમજાતી નથી. હરિભક્તને શરીર સંબંધી કે જગત સંબંધી ફાવે તેવું દુઃખ આવે તો પણ સત્સંગના સુખે કરીને પોતાને દુઃખી માનતો નથી. શ્રીહરિએ પ્રગટ થઈને સત્સંગની જેટલી મોટપ છે તેટલી પ્રગટ કરી છે ને બધી નિર્દોષ વાતોનો સંગ્રહ કર્યો છે.

સત્સંગનું ફળ ભગવાનનું ધામ છે. સત્સંગમાં ચોરી, પરસ્ત્રી, દારૂ, માંસ, અફીણ, હુક્કા વગેરે દુઃખદાયી વસ્તુનો ત્યાગ કરી ભગવાનમાં પ્રેમ કરવાનું કહ્યું છે. ભગવાનનાં કથા કીર્તનનું વ્યસન રાખવાનું પ્રતિપાદન છે. અને બૂરા માર્ગ માત્રનો ત્યાગ કરવાનું કહ્યું છે. સત્સંગમાં ધર્મનો સંબંધ છે. ધર્મનો ત્યાગ કરે તો સંબંધ કોઈ રાખે નહિ. નારી ધનાદિકમાં સુખ મનાય છે ત્યાં સુધી દુઃખનો અંત આવતો નથી. સત્સંગ વિના એવી સમજણ આવવી બ્રહ્મા જેવાને પણ કઠણ છે. જળમાં રહીને કોરા રહેવું તે નાવ વિના બને નહીં. **સત્સંગની વાત તે નાવરૂપ છે. સત્સંગની વાત વિષયમાં દુઃખ દેખાડે છે ને ભગવાનમાં સુખ દેખાડે છે. અનંત શરીર ધારીને વિષયમાં જીવ વળગ્યો રહ્યો છે, પણ સત્સંગ વિના તેની અરૂચિ થઈ નથી.** જેને સત્સંગ ઉપર ભાવ થાય તેને તેટલો ખપ ગણાય. ખપ વિનાનાને સદાય વિઘ્ન રહે છે અને તેનો સત્સંગ રહેતો નથી. કોટિવાર મસ્તક જાય તોય પણ સત્સંગ તજવો નહિ. સત્સંગ નિમિત્તે ફાવે તેવું દુઃખ આવે પણ સત્સંગને દુઃખથી દુર્લભ ગણવો. સત્સંગ વિના વેદ પુરાણ ભણે તો પણ તેની બુદ્ધિ વ્યર્થ છે. **જે સત્સંગ કરે છે તે વેદ પુરાણ ભણી રહ્યો છે અને બધાં સાધન તેને પૂરા થયા છે.** સત્સંગ કરી નિયમ રાખે છે તે જમપુરીને ચોરાસીથી છૂટી ભગવાનના દિવ્ય ધામમાં જાય છે. ત્યાંની સમૃદ્ધિ અને સુખનું વર્ણન થઈ શકે નહિ. એ તો અનંત અને દિવ્ય છે. આ સત્સંગ દિવ્ય છે. તેની દરેક વાત ચમત્કારિક છે. સત્સંગ વિનાના બીજા મતમાં વ્યભિચાર રહેલો છે. ઉપરથી વૈષ્ણવતાં બતાવે પણ નારીને જોઈને ચલિત થઈ જાય છે. સત્સંગની પ્રથા જેવી પ્રથા ક્યાંય નથી. સત્સંગમાં મળતી આવે એટલી વાત તે રીત સત્ય છે. સત્સંગનો દ્રોહ કરે તેને તરત અહીંયા ફળ મળી રહે છે. સત્સંગનો દ્રોહ કરતો રહે તે ફાવે તેવો મોટો હોય તો તેનો પણ વંશોચ્છેદ થાય છે. જેટલો સત્સંગનો સત્કાર થાય છે તેટલું સુખ થાય છે. સત્સંગ વિના જીવનો ઉદ્ધાર કોઈ રીતે થાય નહિ અને કુસંગ પણ ઓળખાય નહિ. સત્સંગના પ્રતાપનો પાર નથી. આ સત્સંગરૂપી ભાગવત ધર્મ સૌથી શ્રેષ્ઠ છે. જેમાં ભગવાનની પ્રસન્નતા ઈચ્છવામાં આવે છે. જેને લીધે અંતરમાં ભગવાન અખંડ નિવાસ કરે છે. **જેને સત્સંગનો જોગ થયો છે તેના ભાગ્યનો પાર નથી. જાણે અજાણે સત્સંગ કે સંત હરિભક્તનો ભાવ આવશે કે એકવાર માથું નમાવશે તો કોટિ કલ્પના યજ્ઞથી પણ વિશેષ ફળ મળશે.**

ઉદ્ધવજી ભગવાનનો મહિમા સમજતા તેનાથી પણ અપાર મહિમા ભગવાન અને સત્સંગનો છે. સત્સંગની બધી જ વાર્તાઓ તથા ક્રિયાઓ જન્મ મરણથી મુકાવનારી છે. શ્રીહરિમાં જ ચિત્ત ચોંટાડવું તે સત્સંગનો મુખ્ય સિદ્ધાંત છે. જેને સત્સંગ પર રૂચિ થાય છે તેના અનંત જન્મના પાપ નાશ પામી જાય છે. મૃત્યુ મટે તેવી રીતે ચાલ્યા વિના મૃત્યુ મટતું નથી. મૃત્યુ મટાડવાનો ઉપાય એક સત્સંગ જ છે. અપાર જન્મનું તથા મૃત્યુનું બીજ સત્સંગ વિના બીજાથી બળતું નથી. ભગવાનને ભગવાનના ભક્ત, ભગવાનનું ધામ ને સત્સંગ એ વિના બ્રહ્માંડના અપાર વૈભવ હોય તે બધા વિઘ્ન કર્તા છે ને મૃત્યુથી નાશ પામનારા છે, એમ જાણીને સત્સંગ કરે તેને સત્સંગી કહેવાય. નામ માત્ર સત્સંગથી માયિક સુખ પામે છે. સત્સંગના મૂળરૂપ બાઈ ભાઈ હરિભક્તો, સંતોને મંદિર છે. તેની જે ભાવથી સહાય કરે તે હરિના ધામમાં જાય છે. સત્સંગ ઉપર જેટલો ભાવ હોય તેટલું શ્રીહરિ અંતરમાં સુખ આપે છે. શ્રીહરિ ચરિત્રામૃત સાગર ગ્રંથના આધારે આ લેખમાં સત્સંગ મહિમાના મોટા ભાગના વાક્યો આપણા ઈષ્ટદેવ શ્રીહરિના છે. હવે બીજા શાસ્ત્રો ખોલીએ તો સત્સંગનો મહિમા લખતા પાર આવે નહિ. શ્રીજી સ્થાપિત

(અનુસંધાન પાના નં ૧૭ ઉપર)

વચનામૃત ગ.પ્ર. ૪ નો સાર્યાંશ

- પ્રો. મહાદેવ ધોરિયાણી (રાજકોટ)

જો ઈર્ષા કરવી તો નારદજીના જેવી કરવી. તુંબરુ ગાનવિદ્યામાં અતિ પ્રવીણ હતા, નારદમુનિને થયું કે હું પણ શા માટે ગાનવિદ્યામાં પારગંત ન બનું ? આખરે તેમણે સાધના કરી અને ગાનવિદ્યામાં સિદ્ધિ પ્રાપ્ત કરી. આ ઘટનાને શ્રીજી મહારાજે આ વચનામૃતમાં સુંદર રીતે વણી લીધી છે.

ભગવાનનો ભક્ત હોય તેણે અન્યોન્ય ઈર્ષા ન કરવી જોઈએ. ઈર્ષા કરવી તો નારદજીના જેવી કરવી. એક વખત નારદજી અને તુંબરુ વૈકુંઠમાં લક્ષ્મીનારાયણનાં દર્શન કરવા ગયા. તુંબરુએ લક્ષ્મીનારાયણ સમક્ષ ગાન કર્યું. ભક્તિના તંબૂરથી ટપકતા ભક્તિના રંગથી સૌ કોઈ રંગાયા ! આથી લક્ષ્મીજી તથા નારાયણ અતિ પ્રસન્ન થયાં અને તુંબરુને વસ્ત્રાલંકાર પ્રદાન કર્યા. આ જોઈને નારદજીને તુંબરુ ઉપર ઈર્ષા આવી જે, હું તુંબરુના જેવી ગાનવિદ્યા શીખું ને ભગવાનને પ્રસન્ન કરું, ગાનવિદ્યા શીખ્યા પછી નારદજીએ ભગવાન સમક્ષ ગાન કર્યું.

ભગવાને કહ્યું : "હે મુનિવર્ય ! તમને તુંબરુના જેવું ગાતાં નથી આવડતું. આથી તપ દ્વારા શિવજીને પ્રસન્ન કરીને વરદાન મેળવી ગાનવિદ્યા શીખ્યા. નારદજીને થયું કે, તપ માત્ર વિશુદ્ધિનો જ માર્ગ નથી. પરંતુ સિદ્ધિનો પણ રાજમાર્ગ છે. તપ અને સંયમ વડે થતાં સર્વ કાર્યો સત્કાર્યો જ બની રહે છે. તપ અને તિતિક્ષા વગર મોહમાયા છૂટતા નથી. તપ કરનાર દેહથી કૃશ થાય પણ ભાવથી પુષ્ટ બને છે. માટે જ કહ્યું છે કે,

"તન પવિત્ર સેવા કીયે,
ધન પવિત્ર કર દાન,
મન પવિત્ર હરિભજન કરે,
હોત ત્રિવિધ કલ્યાણ."

ત્રણ બાબતની ઓછપ ને ત્રણનો અતિરેક ભયાનક સમજવો :
(૧) જાણીએ થોડું પણ બોલીએ ઝાઝું.
(૨) ધન હોય થોડું ને ખર્ચ રાખે ઘણું.
(૩) લાયકાત હોય આછી ને 'અહં' હોય વધું.

શિવજીને પ્રસન્ન કરી ગાન વિદ્યા શીખ્યા પછી ભગવાન આગળ ગાન કર્યું, પરંતુ ભગવાન એમની ગાનવિદ્યા ઉપર પ્રસન્ન ન થયા. એવી રીતે સાત મન્વન્તર સુધી ગાનવિદ્યાને ભગવાન આગળ ગાતા રહ્યા, પણ ભગવાન પ્રસન્ન ન થયા. આથી તુંબરુ પાસે તેમજ રુકમણી આદિક અષ્ટ પટરાણીઓ પાસે શીખ્યા અને ભગવાન શ્રીકૃષ્ણ સમક્ષ ગાન કર્યું, તેથી ભગવાન પ્રસન્ન થયા અને પોતાનાં વસ્ત્રાલંકાર નારદજીને ભેટરૂપે આપ્યાં.

ત્યાર પછી નારદજીએ તુંબરુ સાથે ઈર્ષા કરી નહિ. તાત્પર્ય એ છે કે, ઈર્ષા કરવી તો એવી કરવી જે જેની ઉપર ઈર્ષા હોય તેના જેવા ગુણને ગ્રહણ કરવા અને પોતાના અવગુણને ત્યજી દેવા. ઈર્ષ્યાએ કરીને ભગવાનના ભક્તનો દ્રોહ થાય તેવી ઈર્ષાનો તો ભગવાનના ભક્ત હોય તેણે સર્વ પ્રકારે ત્યાગ કરવો.

પ્રસ્તુત વચનામૃતનું તારતમ્ય એ છે કે, "નમે તે સૌને ગમે." માટે નિર્માની થઈને ગુણવાન પાસેથી તેના ગુણ ગ્રહણ કરવા. નમસ્કાર કરવા યોગ્યને નમવામાં જ્યાં સુધી નાનમ લાગે ત્યાં સુધી અંતરમાં નિર્મળતા પ્રગટે નહિ. ટૂંકમાં, ગુણગ્રાહી બનવું પણ ગુણવાનનો કે ભગવાનના ભક્તનો દ્રોહ થાય તેવી ઈર્ષા તો કદાપિ ન કરવી.

"યથાર્થ ઈર્ષાવાળો જે હોય તે તો કોઈની મોટાઈને દેખી શકે નહિ. (સા.૮)

નારદજી અષ્ટપટરાણીઓ પાસેથી એ શીખ્યા કે આત્મશ્લાઘા કદી ન કરવી : "સ્વશ્લાઘા સ્વ મુખેન ચ ।" પોતાને મુખે કરીને પોતાના વખાણ ન કરવાં માટે જ કહ્યું છે કે :-

"શરીરમાં રોગનો પ્રવેશ માનવીને
રોવડાવે છે,
મનમાં અહમનો પ્રવેશ માનવીને
રખવાડે છે,

હૃદયમાં પ્રશંસાનો પ્રવેશ માનવીને હાર ખવડાવે છે.''

પટરાણીઓએ નારદજીને એવી યુક્તિ-પ્રયુક્તિ શીખવી હતી કે, ભગવાનને પ્રસન્ન કરવા, તેમની પ્રસન્નતા પ્રાપ્ત કરવી એ અનિવાર્ય છે. માટે અતિ નિર્માની થઈને પ્રસન્નતાને અર્થે ગાશો તો ભગવાન જરૂર રાજી થશે. જીવનનાં મૂલ્યોના આચરણથી, ધર્મથી અને શ્રીહરિની પ્રસન્નતાથી જે પ્રાપ્ત થાય છે તે છે શાંતિ, સ્વસ્થતા સરળતા, શુદ્ધિ, પ્રસન્નતા અને સિદ્ધિ ! આત્મપ્રશંસા કરવી એ અનુચિત પ્રવૃત્તિ છે. ''ઈર્ષા કરવી તો નારદજીના જેવી કરવી'' એમ મહારાજે એટલા માટે કહ્યું છે કે, જેમ ઊધઈ ધીરે ધીરે દરેક વસ્તુને સડેલી બનાવી દે છે, તેમ ઈર્ષા માનવીની કાયાને ધીરે ધીરે ખાઈ જાય છે.

''જેના હૃદયમાં માન હોય તે માનમાંથી ઈર્ષા પ્રવર્તે છે, અને ક્રોધ, મત્સરને અનસૂયા તે પણ માનમાંથી પ્રવર્તે છે. ટૂંકમાં પોતાથી જે મોટા હોય તો પણ તેનું જ્યારે સન્માન થાય ત્યારે તેને દેખી શકે નહિં. આ છે ઈર્ષાનું રૂપ. (સા.૮).

કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર - એ શરીરના શત્રુઓ છે, ઈર્ષા પણ એ વિભાગની સહચરી છે. અહંકાર, ઈર્ષા અને દેહાભિમાન એ પણ અંતઃશત્રુ છે. ક્રોધી, ઈર્ષાળુ, કપટી અને માની આ ચાર પ્રકારના મનુષ્યો સમાજમાં અનુકૂલન સાધી શકતા નથી, તેમને કોઈની સાથે બનતું નથી.

'ઈર્ષાળુ' એટલે અદેખો. અ+દેખો અર્થાત્ છતી આંખે જેને દેખાતું નથી તે અદેખાઈના પડળ આંખે ચડી જવાથી આંખ છતાં આંધળો એવું અર્થઘટન કરી શકાય.

ઈર્ષા મનની નાનપ બતાવે છે. ઈર્ષાળુ અને અહંકારીના મનમાં કૃતજ્ઞતા વસતી નથી. અદેખાઈનો અજગર સંપનો કોળિયો કરી જાય છે ! ઈર્ષા એ પાપનું મૂળ છે અને તે વિનાશ નોંતરે છે. વેર થવાનું કારણ એ જાતિગત દ્વેષ છે. ઈર્ષાળુ વ્યક્તિ હમેશાં ગુમાની હોય છે. તે પોતાને જગતમાં સર્વશ્રેષ્ઠ માને છે. કીડી જો હાથીના મણની દ્વેષતા કરે તો શું કીડીનું ગજું મણનું છે ?

ઈર્ષા એ અંતરમાં જલી રહેલી સૂક્ષ્મ અને ભીષણ આગ છે. સ્થૂળ આગ તો ક્રમે ક્રમે ઓલવાઈ પણ જાય, પણ આ ઈર્ષારૂપી સૂક્ષ્મ આગ ઓલવાવી દુષ્કર છે.

આ ઈર્ષાની આગનો સપાટો એવો તો જબરો છે કે, તે તેમાં સપડાયા પછી બુદ્ધિ કે બળ બુઠ્ઠા થઈ જાય છે. આ આગના સપાટામાં કૈકેયી આવી ગઈ હતી. આ આગની ચિનગારી પ્રગટાવી હતી મંથરાએ, ઈર્ષાની આગનો અંજામ એ આવ્યો કે શ્રીરામચંદ્રને રાજ્યાભિષેકને બદલે વનવાસ મળ્યો !

અંતરના અતળ ઉંડાણમાં પ્રગટેલી આગ પ્રેમજળથી જ ઓલવાઈ શકે છે. પણ આ પ્રેમરૂપી અમૃત સરખા પવિત્ર જળને આપણે ઓળખતા શીખી લેવું જોઈએ. આ પરમ પવિત્ર જળ છે સત્સંગ ! સત્સંગ દ્વારા મનનો મેલ ધોવાય છે. સંત તુલસીદાસજી કહે છે :

''કંચન તજવો સહજ હૈ,
સહજ પ્રિયા કો સ્નેહ,
માન બડાઈ ઈર્ષા,
તુલસી દુર્લભ એહ.''

(પાના નં ૧૫નું ચાલું)

સત્સંગ મહિમા

સત્સંગમાં શ્રીજી મહારાજ પ્રગટપણે રહેલા છે. તેથી આપણો સત્સંગ પણ પ્રગટ છે. સત્સંગનો મહિમા પણ પ્રત્યક્ષ છે. ઉધારાની વાત નથી.

આપણા ઈષ્ટદેવ સ્વામિનારાયણ ભગવાન સર્વોપરિ છે. સ્વામિનારાયણ ભગવાને સ્થાપેલા સ્વસ્વરૂપ નરનારાયણ, લક્ષ્મીનારાયણ આદિક દેવો, બે ગાદીના ધર્મવંશી આચાર્યશ્રી, તથા મૂળ સંપ્રદાયના સંતો અને શાસ્ત્રો સર્વોપરી છે. આપણો ભાગવત્ ધર્મ સર્વોપરી છે. તેથી જ આપણો સત્સંગ સર્વોપરી છે. આ બધો યોગ આપણને મળ્યો છે. તેથી જ આપણને મૃત્યુલોકના માનવીઓ તથા સ્વર્ગલોકના દેવતાઓ પણ 'સત્સંગી' તરીકે ઓળખે છે. સત્સંગી હોવાના નાતે સત્સંગ કરીએ અને અન્યને કરાવીએ જેથી મહારાજ અને પ.પૂ. મહારાજશ્રી આપણા ઉપર નિત્ય નિત્ય નવીનપણે રાજી થતા રહે એજ શ્રી નરનારાયણદેવના ચરણોમાં પ્રાર્થના.

રસના ઈન્દ્રિયને જીતવી

- વિદ્યાર્થી સાધુ ભક્તિકિશોરદાસ
ગુરુ હરિપ્રકાશદાસજી
(જેતલપુર - સંસ્કૃતપાઠશાળા)

કળિયુગનો જીવ પોતાના આત્માનું કલ્યાણ સાધવા માટે આમ-તેમ ભટકતો હોય છે. પરંતુ તે પોતાની ઈંદ્રિયોને જીતતો નથી. તેથી કલ્યાણ મળતુ નથી. ભગવાન સ્વામિનારાયણે શિક્ષાપત્રીના ૧૮૯માં શ્લોકમાં આ વાતને દોહરાવી છે.

सर्वेन्द्रियाणि जेयानि रसना तु विशेषतः ।
न द्रव्यसंग्रहः कार्यः कारणीयो न केनचित् ॥

કહેતા સર્વે ઈન્દ્રિયોને જીતવી અને રસના ઈન્દ્રિય ને તો વિશેષ કરીને જીતવી. કારણ કે સર્વે ઈન્દ્રિયોમાં રસના જીતવી કઠણ છે. અને એક રસના ઈન્દ્રિય જીતાય તો બધી જ ઈન્દ્રિયો મન સાથે જીતાય.

સામાન્ય રીતે ઈન્દ્રિયો કેવી રીતે જીતાય છે ? કંઈ આંખે પાટા બાંધી રાખવાથી આંખ જિતાતી નથી. કાનમાં બુચ લગાવી દેવાથી કાન જીતાતા નથી. જો ઈન્દ્રિયોને જીતવી હોય તો વિચાર અને વિવેકથી જીતાય છે. ઈન્દ્રિયોનો ધર્મ છે કે પોતાના વિષય તરફ થાય કોઈપણ સારા-નરસાં દૃશ્ય તરફ આંખ જશે. શબ્દ આવતા હશે તો કાનની વૃત્તિ જશે. તો આવા વખતે દરેક પુરુષોએ પોતાની ઈન્દ્રિયોની વૃત્તિ જેમ તેમ પ્રત્યાહાર કરી પાછી ખેંચી લેવી.

પરંતુ આપણે તો રસના ઈન્દ્રિય વિશે વાત કરવાની છે. રસના એટલે રસાસ્વાદ જીતવી. સદ્‌ગુરુ શતાનંદ સ્વામી કહે છે કે *"जीतं सर्वं जीते रसे"*

જેણે રસને જીત્યો તેણે બધું જ જીત્યું. રસના ઈન્દ્રિય કેવી રીતે જીતવી ? જે સમયે જેવું મળે તેવું ખાઈને ચલાવી લે તો રસના ઈન્દ્રિય જીતાય પરંતુ અમુક વિના ચાલે જ નહી..અને જીવના સ્વાદને ખાતર ખાય તો આખો દિવસ આળસ ચડે અને શરીર પણ બગડે. મોટા ભાગના મનુષ્યો સ્વાદ માટે જ ખાતા-પીતા હોય છે. પેટનો ખાડો પૂરવા ખાનારા બહુ ઓછા હોય છે. ઘણા લોકો જીવવા માટે ખાય છે. ઘણા ખાવા માટે જીવે છે. તે તો મૂર્ખ છે.

ભગવાન શ્રીકૃષ્ણે ગીતાજીમાં કહ્યું છે તેમ ઈન્દ્રિયોને આહાર નહિ આપનારાની ઈન્દ્રયો વિષયથી નિવૃતિ થાય છે. માટે ઉપવાસ કરીએ છીએ ત્યારે તો ઈન્દ્રિયો મંદ પડી જાય છે. કારણ કે ખોરાક મળતો બંધ થયો. ભગવાનનું દર્શન એજ રસની નિવૃત્તિમાં સહાય કરે છે. જ્યારે ભગવાનનો યથાર્થ મહિમા સમજાય ત્યારે ઈન્દ્રિયોને પોતાના વિષયમાં રાગ રહેતો નથી.

નિષ્કુળાનંદ સ્વામી ભક્ત ચિંતામણીના ૧૦૮માં પ્રકરણમાં લખે છે કે :-

પંચ ઈન્દ્રિનું પોષણ સ્વાદ પંડ્યા
પોષતા વધે પ્રમાદ
સ્વાદમાંહિ રહ્યા બહુ શુળ સ્વાદ છે
સર્વ પ્રમાદ પાપનું મૂળ

અર્થાત્ : પંચઈન્દ્રિયોનું પોષણ સ્વાદ છે અને તેને પોષતો એટલે કે જીભને અંતના પ્રમાદ ઉત્પન્ન થાય છે. સ્વાદની અંદર કંટક રહેલો છે. જે સ્વાદ છે તે જ દરેક પાપનું મૂળ છે.

શ્રી હરિલીલામૃતમાં ૫ માં કળશમાં ૧૧માં વિશ્રામમાં લખ્યું છે કે :-

રહે રસાસ્વાદની વાસનાય,
તે તો કિડા તે રસના જ થાય
નિઃસ્વાદી પામો સર્વે નરનારી
ભવિષ્યનું દુઃખ દિલે વિચારી

અર્થાત્ : જો રસસ્વાદની વાસના રહી જાય તો તે જીવતો રસનો કિડો થાય છે. માટે મારા આશ્રિત સર્વ નરનારી ભવિષ્યના દુઃખનો દિલમાં વિચાર કરી નિઃસ્વાદી બનજો.

શ્રીજી મહારાજે વચનામૃતમાં પાને-પાને ઈન્દ્રિયોને જીતવાના ઉપાયો દોહરાવ્યા છે. મહારાજ ગઢડા મધ્ય પ્રકરણના ૧૬માં વચનામૃતમાં કહે છે કે "જેને જે સ્વાદુ ભોજન હોય તેને મેળવી પાણી નાંખીને જમે તથા યુક્ત આહાર કરે એટલે સહેજ જ રસના જીતાય છે.

સર્વ શાસ્ત્રો-વિદ્વાનોનું અને દરેક દૃષ્ટાંત પ્રસંગોનું એક જ રહસ્ય છે કે રસાસ્વાદને આધીન થવું નહિ અને જીભ માંગે તે આપવું નહિ.

ભગવાન સ્વામિનારાયણે સત્સંગિજીવન ગ્રંથના ૯૯માં

સદ્‌ગુરુ બ્રહ્માનંદ સ્વામી

- કનુભાઈ જાની (ઈસરો - અમદાવાદ)

વિ.સં. ૧૮૨૭ની વાત છે. વાત છે આબુ પર્વતની તળેટીમાં આવેલ ખાણ ગામની. અહીં શંભુદાન ગઢવી રહે. 'આશિયા' શાખાના ગઢવી. સદ્‌ગુરુ રામાનંદ સ્વામીના શિષ્ય. શંભુદાન અને તેમના પરિવારનું કૃષ્ણ ભક્તિમય જીવન. એકવાર રામાનંદ સ્વામી શિષ્ય મંડળ સાથે ખાણ ગામે પધાર્યા. શંભુદાન અને તેમનો પરિવાર તો રાજીનો રેડ થઈ ગયો. આગતા સ્વાગતા કરવામાં પાછું વળીને જૂએ ? અહીં તો 'પ્રેમ' અને 'ભક્તિ' બેય ભળેલાં. રામાનંદ સ્વામી રાજી થયા. જોગાનુજોગ બીજા દિવસે એકાદશી. ફળાહાર બાદ બધા ભજન-કીર્તન માટે ભેગા થયા.

ભજન-કીર્તન બાદ રામાનંદ સ્વામી શ્રીકૃષ્ણના ગુણાનુગાદ કરતા હતા. બધા મંત્રમુગ્ધ બની સાંભળી રહ્યા હતા. ટાંકણી પડે તો પણ અવાજ સંભળાય એવી શાંતિ હતી. માત્ર રામાનંદ સ્વામીની પરાવાણી વાતાવરણમાં ગૂંજતી હતી. તેવામાં બધાને સંભળાય એવો મૃદુ અને મધુર સ્વર સંભળાયો. "પ્રભો ! આપશ્રી પ્રગટ પ્રભુ જે શ્રીહરિ તેમના મહિમાની વાત કરો."

બધા સ્તબ્ધ રહી ગયા ! લાલુબાના ગર્ભમાં રહેલા બાળકની આ વાત હતી. રામાનંદ સ્વામી માર્મિક હસ્યા. લાલુબા તરફ બે હાથ જોડી નમસ્કાર કર્યા ને બોલ્યા : 'હે મહામુનિ ! પ્રગટ શ્રીહરિનો અનેક જીવોના કલ્યાણ કરતો મહિમા તો આપ ગાવાના છો. હું તો મારી યથાશક્તિ વર્ણનજ કરૂં છું." પછી સભાને સંબોધી ને કહ્યું : "સાંભળો ..... મારી વાત ધ્યાનથી સાંભળો. હું તો માત્ર ડુગડુગી વગાડનારો છું. ખરો ખેલ ભજવનાર તો હવે આવશે. પ્રગટ પ્રભુજી અનાદિ મુક્તો સાથે પધારવાના છે. પૂ. લાલુબાની કૂખે અનાદિ અક્ષરધામના મુક્તરાજ જનમ લેવાના છે. તેઓ મહા વિદ્વાન તો થશે જ પણ પ્રગટ પ્રભુજીની સાથે રહી તેમની જીવનલીલામાં ભાગ લઈ અનેકનાં કલ્યાણ કરશે."

- ગર્ભમાં પણ પ્રગટપ્રભુના ગુણાનુવાદ સાંભળવાની તાલાવેલી રાખનાર બીજું કોઈ નહી પણ 'લાડુદાનજી' (મૂળ રાજસ્થાની ભાષામાં 'લાદુદાનજી') એટલે કે બ્રહ્માનંદ સ્વામી !

આ પ્રગટનું ઘેલું એવું તે કેવું લાગેલું ? રામાનંદ સ્વામી જેવા મહા વિદ્વાન તપસ્વી પુરુષ પણ પોતાને 'ડુગડુગી' વગાડનાર કહેતા તે 'પ્રગટ' કોણ હતા ?

પોતાના પ્રકાશથી અનેકનાં હૃદયોને પ્રકાશ પમાડનાર, અનેકના ચિત્તનું આકર્ષણ કરી તેમને ગુરુવચને ચૂરેચૂરા થઈ જાય એવા સ્વવશ કરી મૂકનાર, લુપ્ત થયેલ બ્રહ્મચર્યાશ્રમને પુનઃ સ્થાપનાર, નિરંકુશ અને સ્વચ્છંદી બનેલા ત્યાગાશ્રમને ઉજ્જવલ કરનાર, પતિત થયેલા ગુરૂઓ માટે સંયમનો આદર્શ બેસાડનાર, સ્ત્રીઓને સમાજમાં તથા સંપ્રદાયમાં ચોક્કસ સ્થાન આપી તેમની ઉન્નતિ કરનાર, શુદ્રોને આચાર શુદ્ધિ શિખવનાર, સાહિત્ય સંગીતકળાના પોષક, અહિંસામય યજ્ઞના પ્રવર્તક, ક્ષમાધર્મના ઉપદેશક, શુદ્ધ ભક્તિમાર્ગ અને શુદ્ધ જ્ઞાનમાર્ગના ચાલક, ભાગવત ધર્મના શિક્ષક તથા વ્યાસ સિધ્ધાન્તના બોધક એવા સહજાનંદ સ્વામી હતા.

કવિવર ન્હાનાલાલે યોગ્ય જ કહ્યું છે : સ્વામિનારાયણે શું કર્યું ? એ ઈતિહાસ પ્રશ્નનો ઉત્તર એક જ સૂત્રમાં પૂછો તો એટલો છે કે "શ્રીજી મહારાજે ગુજરાતને સરયુ નીરથી ધોઈ બ્રહ્મભીનો કીધો." સ્વામિનારાયણ ભગવાન વિષે ઘણું લખાયું છે. સર્વાવતારી પૂર્ણ પુરૂષોત્તમ નારાયણના નંદ સંતો પણ અનુપમ હતા.

પ્રેમાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી, મુક્તાનંદ સ્વામી, દેવાનંદ સ્વામી, નિષ્કુળાનંદ સ્વામી, મંજુકેશાનંદ સ્વામી, દયાનંદ સ્વામી, ભૂમાનંદ સ્વામી આદિ સંતોએ તો પદ્ય સાહિત્યમાં આડો આંક વાળ્યો છે. એક જ સંપ્રદાયના આટઆટલા સમકાલીનોએ એકજ ઈષ્ટદેવને મધ્યબિંદુમાં રાખી વિવિધ ભાષાઓમાં આટલા વિપુલ પ્રમાણમાં વીણાવાદિની વાગીશ્વરીને સાહિત્યનો આવો જે રસથાળ આપ્યો છે તે વિશ્વના સાહિત્ય ઈતિહાસમાં વિરલ પ્રસંગ છે. ગુજરાતની આ પણ એક અનોખી અસ્મિતા છે.

આપણે હવે ડુબવાનું છે -

બ્રહ્માનંદમાં. નામ પ્રમાણે જ 'બ્રહ્માનંદ'માં લીન. માત્ર ભક્તિની દૃષ્ટિએ નહી પણ સાહિત્યની દૃષ્ટિએ એક વિરલ-અદ્વિતીય કવિ. કારણ શું? એમણે જે કંઈ લખ્યું એ પ્રભુપ્રિત્યર્થે લખ્યું. માટે જ માત્ર બ્રહ્માનંદ સ્વામીનું જ નહીં પણ સંત કવિઓનું પ્રદાન અદ્વિતીય છે. વાત કરવી છે બ્રહ્માનંદ સ્વામીની.

એમના જીવનચરિત્રમાં ડૂબકી મારીએ એ પહેલાં બ્રહ્માનંદ સ્વામીની કવિત્વ શક્તિની એક ઝાંખી.

સ્વામિનારાયણ સંપ્રદાયના મોટા કવિતો ખરાજ ! છંદ અને ભાષા પરનું તેમનું ગજબનું પ્રભુત્વ ! સવૈયા, ચંદ્રાવળા, ઝૂલણા, છપ્પા, કુંડળીયા, ચર્ચરી અને રેણકી છંદ તો જાણે એમના લોહીમાં વહેતા હતા. કેટલાક પદોમાં તેમણે રાજસ્થાની અને કચ્છી ભાષાનો પ્રયોગ કર્યો છે. પણ તેમની ખાસિયત છે ભક્તિમાં શૂરાંઓને પાણી ચડાવતી તેમની કડખેદ જેવી તેજીલી વાણી-કારણ તેમની ભક્તિ પણ એવી સમર્પણવાળી હતી.

રે શિર સાટે નટવરને વરીએ
રે પાછા તે પગલાં નવ ભરીએ

★

રે સમજ્યા વિના નવ નિસરીએ
રે રણ મધ્યે જઈને નવ ડરીએ
ત્યાં મુખ પાણી રાખીને મરીએ

★

રે હોડે હોડે જુધ્ધે નવ ચડીએ
જો ચડીએ તો કટકા થઈ પડીએ
રે હાક વાગે પાછા નવ હટીએ
બ્રહ્માનંદ કહે ત્યાં મરી મટીએ.

★

'લાગ્યો મારે નટવરથી નેડો.....'
એ પદમાંની

કે કોઈ કડી મૂજને શું કરશે, કે ગજ ચડી શંકા કોણ ધરશે ?
કે શ્વાન ભસી ભસીને મરશે રે.....

★

શું કરશે સંસારી, કહીને રે, હરિ વરિયા
ચાલી જગ માથે પગ દઈને રે, હરિ વરિયા.

બ્રહ્માનંદ સ્વામીમાં આ શૂરવીરતા તો હતી પણ કવિને માર્દવ પણ એટલું જ સિધ્ધ છે.

'આજની ઘડી રે ધન્ય આજની ઘડી
મેં નિરખ્યા સહજાનંદ ધન્ય આજની ઘડી'

★

સખી, જોને શોભા ઘનશ્યામની

★

તારો ચટક રંગીલો છેડલો
અલ બેલા રે

★

લટકાળા તારે લટકે રે લેરખડા,
હું લોભાણી

તો આ છે 'રેણકી'-

ઘણ રવ પટ ફરર ઘરર પદ ઘૂઘર
રંગભર સુંદર શ્યામ રમે....

તો આ છે 'ચર્ચરી'

હરિ હર અજહેર હેર, વિકસત સુર બેર બેર
ફરગટ ઘર ફેર ફેર નટવર નાચે...

એમનું પ્રાસયોજન, શબ્દ, સંગીત વિ. પરનું પ્રભુત્વ અલૌકિક છે. બ્રહ્માનંદ સ્વામીનું ઋણ ગુજરાતી કવિતા પર મોટું છે.

બ્રહ્માનંદ સ્વામીએ લગભગ આઠથી દસ હજાર પદો રચ્યાં હોવાનું કહેવાય છે. જોકે અત્યાર સુધીમાં અઢી હજાર જેટલી રચનાઓ જ ઉપલબ્ધ છે.

સ્વામિનારાયણ સંપ્રદાયના 'નંદ' કવિઓની ભક્તિ કવિતામાં એક વિશેષતા છે. આ વિશેષતાએ કવિઓનું બળ અને મર્યાદા બંને એક સાથે ભળી જાય છે.

નંદ સંતો માટે તો સત્સંગની નૌકા તરી જવાનું સાધન હતું અને સાક્ષાત્ પરમાત્મા જ તેમને પાર ઊતારવા માટે ખારવા બન્યા હતા. એટલે તો તેઓ કોઈ પણ કષ્ટ કે કોઈપણ પીડાને ગણકાર્યા વિના ગાઈ શકતા હતા.

પેટ કુટારી પહેરીને સન્મુખ ચાલ્યા
પાછ ન વળે રે કોઈના તેના રહે ઝાલ્યા.

રાગ પરજમાં બ્રહ્માનંદ સ્વામીએ મૂર્તિનું સુંદર વર્ણન કર્યું છે.

જોઈ મૂરતિ મનોહર તારી, માવા રે
મારાં નેણાં લોભાણાં
મોળીડા ઉપર નવલ કલંકી, શોભે છે અતિ સારી
હેત કરીને હૈડાની ઊપર, માળા મોતીડાની ધારી.

આમેય કવિ બ્રહ્માનંદનું કવિકર્મ અને ભાષાકર્મ સ્પૃહણિય છે. એનું શબ્દ લાલિત્ય, ભાવ સઘનતા અને લયમાધુર્ય તથા લય વૈવિધ્ય ધ્યાનાર્હ છે.

આવું 'પ્રાસકૌશલ્ય' ગુજરાતી સાહિત્યમાં બ્રહ્માનંદ સ્વામી સિવાય કોઈની પાસે જોવા મળતું નથી.

ભૂધર ભેટ્યા ભય ભાગો
રે સહુ સાથે તોડ્યો ધાગો
એ રસિક રંગીલાથી રંગ લાગો

બોલચાલની ભાષાના કેટલાક રૂઢિપ્રયોગોનો વિનિયોગ પણ આ સંત

કુશળતાથી કરી લે છે :

લાગ્યો મારે નટવરથી નેડો.
હવે મેં તો શિર નાખ્યો છેડો રે.....

સ્ત્રી હૃદય અને સ્ત્રી વર્તનની સચોટ અભિવ્યક્તિનો છે ને આ સર્વોત્તમ નમૂનો !

ભગવાન સ્વામિનારાયણના પ્રથમ દર્શન વેળા, એ જ ક્ષણે-'ધન્ય આજની ઘડી રે ધન્ય આજની ઘડી'ના ઉમંગ સભર ઉદ્‌ગાર અતિ સહજ ભાવે ગાનાર બ્રહ્માનંદ મધ્યકાલીન સાહિત્યના ગણમાન્ય શીર્ષ કવિ હતા જે એમની સર્જન પ્રતિભાની આગવી વિશેષતા છે. એવા તો ઘણા પ્રસંગો છે જયાં તત્ક્ષણ કવિના શારદમુખે કવિતાના મધુર ઉદ્‌ગાર પ્રસ્ફૂટિત થયા હોય. રસ વૈવિધ્ય અને રસસંક્રમણ બ્રહ્માનંદ સ્વામીને સહજ સાધ્ય છે.

કહોને આજ કેને સંગ રંગમાં રોળાણા પ્યારા !
બીતાં મુખ બોલો જાણે સેજડીએ ચોળાણા પ્યારા !
લથડતાં માંડો છો પગલાં નિદ્રામાં ઘેરાણા પ્યારા !
કુચને કુમકુમે કરી છાતીમાં રંગાણા પ્યારા !

આ પંક્તિઓ બ્રહ્માનંદ સ્વામીને ઉચ્ચ કોટિના કવિ સિધ્ધ કરવા માટે પૂરતી છે.

પૂર્વાશ્રમમાં લાડુદાનમાં કવિત્વ શક્તિ હતી જ. ઉપરાંત પીંગળના પણ ઊંડા અભ્યાસી ? પણ એમના કવિત્વમાં વેધકતા આવી લાડુદાનમાંથી 'બ્રહ્માનંદ સ્વામી' બન્યા પછી. કારણ પ્રભુ પ્રિતિ ! ભગવાન સ્વામિનારાયણને જ રાજી કરવા એ ગાયા છે. માટે જ એમની કવિતા સાહિત્યના ઈતિહાસમાં સુવર્ણાક્ષરે લખાઈ છે.

"મુસલમાન, કાઠી, કોળી અને વાણિયા ભેગા જ કેવી રીતે થાય ?" ભગવાન સ્વામિનારાયણે એ કરી બતાવ્યું. એ સુવિદિત છે કે પ્રેમલક્ષણા ભકિતના પ્રતિક એવા પ્રેમસખી પ્રેમાનંદ પૂર્વાશ્રમમાં મુસલમાનને ઘેર મોટા થયા હતા. તો શતાવધાની રાજકવિ પીંગળના જાણકાર એવા લાડુદાન મૂળે ગઢવી-ચારણ જ્ઞાતિના જે કવિવર બ્રહ્માનંદ સ્વામી.

સુધારક અને મરજાદી ધર્મસંપ્રદાયના કેટલાક ટીકાકારો સ્વામિનારાયણ સંપ્રદાયને કોળી કણબીનો સંપ્રદાય કહીને ઊતારી પાડવા પ્રયત્ન કરતા. આજે તો કોઈ આવો આક્ષેપ કરવા જાય તો એમાંનજ જ પુરસ્કારનો ભાવ પ્રગટ થાય. છેલ્લા માણસને પહેલો સ્પર્શવો એ ધર્મની જવાબદારી છે. સમાજના આ વર્ગને ઉપર ઉઠાવવા સ્વામિનારાયણ ધર્મે પ્રયત્ન કર્યો અને સફળ રહ્યો. વર્ણાશ્રમ તોડ્યા વિના પણ એની શુદ્ધિનું મોટું કામ સહજાનંદ સ્વામીએ કર્યું.

આ તો થોડી આડ વાત થઈ. પણ આપણે બ્રહ્માનંદ સ્વામીના જીવનનું રસપાન કરવાનું છે. એટલે થોડું જરૂરી હતું. ચાલો, વિરમીએ એ પહેલાં બ્રહ્માનંદ સ્વામીના કવિત્વનું થોડું માધુર્ય માણી લઈએ.

છૂટે પેચ પાઘ ઊજલતે, ભટકે લલિત વદન પર છાયે,
માનો હંસ માનસર મુક્તા ચુનનકાજ આતુર ઉડી આયે.

(ક્રમશઃ)

એક હરિભક્તને પ.પૂ. લાલજી મહારાજશ્રીમાં બાલ સ્વરૂપ ઘનશ્યામ મહારાજના દર્શન થયા

ગાંધીનગર જિલ્લાના માણસા ગામમાં પ.ભ. ભરતભાઈ અમૃતલાલ ગાંધી સર્વોપરિ શ્રી સ્વામિનારાયણ ભગવાનના શુદ્ધ ઉપાસનાવાળા નિષ્ઠાવાન હરિભક્ત રહે છે. તેમના જીવનમાં જે પ્રસંગ બન્યો છે તે અદ્‌ભૂત અલૌકિક અને પોતાની ૭૧ પેઢી તરી જાય તેવો પ્રસંગ છે. તેમને મૂળથીજ પાયામાંજ સત્સંગના સંસ્કાર મળ્યા છે. નિયમિત વહેલા ઉઠીને પ્રાતઃ સ્નાન-પૂજા, મંદિરે દર્શને જવું, પોતાના ઘરમાં પધરાવેલ ઠાકોરજીને નિત્ય નિયમ-આરતી, થાળ બંને દંપતિ નિયમિત કરે. તે સિવાય રોજે ૧ કલાક ભજનનો નિયમ, આવા હરિભક્તને દેવ ઉઠી એકાદશીના વહેલી સવારે સ્વપ્નમાં તેમના ત્યાં પ.પૂ. લાલજી મહારાજશ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજ પધાર્યા અને બંગલા આગળ ગાડી ઉભી રહી ત્યાં એકા એક વરસાદ ચાલુ થયો જેથી પ.પૂ. લાલજી મહારાજશ્રીને તેડીને તેઓ બંગલાની અંદર આવ્યા, જેવા અંદર પ્રવેશ્યા કે તુરંત પ.પૂ. લાલજી મહારાજશ્રીના સ્વરૂપમાં બાલ સ્વરૂપ ઘનશ્યામ મહારાજ પ્રત્યક્ષ દર્શન આપતા હતા. તેઓતો એવા તન્મય બની ગયા કે સાન ભાન ભૂલી ગયા ! તેમનું જીવન ધન્ય ધન્ય બની ગયું ! ખરેખર ત્યારે પ્રતિતી થઈ કે આચાર્ય મહારાજશ્રી અને લાલજી મહારાજશ્રીમાં સાક્ષાત્ શ્રીહરિ વસેલા છે.

સત્સંગ બાલવાટિકા
સંપાદક : શાસ્ત્રી હરિકેશવદાસજી (ગાંધીનગર)

કાયમ યાદ રાખવા જેવી વાત

- શાસ્ત્રી હરિસ્વામી (ગાંધીનગર)

વાત છે તો વાંચવા જેવી ! વિચારવા જેવી પણ ખરી ! મનન કરવા જેવી અને અમલમાં મુકવા જેવી પણ ખરી.

એક દિવસે સ્વામિનારાયણ ભગવાન અક્ષરઓરડીમાં બિરાજમાન હતા. આજે બાજુમાં કોઈ સંતો નહોતા પણ કેવળ થોડા હરિભક્તો જ બેઠા હતા અને તે પણ કેવા ! પ્રેમાનંદ સ્વામીએ કહ્યું છે એવા. સ્વામીના જ શબ્દોમાં કહીએ તો - "પાસે હરિજન રે બેઠા હોય મનગમતા" ભગવાનને પણ ગમતા અને મનગમતા એવા ભક્તો હોય છે. આપણનું નામ ક્યા લીસ્ટમાં આવે છે તે જોજો. ગમતામાં હશે તો પણ વાંધો નથી, મનગમતામાં હશે તો તો ખૂબ સારૂં પણ અણગમતામાં નામ ન આવે તેનું ધ્યાન રાખવું.

પ્રભુની પાસે દાદાખાચર, સુરાખાચર, સોમલાખાચર, માતરા ધાધલ, મોકા ખાચર વગેરે થોડાક મનગમતા ભક્તોજ બેઠા હતા આજે અવિનાશીને પોતાના ભક્તોને કાંઈક અનોખી વાત કહેવાની ઈચ્છા થઈ તેથી સર્વ ભક્તોમાં અગ્રણી શ્રીહરિએ સર્વથી વ્હાલા એવા દાદાખાચરને સૌ પ્રથમ પ્રભુએ પૂછ્યુ દાદા ખાચર ! હા, બોલો પ્રભુ ! દાસને શું આજ્ઞા છે ? આજ્ઞામાં તો બીજું કાંઈ નહી પણ તમને ક્યાં સંત સાથે હેત છે એ કહેશો ? હા, પ્રભુ ! સાચું કહું તો મને મુક્તાનંદ સ્વામી સાથે હેત છે. હું એમની પાસે જ વિશેષ બેસુ છું.

પછી પ્રભુએ સુરાબાપુને પૂછ્યું. સુરાખાચર ! તમને ક્યા સંતો સાથે હેત છે ? ત્યારે સુરાબાપુએ કહ્યું પ્રભુ ! મને તો આપ જાણો છો કે બ્રહ્માનંદ સ્વામી સાથે ઝાઝુ હેત. મને બે વાતો સાંભળવાનું મન થાય તો બ્રહ્માનંદ સ્વામી પાસે જ બેસું. એમની સાથે મને બહુ હારૂં ફાવે. ત્યાં સોમલાખાચર ઉપર પ્રભુની દૃષ્ટિ પડી. સોમલાખાચર ! તમને ક્યા સંત સાથે હેત છે ? પ્રભુ ! મને તો નિત્યાનંદ મુનિ સાથે વિશેષ હેત છે. મારી બેસ-ઉઠ એમની સાથે જ વિશેષ હોય.

આ રીતે સ્વામિનારાયણ ભગવાન જાણે કે ઈન્ટરવ્યું લેતા હોય તે રીતે પોતાના અંગત ભક્તોને વારા ફરતી પૂછવા લાગ્યા અને સૌના જવાબ સાંભળી અંતરમાં રાજી થયા. અને કહોને કે ઈન્ટરવ્યુમાં આ બધા ભક્તો પાસ થઈ ગયા.

હવે છેલ્લે નંબર આવ્યો માતરા ધાધલનો ! પ્રભુએ પૂછ્યું તમને ક્યા સંત સાથે બહુ હેત છે ? ત્યારે માતરા ધાધલે પણ સહુ ભક્તોની જેમ જે સાચું હતું તે કહ્યું, પ્રભુ ! મારે તો નિર્વિકલ્પાનંદ સ્વામી સાથે હેત છે. આ જવાબ સાંભળીને પ્રભુએ તરતજ ચોકડી મારી દીધી. અને બધાના સાંભળતા કહ્યું કે માતરા ધાધલ ! તમારો હાથ તો સારાં સારાં ભોજનને મુકીને ઘેંસમાં પડ્યો. પ્રભુનાં આ વચનો સાંભળીને બધા જ ભક્તોએ પૂછ્યું કે પ્રભુ ! આપ આમ કેમ બોલ્યા ? ત્યારે શ્રીહરિએ કહ્યું કે માતરા ધાધલને જેમની સાથે હેત છે એનું પોતાનું જ સત્સંગમાં ઠેકાણું નથી, સ્થિરતા નથી, નિશ્ચય નથી, વફાદારી નથી તો એનો સંગ કરનારને એ સારી વાતો ક્યાંથી કહી શકશે !

વ્હાલા ભક્તો ! આપણા ઈષ્ટદેવ સ્વામિનારાયણ ભગવાને આપણા ઉપદેશ માટે આ ચરિત્ર કરીને પછી સત્સંગમાં સહુને ઉપયોગી એવી અમૂલ્ય ભલામણ કરી કે હે ભક્તો ! સમસ્ત સત્સંગ આપણું કુટુંબ છે. સહુ સંતો સાથે સદ્‌ભાવ રાખવો, થાય તે સેવા કરવી. પરંતુ જો તમારૂં પોતાનું શ્રેય ઈચ્છતા હો તો એક પવિત્ર સંત સાથે જીવને બાંધી રાખવો. એમની પાસેથી જ હિતની વાત સાંભળવી. એ કહે તેમ વર્તવું તો જ સત્સંગમાં સ્થિરતા રહે. "જેવો સંગ તેવો રંગ" આ આપણી જુની કહેવત છે. એ પ્રભુએ ભક્તોને કહી સંભળાવીને ખાસ ભલામણ કરી કે ભક્તો ! સંગ તો જોઈ તપાસીને જ કરજ્યો. પ્રભુની આ હિત વાત સાંભળીને બધા ભક્તો ખૂબ રાજી થયા.

વ્હાલા મિત્રો ! કેવી સુંદર વાત છે ! આપણે પણ ધ્યાન રાખવાનું કે જેનો સંગ કરીએ તેવા થવાય. માટે સંગની શુદ્ધિ, નિર્દોષ બુદ્ધિ રાખવી." આ વાત શાંતિથી વાંચી વિચારીને

આપણું મન કોઈ પણ વડીલ સંત સાથે બાંધી રાખવું. જેમ રામાનંદ સ્વામીએ કહેવરાવ્યું હતું કે આ સત્સંગમાં રહેવું હોય તો થાંભલાને બાથ ભીડીને રહેવું પડશે. એ શબ્દો સાંભળતાની સાથે નિલકંઠવર્ણીએ થાંભલાને બાથ ભરી ત્યારે મયારામ ભટ્ટે ખુલાસો કર્યો કે થાંભલાને બાથ ભરવી એટલે આ મુક્તાનંદ સ્વામી કહે તેમ કરવું. અત્યારના સમયમાં, સંજોગોમાં અને વાતાવરણમાં આ વાત બહુજ ઉપયોગી છે. બહુંજ જરૂરી છે.

●

दया धर्मका मूल है

- સાધુ શ્રીરંગદાસ (ગાંધીનગર)

મહાભારતની આ વાત છે. પાંડવોએ રાજસૂય યજ્ઞ કર્યો. પહેલાના રાજાઓ આવા મહામોટા યજ્ઞો કરાવતા. અત્યારે આવા યજ્ઞો શક્ય જ નથી. કારણ કે "રાજન કી રીત ગઈ મિત્ર કી પ્રીત ગઈ" અત્યારે એવા રાજા મળવા મુશ્કેલ છે. અત્યારે એવી રીતે યજ્ઞો કરાવવાનો કોઈને સમય જ નથી. અત્યારે એવા યજ્ઞોના વિધિ વિધાન પણ ઓછા ભૂદેવોને ખબર હશે. આવા મહા મોટા યજ્ઞનું કાર્ય પાંડવોએ હાથ લીધું. રાજા સંસ્કારી હોય તો પ્રજાને સારી શિખામણ આપી શકે. પ્રજાને સુખી કરી શકે. આ યજ્ઞની સેવામાં પાંડવોની સાથે સાથે કૌરવો પણ જોડાયા. શ્રીકૃષ્ણ ભગવાનની ઈચ્છા પણ આ યજ્ઞમાં ભળી પછી તો બધી જ જવાબદારી શ્રીકૃષ્ણ ભગવાને જ સંભાળી લીધી. જેની જવાબદારી ભગવાન સંભાળે તેને પછી કોઈ ચિંતા રહેતી નથી.

શ્રીકૃષ્ણ ભગવાને જે કોઈ પણ આ યજ્ઞમાં જોડાયા હતા તે બધાને યથાયોગ્ય જવાબદારી સોંપી દીધી. દૂર્યોધનને પણ આ યજ્ઞની સેવાનો ભગવાને લાભ આપ્યો. જે જે ભૂદેવો આ યજ્ઞમાં આવે તેને દક્ષિણા આપવાનું કામ દૂર્યોધનને સોંપ્યું. યજ્ઞશાળાની સેવા અર્જુને સંભાળી. અતિથિઓના ઉતારાની વ્યવસ્થા યુધિષ્ઠિરે સંભાળી. રસોડાની દેખરેખ ભીમ હેઠળ થતી. નકુલ અને સહદેવે પણ જુદી જુદી સેવાઓમાં નામ લખાવ્યું. અને શ્રી કૃષ્ણ ભગવાને સ્વયં અતિથિઓ ભૂદેવો જમીને જાય પછી પત્રાવળાં ઉપાડવાની સેવા સ્વીકારી. પોતાના આચરણથી જ ઉપદેશ આપ્યો. "નીચીટેલ મળે તો માને ભાગ્ય જો" ઉંચી જાતની સેવા મળે પણ તેમાં ફળની પ્રાપ્તિ ઓછી થાય છે. જ્યારે નીચી ટેલ મળે તો ફળની પ્રાપ્તિ વધુ થાય. શ્રીકૃષ્ણ ભગવાને નીચી ટેલ કરી. સોનાની નગરીમાં રહેવા વાળા અને જેમની સેવામાં હજારો દાસને દાસીઓ હાજરા હજુર હોય છે એવા રાજાધિરાજ ભગવાને આપણાં ઉપદેશ માટે આ બધુ સરસ રીતે કરતા હતા.

દૂર્યોધને પાંડવોનું ખરાબ દેખાડવાના ખૂબ પ્રયત્નો કર્યા. નક્કી કરેલી દક્ષિણાથી વધુ દક્ષિણા આપતો છતાં પણ ધન ભંડાર ખૂટતો નહીં. બે ત્રણ ગણો વધતો જતો અને ભૂદેવો પાંડવોને ખૂબ આશિષ આપતા. યુધિષ્ઠિર રાજા હતા છતા પણ પોતાને મળેલી ફરજ આદરપૂર્વક બજાવીને સૌને બોલાવતા, ઉતારાની વ્યવસ્થા કરવી એ બધી જ જવાબદારી સંભાળતા. અર્જૂન ભૂદેવોને યજ્ઞમાં જરૂરી ચીજ વસ્તુઓ હાજર કરી દેતો. આ રીતે સૌ પોત-પોતાની ફરજ સુંદર રીતે સંભાળતા. ધીમે ધીમે યજ્ઞોના દિવસ પૂરા થવા લાગ્યા. રોજ ભૂદેવો અતિથિઓની પંક્તિ થતી સૌ આનંદથી બ્રહ્મભોજન કરતા. ધામ ધુમથી જય જયકાર સાથે યજ્ઞ પરિપૂર્ણ થયો. છેલ્લા દિવસે બધા ભૂદેવો-અતિથિઓ નગરજનો ભોજન કરીને ગયા. પછી યજ્ઞ સારી રીતે પરિપૂર્ણ થયો કે કેમ તેના માટેનો છેલ્લો વિધિ બાકી રહ્યો તે હતો શંખનાદનો. જ્યાં બેસીને સૌએ ભોજન કર્યું હોય ત્યાં બાજોઠ પર શંખ પધરાવાતો. શંખમાંથી એની જાતે જ અવાજ નીકળતો. આપણું આ સત્કાર્ય, પરોપકારનું કાર્ય પરિપૂર્ણ થયું હોય આ કાર્ય દેવોએ સ્વીકાર્યું હોય ત્યારે આ શંખમાંથી આપોઆપ અવાજ નીકળે પણ શંખધ્વનિ થયો નહિ. એટલે પાંડવોએ શ્રીકૃષ્ણ ભગવાનને વાત કરી કે હે પ્રભુ ! અતિથિઓ, ભૂદેવો, નગરજનો સૌ જમીને ગયા છે. પણ શંખ ધ્વનિ થયો નથી. શ્રીકૃષ્ણ ભગવાને તુરંત જ કહ્યું કે અત્યારે જલ્દીથી તપાસ કરો. અહીં કોઈને અન્નની જરૂર છે. કોઈ ભૂખ્યો રહી ગયો લાગે છે. પછી તપાસનું કામ શ્રીકૃષ્ણ ભગવાને ભીમને સોંપ્યું. ભીમ નગરની અંદર શોધ કરવા નીકળ્યો. જ્યાં જાય ત્યાં બૂમો પાડીને પૂછતો કે યજ્ઞનારાયણનો પ્રસાદ લેવામાં કોઈ બાકી નથી ને ? ફરતા ફરતા ભીમ નદી કિનારે આવ્યો. ત્યાં એક ભિક્ષુક બેઠો હતો. ભીમે નજીક જઈને પૂછ્યું, અલ્યા એ તું જમ્યો ?

તને ખબર છે આજે પાંડવોના રાજસૂય યજ્ઞનો છેલ્લો દિવસ છે. પ્રસાદ લીધો કે નહિ ? ત્યારે ભિક્ષુક બોલ્યો પાંડવોને ગરજ હશે તો અહીં જમાડવા આવશે. મારે ત્યાં નથી આવવું ભીમ કહે પડ્યો રહે ત્યારે ભૂખડી બારસ કોઈ નવરૂ નથી. અમારે શંખ નહિ વાગે તો કંઈ નહી. પછી તો ભીમે આ વાત શ્રીકૃષ્ણ ભગવાનને કહી કે આખા નગરમાં કોઈ ભૂખ્યું નથી. બધાએ પ્રસાદ લીધો છે. પણ એક ભિખારી અવળચંડો એ નદી કિનારે બેઠો ભૂખે કણસે છે. મેં ઘણું કહ્યું પણ અહીં આવવાની ના પાડી એટલે એ ભૂખડી બારશને મૂકીને આવતો રહ્યો. ભલે પડી રહેતો. શ્રીકૃષ્ણ ભગવાને તરત જ ભીમને ઠપકો આપતા કહ્યું કે હે ભીમ ! જમાડનાર કરતા જમનાર મોટો છે. અત્યારે ગરજ આપણને છે માટે જાવ અને તેની માફી માગી તેને જમાડી આવો. પછી ભીમ થાળી લઈ અને તે ભિક્ષુકની માફી માગે છે. ત્યાં તો આશ્ચર્ય થયું. ભિક્ષુકની જગ્યાએ ભીમના માથા પર સાક્ષાત્ ધર્મદેવનો મૃદું હાથ ફરવા લાગ્યો. અને ત્યાં તરત શંખધ્વનિ થયો. આનંદ આનંદ છવાઈ ગયો.

મિત્રો ! આ પ્રસંગ આપણને એવું શીખવાડે છે કે જ્યારે મોટા પ્રસંગનું આયોજન કર્યું હોય ત્યારે નાના માણસને ભૂલી ન જવા. ખરેખર જેને અન્નની જરૂર છે તે પુરી પાડીએ ત્યારે જ યજ્ઞની પરિપૂર્ણતા થઈ ગણાય.

સ્વામિનારાયણ ભગવાનની પણ એવી દયાળુ પ્રકૃતિ હતી કે પ્રભુ પોતે થાળ જમતા હોય ને કોઈ ભૂખ્યો આવે તો આખો થાળ તેને આપી દેતા. માટે જ પ્રેમાનંદ સ્વામીએ પ્રભુની પ્રકૃતિ વર્ણન કરતા લખ્યું છે કે -

"કોઈને દુઃખીયો રે,
દેખી ન ખમાય, દયા આણી રે,
અતિ આકળા થાય,
અન્ન ધન વસ્ત્ર રે,
આપીને દુઃખ ટાળે."

ધનુર્માસનો વિશેષ સત્સંગ

તા. ૧૬-૧૨-૨૦૦૫ થી તા. ૧૪-૧-૨૦૦૬

દીકરાથી માંડીને દાદા સુધીના સહુને સાથે મળીને ભજન કરવાનો અવસર પવિત્ર ધનુર્માસમાં તો આવેજ છે. શિયાળાની ગુલાબી ઠંડીના હળવા ચમકારામાં પણ મંદિરે જવાની મંદ શ્રદ્ધાવાળાને પણ ઈચ્છા થઈ આવે, અને જગતને ભૂલીને ભગવાનના દિવ્ય સાંનિધ્યનો લ્હાવો મળી જાય છે. તો હવે તે અમૂલ્ય અવસર આવી રહ્યો છે.

સર્વાવતારી શ્રી સ્વામિનારાયણ ભગવાન સ્વયં શ્રી નરનારાયણદેવ સ્વરૂપે પ્રત્યક્ષ બિરાજમાન છે, તે શ્રીસ્વામિનારાયણ મંદિર કાલુપુર અમદાવાદમાં પવિત્ર ધનુર્માસનો પ્રારંભ તા. ૧૬-૧૨-૨૦૦૫ થી તા. ૧૪-૧-૨૦૦૬ પર્યન્ત થશે. આ પ્રસંગે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ધર્મકુળ સહિત પધારશે.

ધનુર્માસનો વિશેષ કાર્યક્રમ

સવારે ૫-૦૦ કલાકે	:	રંગ મહોલ ઘનશ્યામ મહારાજની સાંનિધ્યમાં ધૂન્ય
સવારે ૫-૩૦ કલાકે	:	મંગળા આરતી
સવારે ૫-૪૫ કલાકે	:	કીર્તન - ભક્તિ
સવારે ૬-૧૫ કલાકે	:	ધૂન્ય
સવારે ૬-૪૫ કલાકે	:	શણગાર આરતી
સવારે ૮-૧૦ કલાકે	:	રાજભોગ આરતી
બપોરે ૧૧-૩૦ કલાકે	:	ભગવાન પોઢશે.

માસિક ધૂન્ય
રૂ. ૧૫૦૦/-

દૈનિક ધૂન્ય
રૂ. ૧૦૦/-

સત્સંગ સમાચાર

શ્રી સ્વામિનારાયણ મંદિર અમદાવાદમાં શિક્ષાપત્રી ભાષ્ય ત્રિદિનાત્મક પારાયણ યોજાઇ

સર્વોપરિ શ્રી નરનારાયણદેવના શુભ દિવ્ય સાનિધ્યમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા પૂ. મહંત શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજીના માર્ગદર્શનથી અ.નિ.પ.ભ. નાથજીભાઈ ઈચ્છારામ શુકલ અને પ.ભ. ઈશ્વરલાલ લાભશંકરભાઈ પંડ્યાની દિવ્ય પ્રેરણાથી પ.ભ. બાબુલાલ મણીલાલ શાહ (પ્રાંતીજવાળા) પરિવાર તરફથી તા. ૧૮-૧૧-૦૫ થી તા. ૨૦-૧૧-૦૫ પર્યન્ત 'શ્રી શિક્ષાપત્રી ભાષ્ય'ની ત્રિદિનાત્મક પારાયણ પુરાણી સ્વામીશ્રી ઘનશ્યામચરણ-દાસજીના વક્તાપદે સંપન્ન થઈ હતી. પ્રસાદીના દિવ્ય સભા મંડપમાં યજમાન પરિવાર અને કથા પ્રેમી ભક્તોએ સવાર-સાંજ ત્રણ દિવસ દેવ દર્શન, આચાર્યશ્રી દર્શન અને કથા શ્રવણનો લાભ લઈ ધન્ય બન્યા હતા. તા. ૨૦-૧૧-૦૫ પૂર્ણાહુતિના દિને પ.પૂ. મોટા મહારાજશ્રી અને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી સભામાં પધાર્યા હતા. અને વ્યાસપીઠનું પૂજન અર્ચન કરી પૂર્ણાહુતિની આરતી ઉતારી હતી. યજમાન પરિવારે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીનું પૂજન-અર્ચન કરી આરતી ઉતારી ભેટ ધરીને રૂડા આશીર્વાદ પ્રાપ્ત કર્યા હતા. આ પ્રસંગે પૂ. મહંત સ્વામીના માર્ગદર્શન હેઠળ કોઠારી સ્વામીએ સુંદર વ્યવસ્થા કરી હતી.

(કોઠારી સાધુ ધર્મપ્રકાશદાસ)

જેતલપુર શ્રી સ્વામિનારાયણ સંસ્કૃત મહાવિદ્યાલયમાં શરદોત્સવ ધામધુમથી ઉજવાયો

સર્વોપરિ તીર્થધામ જેતલપુરમાં શ્રી સ્વામિનારાયણ સંસ્કૃત મહાવિદ્યાલય (વાડી)માં તા. ૯-૧૦-૦૫ થી ૧૨-૧૦-૫૦ પર્યન્ત શરદોત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું.

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી આ પ્રસંગના ઉપલક્ષમાં સંચાલકશ્રી શાસ્ત્રી સ્વામી હરિઓમપ્રકાશ-દાસજી તથા પાઠશાળાના પ્રધાનાચાર્યશ્રીના માર્ગદર્શનથી સુંદર હિમાલય દર્શન અને ગિરનાર દર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ શરદોત્સવને દિપાવવા અને વિદ્યાર્થી સંતો, પાર્ષદો અને ભૂદેવોને રૂડા આશીર્વાદ આપવા શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી સંત-મંડળ સાથે ખાસ પધાર્યા ત્યારે વિદ્યાર્થી સંતોએ સંગીતના સુમધુર સુરાવલી સાથે વૈદિક મંગલાચરણ કરીને પ.પૂ. મહારાજશ્રીને વધાવ્યા હતા. ત્યારબાદ વિવિધ ભાષામાં વિદ્યાર્થીઓએ પોતાની કાલીઘેલી ભાષામાં સુંદર 'મમ'ના પ્રવચન કરેલ. ત્યારબાદ પ્રધાનાચાર્ય ડૉ. વાચસ્પતિ મિશ્રાએ સંસ્કૃતમાં પોતાના વિચારો વ્યક્ત કરેલ. છેલ્લે વિદ્યાર્થી સંતો, ભૂદેવો અને પાર્ષદોને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ રૂડા આશીર્વાદ આપ્યા હતા. આ પ્રસંગે પૂ. મહંત શાસ્ત્રી સ્વામી આત્મપ્રકાશદાસજી, પૂ. પી.પી. સ્વામી, મહંત કે.પી. સ્વામી અને અમદાવાદ મંદિરના મહંત સ્વામીના પ્રતિનિધિ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. છેલ્લે આભાર વિધિ શાસ્ત્રી સ્વામી હરિઓમપ્રકાશદાસજીએ કરી હતી. *(વિદ્યાર્થી સાધુ ચૈતન્યસ્વરૂપદાસ જેતલપુરવાળી)*

ગોમતીપુર મંદિરમાં તુલસી વિવાહ ઉજવાયો

શ્રી સ્વામિનારાયણ મંદિર ગોમતીપુરમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી કારતક સુદ-૧૧ના તુલસી વિવાહનો પ્રસંગ સૌએ સમૂહમાં ધામધુમથી ઉજવ્યો હતો. બહેનોએ ભગવાનના નંદસંતો રચિત લગ્ન ગીતો ગાઈને પ્રસંગને ખૂબજ માણ્યો હતો. મોટી સંખ્યામાં હરિભકતોએ તુલસી વિવાહના દર્શનનો લાભ લીધો હતો. શ્રીહરિકૃષ્ણ મહારાજની મૂર્તિને સુંદર શૃંગાર કરીને સૌને દર્શન કરાવ્યા હતા. *(કોઠારીશ્રી)*

શ્રી સ્વામિનારાયણ મંદિર ઉનાવા

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી મહંત સ્વામી હરિવલ્લભ-દાસજીના માર્ગદર્શન હેઠળ દિવાળીના નૂતન વર્ષના ઠાકોરજીને અન્નકૂટ આદિ પ્રસંગો ધામધુમથી ઉજવ્યા હતા. કષ્ટભંજન દેવના સાનિધ્યમાં સત્સંગ ડાયરો રાખવામાં આવેલ. જેમાં શ્રી ધવલભાઈ સોની અને શ્રી દિનેશભાઈ વધાશીયાએ સુંદર લાભ આપેલ.

(મહેન્દ્ર ભગત)

વણઝર (સરખેજ) મંદિરમાં પાટોત્સવ ઉજવાયો

અત્રેના શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી કારતક સુદ-પના ઠાકોરજીનો પાટોત્સવ સ્વામી સ્વયંપ્રકાશદાસજીની પ્રેરણાથી ધામધુમથી ઉજવ્યો હતો. સવારે મહાપૂજા, અભિષેક-અન્નકૂટ અને આરતીનો લાભ પ.ભ. રાજુભાઈ ઠક્કર, પ્રકાશભાઈ અને નિતિનભાઈએ લીધો હતો. સાંજે જીવરાજપાર્ક મંદિરથી શ્રી નરનારાયણદેવ યુવક મંડળે કીર્તન ભક્તિનો સુંદર કાર્યક્રમ કરેલ. *(કોઠારી રમણભાઈ)*

સત્સંગીઓ જોગ

આથી સ્વામિનારાયણ સંપ્રદાયના સર્વે સત્સંગીઓ જોગ જણાવવાનું કે : ઉત્તર વિભાગ શ્રી નરનારાયણદેવ દેશના મુળી સ્વામિનારાયણ મંદિરના ત્યાગી શાસ્ત્રી લક્ષ્મીનારાયણદાસ ગુરુ સ્વામી લક્ષ્મીપ્રસાદદાસજી તથા સ્વામી ઘનશ્યામપ્રકાશદાસ ગુરુ શાસ્ત્રી લક્ષ્મીનારાયણદાસ, સ્વામી અક્ષરપ્રકાશદાસ ગુરુ શાસ્ત્રી લક્ષ્મીનારાયણદાસને તેમના વર્તન અને વ્યવહાર સંપ્રદાયના વિરુદ્ધનું હોવાથી અને તેમણે આચાર્ય મહારાજશ્રી અને સત્શાસ્ત્રોની મર્યાદાનું ઉલ્લંઘન કર્યું હોવાથી મૂળી મંદિરના ત્યાગી પંચે તથા અમદાવાદ મંદિરના ત્યાગી પંચે સર્વાનુમતે વિમુખ કરવાનો ઠરાવ કર્યો છે. તેથી પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીએ તેમના હજુર જાવક નં. ૨૩/૦૫-૦૬ થી વિમુખ જાહેર કરેલા છે. તેથી સંપ્રદાયમાં બેય દેશમાં કોઈપણ મંદિરોમાં કે સંસ્થાઓમાં તેમને રાખવા રખાવવા નહીં. (વિમુખ થવાથી તેઓ સાધુ, પાર્ષદ કે હરિભક્તની ગણત્રીમાં પણ આવે નહી).

- આજ્ઞાથી મહંત સ્વામી
શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર, અમદાવાદ.

બાપુપુરા શ્રી સ્વામિનારાયણ મંદિરમાં તુલસી વિવાહ ઉજવાયો

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી અત્રે શ્રી સ્વામિનારાયણ મંદિરમાં બાપુપુરા મહિલા મંડળ દ્વારા કારતક સુદ-૧૨ રવિવાર તા. ૧૩-૧૧-૦૫ના શુભદિને તુલસી વિવાહનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. ચરાડાથી શ્રીહરિની જાન બાપુપુરા આવી ધામધુમથી જાનનું સ્વાગત કરી સમસ્ત ગામ તરફથી તુલસી વિવાહ ઉજવ્યો હતો. બહેનોએ સુંદર રાગમાં લગ્ન ગીતો ગાઈને સૌને ખૂબજ આનંદિત કર્યા હતા. આખું ગામે ભક્તિ રસના હિલોળે ચડ્યું હતું. સમસ્ત ગામ તરફથી આ આયોજન કરવામાં આવ્યું હતું.

હજારો ભાઈ-બહેનોએ તુલસી વિવાહના દર્શન કરી ધન્ય બન્યા હતા. *(કોઠારીશ્રી જેશંગભાઈ સવાભાઈ ચૌધરી, ભગાભાઈ રેવાભાઈ, સંચાલક)*

શ્રી સ્વામિનારાયણ મંદિર ડાંગરવા

પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી અત્રે ડાંગરવા ગામમાં તળપદ અને વાંટામાં સત્સંગની સુંદર પ્રવૃત્તિ ચાલે છે. બન્ને મંદિરમાં ભાદરવા માસમાં ૪૮ કલાકની શ્રી સ્વામિનારાયણ મહામંત્ર ધૂન્ય યોજવામાં આવી હતી. ડાંગરવાથી મૂળી શ્રી રાધાકૃષ્ણદેવની પદયાત્રા હરિભક્તોએ યોજીને દિવ્ય દર્શનનો લાભ સૌ પદયાત્રીઓએ લીધો હતો. બંને મંદિરોમાં શરદોત્સવ રાસ રમીને ઉજવ્યો હતો.

(ડાભી મફાજી સરદારજી)

મહુન્દ્રા ગામે મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવાયો

પ.પૂ. મોટા મહારાજશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના આશીર્વાદથી તથા વર્તમાન આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી ગાંધીનગર જીલ્લાના મહુન્દ્રા ગામે શાસ્ત્રી હરિજીવનદાસજીના માર્ગદર્શન મુજબ તથા જાતસેવાના ફળસ્વરૂપે ગામમાં નરનારાયણદેવના તાબાનું નૂતન હરિમંદિર બન્યું. મનુભાઈ માધાભાઈ પટેલ પરિવારે ભૂમિદાન કર્યું. અને સત્સંગીના માત્ર બે ઘરમાંથી મંદિરનું કામ એક વર્ષમાં પૂર્ણ થયું.

મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગે શ્રીમદ્ ભાગવત પંચાહન પારાયણનું ભવ્ય આયોજન થયું. વક્તાપદે શા. હરિજીવનદાસજી સ્વયં બિરાજ્યા. ત્રણ દિવસનો વિષ્ણુયાગ થયો. ગામમાં પ્રથમ વખત પૂ. મહારાજશ્રી પધાર્યા. સામૈયામાં આખું ગામ હિલોળે ચડ્યું. પાંચેક હજાર હરિભક્તો બહારગામથી પધાર્યા હતા. ૧૮-૧૧-૦૫, કારતક વદ-૩ના ધન્ય દિવસે પૂ. મહારાજશ્રીના વરદ્ હસ્તે પ્રાણ પ્રતિષ્ઠા વિધિ સંપન્ન થઈ. સમાપ્તિનું શ્રીફળ હોમાયું. કથાની પૂર્ણાહુતિ પછી ઉત્સવમાં સહયોગી સંતો-અમદાવાદ મંદિરના મહંત શ્રી, સોકલી, ઈડર, જેતલપુર, નારાયણઘાટ, નારણપુરા, ભુજ, હિંમતનગર વગેરે ધામોના સંતોએ પ્રાસંગિક પ્રવચનો કર્યા હતા. જેઓની પ્રેરણાથી શ્રી ગણપતિ, હનુમાનજીની મૂર્તિઓ પધરાવેલ એવા ભુજના વયોવૃદ્ધ સંત હરિનારાયણ સ્વામીનું પૂ.મહારાજશ્રીએ બહુમાન કર્યું. ગ્રામ વિસ્તારમાં સત્સંગ અને મંદિરની જરૂરીયાતને લક્ષમાં રાખીને પૂ. આચાર્ય મહારાજશ્રીએ મંદિર નિર્માણ કર્તા શાસ્ત્રીજીને વારંવાર આશીર્વાદ પાઠવ્યા હતા. તથા આ રીતે જ સત્સંગની વૃદ્ધિ કરતા રહો તેવી શીખ આપી હતી. મહોત્સવમાં લેઈવાળા ભક્તિ સ્વામીનું સુંદર માર્ગદર્શન તથા બિલીયાના શા. ચન્દ્રપ્રકાશ સ્વામીનું સફળ સભા સંચાલનથી ઉત્સવ ખરેખરો દીપી ઉઠ્યો હતો. *(કોઠારીશ્રી બાબુભાઈ એસ. પટેલ)*

દહેગામ શ્રી સ્વામિનારાયણ મંદિર

અત્રે શ્રી સ્વામિનારાયણ મંદિર (ટેબલા ફળી)માં નૂતન વર્ષના શુભ દિને ઠાકોરજીને અ.સૌ. હંસાબેન હર્ષદભાઈ પટેલ તરફથી અન્નકૂટ ધરાવવામાં આવેલ. હજારો ભક્તજનોએ અન્નકૂટના દર્શન કરી ધન્ય બન્યા હતા. *(કોઠારી અરવિંદભાઈ અમીન)*

મૂળી પ્રદેશના સત્સંગ સમાચાર

સુરેન્દ્રનગરના આંગણે શ્રીસ્વામિનારાયણ મંદિરનો ભવ્ય મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવાયો

સુરેન્દ્રનગર શહેરના મધ્યમા મૂળી શ્રી રાધાકૃષ્ણદેવના તાબાનું, પ.પૂ.ધ.ધુ. નિવૃત આચાર્ય મહારાજશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી, પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના શુભાશીર્વાદથી સદ્‌ગુરુ શ્રી બ્રહ્માનંદ સ્વામીની શિષ્ય પરંપરાના સ.ગુ. મહંત સ્વામી હરિનારાયણદાસજી સ્વામીના મંડળના અ.નિ.સ.ગુ. શાસ્ત્રી સ્વામી યોગેશ્વરદાસજી (જોગી સ્વામી)ના રાજીપાથી મુળીના સ.ગુ. પ્રેમજીવનદાસજી સ્વામીના ભજન-ભક્તિ સેવાશ્રમથી ખૂબજ રમણીય બંશી પહાડપુર (રાજસ્થાન)ના ગુલાબી પથ્થરનું નવ્ય, ભવ્ય, કલાત્મક નકશીઓથી યુક્ત પાંચ શિખર અને ૫ ઘુમટી અને ૧ મોટા ઘુમટ સાથેનું ભવ્ય શ્રી સ્વામિનારાયણ મંદિર આકાર પામેલ. જેમાં અલગ-અલગ ડિઝાઈનની ૪૨ છતો-૪૨ સ્થંભો (થાંભલાઓ) ૧ થાંભલીમાં ૨૪ રૂપોવાળા ૨૦ થાંભલા ૨૨'x૨૨' નો કોર કાચલાવાળો અને ૨૪ અવતારોની મૂર્તિઓ સાથેનો રમણીય ઘુમટ ૧૨ અવતારો સાથેના રૂપવાળા માર્બલના બારસાખ મંદિરમાં ૮૦૦ થી વધુ દેવ-દેવતા, સંતોના રૂપો સમાવેલ છે. જેની લંબાઈ ૧૦૫x૭૦ પહોળાઈ, ઉંચાઈ ૭૮ ફૂટ છે. જે મંદિરમાં મધ્યમાં પંચધાતુની શ્રીહરિકૃષ્ણ મહારાજ, શ્રીરાધાકૃષ્ણદેવ તથા ડાબી તરફ શ્રી નરનારાયણદેવ જમણી બાજુ શ્રીબાલસ્વરૂપ ઘનશ્યામ મહારાજ, એક શિખરમાં વિઘ્ન વિનાયકદેવ, શંકર-પાર્વતી તથા એક શિખરમાં શ્રી કષ્ટભંજનદેવ બિરાજે છે. જે દેવોનો મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના શુભ વરદ્ હસ્તે ધામધુમથી સંપન્ન થયો. જેના અંતર્ગત તા. ૧૧-૧૧-૦૫ થી તા. ૧૭-૧૧-૦૫ સુધી શહેરના પોલીસ પરેડ ગ્રાઉન્ડ ઉપર સાત દિવસની શ્રીમદ્ સત્સંગિજીવન પારાયણનું આયોજન કરવામાં આવેલ. જેના વક્તા પદે સ.ગુ. શાસ્ત્રી સ્વામી શ્રીજીપ્રકાશદાસજી તથા સ.ગુ. શાસ્ત્રી સ્વામી સત્યસ્વરૂપદાસજીએ કથામૃતનું પાન કરાવેલ. તેમજ દરરોજ સાથે સાથે ૧ કલાક વ્યાખ્યાન માળાનું આયોજન થયેલું. જેના વક્તા સ.ગુ. પુરાણી સ્વામી રામકૃષ્ણદાસજી બિરાજેલા. સાથો સાથ પાંચ દિવસના શ્રીહરિયાગ ૫૧ કુંડીમાં ૧૭૫ યજમાનોએ યજ્ઞ વિધિમાં બેસી અલભ્ય લાભ લીધેલ. ભગવાન શ્રી સ્વામિનારાયણ મહાપ્રભુના જીવન-કવન તેમજ સદાચાર

વગેરેનું અહીંના યુવકો દ્વારા જાતે પેઈન્ટીંગ કરી ચિત્રો બનાવેલ તેનું ભવ્ય પ્રદર્શન ખુલ્લું મુકેલુ. અને સુરેન્દ્રનગર શહેરમાં અત્યાર સુધી ન ભૂતો ન ભવિષ્યતી જેવી ભવ્ય નગર યાત્રા ઠાકોરજીની નીકળેલી. તેમાં પૂ. મહારાજશ્રી, તેમજ લાલજી મહારાજશ્રી બિરાજેલા. સાથો સાથ સર્વ રોગ નિદાન કેમ્પ યોજેલ. જેમાં શહેરના નામાંકિત ૪૦ ડૉકટરોએ સેવા આપી ૧૪૫૦ થી વધુ દર્દીઓને સેવા પૂરી પાડેલ. બ્લડ કેમ્પ દ્વારા ૮૮ થી વધુ બોટલ બ્લડ ડોનેશન થયેલુ.

તા. ૧૧-૧૧-૦૫ થી ૧૭-૧૧-૦૫ સુધી ગ્રાઉન્ડમાં ખુલ્લું રસોડું મુકવામાં આવેલ. જેમાં દરરોજ અલગ-અલગ પકવાનો-ફરસાણ વિ. ૮ થી ૧૦ વાનગી બનાવી ઠાકોરજીનો પ્રસાદ દરરોજ આપવામાં આવેલ. સાત દિવસ દરમ્યાન ૨,૩૫,૦૦૦ થી વધુ લોકોએ પ્રસાદ લીધેલ. આ સમગ્ર મહોત્સવ ખૂબજ ભવ્યતાથી ભવ્ય યોજાઈ ગયો. જેમાં પ.પૂ.ધ.ધુ. નિવૃત્ત આચાર્ય મહારાજશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીએ મંદિર જોઈ ખૂબજ અંતઃકરણ પૂર્વક રાજી થઈ સ.ગુ. સ્વામી પ્રેમજીવનદાસજીને રૂડા આશીર્વાદ આપેલ. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી કૌશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા પ.પૂ. શ્રી લાલજી મહારાજ ૧૦૮ શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરૂપ પૂ. ગાદીવાળાશ્રી તેમજ અ.સૌ. લક્ષ્મીસ્વરૂપ પૂ.મોટા ગાદીવાળાશ્રી પધારેલા અને મંદિરનું કાર્ય અને મૂર્તિઓ જોઈ ખૂબજ પ્રસન્ન અને રાજી થયા હતા.

આ મંદિરનું નિર્માણ કાર્ય ૮ વર્ષ સુધી ચાલેલ. જેમાં ૨૮૦૦૦ થી પણ વધુ ઘનફૂટ પથ્થર વપરાયેલો છે. અંદાજે ૩ કરોડના ખર્ચે મંદિરનું બાંધકામ થયેલ છે. આ સમગ્ર મહોત્સવના મુખ્ય યજમાન પદે અ.નિ. સાં.યો.બા શ્રી ધોળીબાના શિષ્ય સાં.યો.બાશ્રી કમળાબા તથા સાં.યો.બા શ્રી કોકીલાબા, ઉપાબા રહ્યા હતા. તેમજ શ્રીકૃષ્ણ ભગવાનની મૂર્તિના યજમાન અને ૧ સુવર્ણ સિંહાસનની પણ સેવા કરેલ અને સત્સંગી બહેનો દ્વારા ઘણી મોટી સેવા આ કાર્યમાં પ્રેરણા કરી કરાવેલ. શ્રીમદ્ સત્સંગિજીવન સપ્તાહ પારાયણના યજમાન પ.ભ. કાનજીભાઈ હરજીભાઈ વરસાણી સામત્રા કચ્છ વાળા રહ્યા હતા. તેઓશ્રીએ શ્રી ગણપતીજીની મૂર્તિ તથા બારસાખની પણ સેવા કરેલ છે.

શ્રી નારાયણ ભગવાનની મૂર્તિના યજમાન લક્ષ્મણભાઈ રાઘવાણી તથા કાનજીભાઈ રાઘવાણી, પ્રેમજીભાઈ રાઘવાણી બળદિયાવાળા હતા. શ્રી નર ભગવાનની મૂર્તિના યજમાન અ.નિ. મોહનભાઈ પાનાચંદભાઈ ગાંધી (ધ્રાંગધ્રાવાળા) હતા. પંચ ધાતુની શ્રી હરિકૃષ્ણ મહારાજની મૂર્તિના યજમાન પ.ભ. પરબતભાઈ કાનજીભાઈ હિરાણી ભારાસર (કચ્છ) હતા. તથા બાલ સ્વરૂપશ્રી ઘનશ્યામ મહારાજની મૂર્તિના યજમાન અ.નિ.પ.ભ. અનંતરાય મણીલાલ ધોળકિયા પરિવાર, મુંબઈ, હસ્તે રંજનબેન ધોળકિયા હતા. શ્રી રાધિકાજી માતાજીની મૂર્તિના યજમાન અ.નિ. ગુણવંતલાલ ત્રંબકલાલ કામદાર પરિવાર ભાવનગર હસ્તે અરવિંદભાઈ તથા સંતોષભાઈ ડાહ્યાભાઈ હતા. શ્રી કષ્ટભંજનદેવની મૂર્તિના યજમાન પ.ભ. રવજીભાઈ મેઘજીભાઈ વેકરિયા બળદિયા તેમજ શિવ-પાર્વતીના મૂર્તિના યજમાન અ.નિ. ચંદુભાઈ ઓધવજીભાઈ સોની હસ્તે રંજનબેન તથા અજય, પ્રશાંતભાઈ હતા. સુખ શૈયાની મૂર્તિ પ.ભ. શ્રી રવજીભાઈ ગોવિંદભાઈ વરસાણી કેરા કચ્છ તથા સિંહાસનની સેવા વસંતબેન જયંતીલાલ શાહ મુંબઈ પાલાં તથા કિરીટભાઈ મનસુખબાઈ ઉદાણીએ કરેલ હતી.

શ્રીહરિયાગના મુખ્ય યજમાન પદે ખારવાવાળા હાલ સુરતના મોહનભાઈ પોપટલાલ બગડીયા હતા. તેમજ માર્બલના બારસાખની સેવા પ.ભ. ખીમજીભાઈ હરજીભાઈ તથા ભીખાભાઈ હરજીભાઈ મીરજાપુર કચ્છ, પ.ભ. નરેન્દ્રભાઈ અમરાભા ખાચર રાજકોટ, પ.ભ. દલસુખભાઈ રામજીભાઈ પરીખ, તથા ડૉ. કમલેશભાઈ પરીખ સુરેન્દ્રનગર, પ.ભ. ધીરજલાલ વાડીલાલ પરીખ સુરેન્દ્રનગર, પ.ભ. અમૃતલાલ નાનજીભાઈ ખત્રી સુરેન્દ્રનગર, પ.ભ. મણીભાઈ મોહનભાઈ પટેલ ટ્રેન્ટવાળા સુરેન્દ્રનગર, પ.ભ. લલ્લુજી એન્ડસન્સ ઉજૈન મધ્યપ્રદેશ.

કળશ ધ્વજદંડની સેવા પ.ભ. ડૉ. ભરતભાઈ ખેરડિયા ચુડા, સત્સંગ સમાજ યુ.એસ.એ. હ. રાજેશભાઈ પરીખ, પ.ભ. ભીમજીભાઈ દેવજીભાઈ ટાંકદુબઈ, અ.નિ. પ્રાણલાલ દેવચંદભાઈ પરીખ મુંબઈ, અ.નિ. પ.ભ. હરિકૃષ્ણભાઈ ગોરધનભાઈ મુંબઈ, પ.ભ. જયશ્રીબેન ઠાકોરભાઈ પટેલ અમેરિકા.

શ્રી નરનારાયણદેવના સિંહાસનની સેવા, અ.નિ. પ.ભ. મણીલાલ લક્ષ્મીદાસ ભાલજા સાહેબ મંડળ હ. નંદલાલભાઈ કોઠારી તથા નાના કષ્ટભંજન દેવ (નાના)ની સેવા અમૃતભાઈ પટેલ ગાંધીનગરવાળાએ લીધેલ. સિંહાસનની સેવા રામજીભાઈ કાનજીભાઈ હિરાણી તથા ખીમજીભાઈ કાનજીભાઈ હિરાણી ભારાસર કચ્છ વાળાએ સેવા કરેલ. સાત દિવસ દરમ્યાન દૈનિક રસોઈ પ્રથમ દિવસના યજમાન અ.નિ. શાસ્ત્રી સ્વામી વિજ્ઞાનદાસજી શિષ્ય મંડળ મુળીધામ, બીજા દિવસ અશ્વિનભાઈ ભીખાલાલ પારેખ સુરેન્દ્રનગર, ત્રીજા દિવસ હરગોવિંદભાઈ સુંદરજીભાઈ જનસારી સુરેન્દ્રનગર, ચોથા દિવસ અ.નિ. પિતામ્બરભાઈ અરજણભાઈ માલવણીયા, પાંચમા દિવસ ડૉ. કમલેશભાઈ ડી. પરીખ સુરેન્દ્રનગર, છઠ્ઠા દિવસ પરબતભાઈ, કાનજીભાઈ હિરાણી તથા રવજીભાઈ ગોવિંદભાઈ વરસાણી, સાતમા દિવસની રસોઈ ધનજીભાઈ આણંદજીભાઈ પટેલ મેકસનવાળા તેમજ શ્રીહરિયાગના સહ યજમાન પદે ચમનભાઈ રામજીભાઈ ખત્રી તથા અ.નિ. નાગરદાસ છગનલાલ પારેજીયા તથા પ.ભ. ધનસુખભાઈ દામજીભાઈ પોરિયા પ.ભ. હરિકૃષ્ણભાઈ કે. ગાંધી. મહાભિષેક તથા અન્નકૂટના યજમાનનો લાભ ચુનીલાલ ગોવિંદભાઈ સોની, જસુભાઈ સોની, પ્રવિણભાઈ સોની, મનુભાઈ સોની તથા અ.નિ. જયંતિભાઈ કાળીદાસ પરીખ તથા અ.નિ. રામજીભાઈ કાનજીભાઈ સોની હસ્તે સંજયભાઈ સોની અમદાવાદ તથા ગુણવંતરાય પી. મહેતા તથા વસંતભાઈ હરિલાલ દોશી તથા તનુકુમાર કરશનભાઈ ડોબરિયા તથા સમૂહ મહાપૂજાના યજમાન પદે ખીમજીભાઈ ભગવાનદાસ પટેલ મેડાવાળા હા. ગોવિંદભાઈ તથા રતીભાઈ, તથા પ.પૂ. મહારાજશ્રીના પૂજનનો લાભ પ.ભ. દલસુખભાઈ રામજીભાઈ પરીખ તથા પ.ભ વસંતલાલ ત્રિભોવનદાસ ટાંકે લીધેલ

હતો. પૂ. મહારાજશ્રીના ઉતારાનો લાભ મોહનભાઈ લાલજીભાઈ પટેલ તથા સંતોના પૂજનનો લાભ અ.નિ. રણછોડભાઈ ડોસાભાઈ પટેલ તથા અ.નિ. ચતુરભાઈ છગનભાઈ પટેલ તથા ચતુરભાઈ મોહનભાઈ પટેલે લીધેલ તથા ગોપવેશ, મુગટ, છત્રની સેવા પ.ભ. બિપીનભાઈ કવિ શિકાગો તથા હરજીભાઈ વાલજીભાઈ તથા લક્ષ્મીચંદભાઈ નારાયણદાસ મણીયાર સુરેન્દ્રનગર, તથા શિખરની પદમશિલાના યજમાન અ.નિ. લવજીભાઈ ભીમદાસ પરિવાર અમદાવાદ, અ.નિ. કાંતિલાલ મણીલાલ સોની સુરેન્દ્રનગર, બળવંતરાય એન. ગદાણી સુરેન્દ્રનગર, માણેકલાલ એમ પરીખ સિકંદરાબાદ, રસિકલાલ પોપટલાલ વડોદરા, પ.ભ. શ્રી જયંતીભાઈ કુલચંદભાઈ સોની.

આ મંદિરની સંપૂર્ણ ડિઝાઈન અંબાજીના જગદીશભાઈ સોમપુરાએ કરેલ છે. તેમજ મંદિરનું ઘડતરકામ શેરખાન કાળુખાને કરેલ. મંડપ વિ.ની સેવા સદ્‌ગુરૂ મંડપ ઈડર તથા જ્યોતિ મંડપ મોરબી તથા લલ્લુજી એન્ડ સન્સ ઉજૈન, લાઈટની સેવા અમૃત ઈલે. રાજકોટવાળાએ કરેલ. આ પ્રસંગે અમદાવાદ મંદિરના મહંત સ્વામી નિર્ગુણદાસજી તથા છપૈયાના માજી મહંત સ્વામી હરિકૃષ્ણદાસજી તથા ભુજથી સ.ગુ. પ્રેમપ્રકાશદાસજી તથા મૂળીના મહંત સ્વામી નરેન્દ્રપ્રસાદદાસજી ખાસ પધારેલા. તેમજ મૂળી, અમદાવાદ, વડતાલ, જુનાગઢ, જેતલપુર, ગઢડા, ધોલેરા, ભુજ વિ. ધામોથી સંતો પધારેલા તથા ભુજ અમદાવાદ તથા મૂળી દેશના તમામ સાંખ્યયોગી બહેનો પધારેલા.

આ પ્રસંગે સંહિતાપાઠનું પણ આયોજન થયેલ. તેમજ દરરોજ રાત્રે સાંસ્કૃતિક કાર્યક્રમ તેમજ લોકડાયરાનું આયોજન થયેલ. આ પ્રસંગે શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી તથા દેવપ્રકાશ સ્વામી ખાસ અમેરિકાથી આવી ખૂબજ સહકાર આપેલ. શાસ્ત્રી સ્વામી ધર્મવલ્લભદાસજીએ શિકાગોથી ઘણી સેવા મંદિર નિર્માણમાં કરાવેલ. શાસ્ત્રી સ્વામી પૂર્ણપ્રકાશદાસજી, સ.ગુ. રાજેન્દ્રપ્રસાદ, તથા નાના પી.પી. સ્વામીએ હરિભક્તોને પ્રેરણા કરીને સેવા કરાવેલી. તેમજ ચરાડવા મંદિરના મહંત સ્વામી જીષ્ણુચરણદાસજીએ સમગ્ર રસોડાની વ્યવસ્થા કરેલી. મુળીના સૂર્યપ્રકાશ સ્વામી, શાંતિપ્રકાશ સ્વામી, વ્રજવલ્લભ સ્વામી, વિશ્વસ્વરૂપ સ્વામી, વૃંદાવન સ્વામી, કે.પી. સ્વામી, પ્રેમવલ્લભ સ્વામી, કનુભગત વગેરેએ ખૂબજ સહકાર આપેલ. નારાયણજીવન સ્વામી તથા અત્રેના નાના-મોટા દરેક હરિભક્તો ભાઈઓ-બહેનોએ ખૂબજ જહેમત ઉઠાવી આ સમગ્ર મહોત્સવમાં સુંદર સેવા બજાવી હતી.

સમગ્ર મહોત્સવનું સભા સંચાલન શાસ્ત્રી સ્વામી પૂર્ણપ્રકાશદાસજી તથા શાસ્ત્રી સ્વામી પ્રેમવલ્લભદાસજી તથા શાસ્ત્રી સ્વામી ભક્તિનંદનદાસજીએ સંભાળ્યું હતું. અનેક નામી અનામી સંતો હરિભક્તોએ ઘણીજ સારી સેવાઓ કરીને આ પ્રસંગને દિપાવ્યો હતો. તેમજ મૂળી દેશના તમામ ગામડાઓના શ્રી નરનારાયણદેવ યુવક મંડળના ભાઈઓ-બહેનોએ સ્વયં-સેવક તરીકે ખૂબજ નિષ્ઠા ભાવનાથી સેવા બજાવી હતી.

મૂળી નિવાસી હરિકૃષ્ણ મહારાજ, પૂ. આચાર્ય મહારાજશ્રીની કૃપા અને રાજીપાથી મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ નિર્વિઘ્ને ઉજવાઈ ગયો. તન, મન, ધનથી સેવા કરનાર સૌ સંત-હરિભક્તોનું સુરેન્દ્રનગર માં બિરાજમાન શ્રી ઘનશ્યામ મહારાજ સર્વપ્રકારે મંગળ કરે એવી પ્રાર્થના. આ સમગ્ર મહોત્સવનું સંચાલન શાસ્ત્રી સ્વામી પ્રેમવલ્લભદાસજી તથા શાસ્ત્રી સ્વામી સત્યસ્વરૂપદાસજીના નેતૃત્વ નીચે શ્રી નરનારાયણદેવ યુવક મંડળ સુરેન્દ્રનગર દ્વારા થયેલું.

(શૈલેન્દ્રસિંહ ઝાલા)

સ.ગુ. દેવાનંદસ્વામીના જન્મ સ્થાન બળોલ (ભાલ)ના મંદિરમાં મૂર્તિ પ્રતિષ્ઠા ધામધુમથી સંપન્ન થઈ

શ્રી નરનારાયણદેવ ગાદીના મૂળી શ્રી રાધાકૃષ્ણદેવ તાબાના કવિ સમ્રાટ સ.ગુ. દેવાનંદ સ્વામીના જન્મસ્થાન બળોલ (ભાલ)ના નવનિર્મિત સ્વામિનારાયણ મંદિરમાં પ.પૂ. મોટા મહારાજશ્રી તથા શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી બન્ને મંદિરનું નિર્માણ કાર્ય પૂર્ણ થતા મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવવાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું.

તા. ૯-૧૧-૦૫ના પ્રારંભ દિને દિપ પ્રાગટ્ય પ્રસંગે અમદાવાદ મંદિરના મહંત શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજી, ભંડારી સ્વામી જાનકીવલ્લભદાસજી, મૂળીથી સ્વામી બાળકૃષ્ણદાસજી, સ્વામી નરનારાયણદાસજી અને ધોળકા મહંત સ્વામી જગતપ્રકાશદાસજીએ દિપ પ્રગટાવીને પ્રસંગને ખુલ્લો મુક્યો હતો.

મૂર્તિ પ્રતિષ્ઠાના ઉપલક્ષમાં તા. ૯-૧૧-૦૫ થી તા. ૧૩-૧૧-૦૫ પર્યન્ત શ્રીમદ્ સત્સંગિભૂષણ પંચાન્હ પારાયણ સુપ્રસિધ્ધ કથાકાર પૂજ્ય શાસ્ત્રી સ્વામી હરિકેશવદાસજીના વક્તાપદે (સવારે) અને સાંજના વક્તાશ્રીઓમાં શાસ્ત્રી સ્વામી જ્ઞાનવલ્લભદાસજી, શાસ્ત્રી સ્વામી શ્રીજીપ્રકાશદાસજી, શાસ્ત્રી સ્વામી ઘનશ્યામપ્રકાશદાસજી અને પૂ. શાસ્ત્રી સ્વામી પુરૂષોત્તમપ્રકાશદાસજીએ પોતાની અમૃતમય વાણીથી જ્ઞાનરસ-કથારસથી સૌને તરબોળ કરી દીધા હતાં. સહિંતા પાઠના વક્તા બ્ર. સ્વામી સૂર્યપ્રકાશાનંદજી રહ્યા હતા. અને સભા સંચાલન શાસ્ત્રી સ્વામી પૂર્ણપ્રકાશદાસજીએ સંભાળ્યુ હતું. ઉત્સવના પાંચે દિવસ સમસ્ત ગામ અને મહેમાનોને ભજન અને ભોજનનું અદ્‌ભૂત આયોજન ગામ તરફથી કરીને સૌને તૃપ્ત કર્યા હતા. સમગ્ર મહોત્સવનું આયોજન પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી મૂળી મંદિરના મહંત સ્વામી લક્ષ્મીપ્રસાદદાસજી, હજુરી પાર્ષદ વનરાજભગત અને નાથદ્વારાના મહંત સ્વામી ધર્મસ્વરૂપદાસજીએ શ્રધ્ધા ભક્તિ અને કુનેહથી સંભાળ્યું હતું. ઉત્સવના ઉપક્રમે વિષ્ણુયાગ, મહાપૂજા, વિપ્ર બટુકોને યજ્ઞો પવિત અને રાત્રે સાંસ્કૃતિક કાર્યક્રમમાં લોક કલાકાર શ્રી ખીમજીભાઈ ભરવાડ અને અન્ય નામાકિંત કલાકારોએ ભક્તિ સંગીતના કાર્યક્રમમાં સૌને ખૂબજ આનંદિત કર્યા હતા.

તા. ૧૩-૧૧-૦૫ કારતક સુદ-૧૨ના સવારે ૮-૦૦ કલાકે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી સંત મંડળ સાથે પધાર્યા ત્યારે ગામની ભાગોળથી અભૂતપૂર્વ સ્વાગત સામૈયુ ગામના હજારો હરિભક્તો અને સંતોએ કર્યું હતું. બળોલ ગામના ઈતિહાસમાં આવો પ્રસંગ હજુ સુધી કોઈએ

જોયો નથી ! માણ્યો નથી ! અને અનુભવ્યો નથી ! ખરેખર બળોલ ગામના તમામ ભાવિકોએ શ્રધ્ધા ભક્તિથી સેવા કરી, કથા સાંભળી અને જીવનને સુફલ બનાવ્યું. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ ભાઈઓ અને બહેનોના બંને મંદિરોમાં મૂર્તિ પ્રતિષ્ઠા વેદ વિધિસર ધામધુમથી પોતાના વરદ્ હસ્તે કરી. ત્યાર બાદ યજ્ઞ-મહાપૂજા વગેરેની પૂર્ણાહુતિ કરીને સભામાં પધાર્યા હતા. જ્યાં અગ્રણી હરિભક્તોએ પ.પૂ. આચાર્ય મહારાજશ્રીની આરતી ઉતારી ભેટ - પૂજન કરી આશીર્વાદ મેળવ્યા હતા અને પ.પૂ. મોટા મહારાજશ્રીના દિવ્ય સંકલ્પ શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં પધરાવવા પ્રસાદીની રજાઈ અર્પણ કરવામાં આવી હતી અને ત્યારબાદ પારાયણની પૂર્ણાહુતિ કરી હતી. બળોલ ગામના ભાગ્યનો પાર ન હતો. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી, પ.પૂ. મોટા મહારાજશ્રી અને લાખોના પ્રાણ પ્યારા પ.પૂ. લાલજી મહારાજશ્રી સભામાં વિરાજમાન થયા ત્યારે બહેનોને દિવ્ય સુખ અને આશીર્વાદ આપવા બન્ને લક્ષ્મીસ્વરૂપ પ.પૂ. ગાંદીવાળાશ્રી પધાર્યા હતા. આમ બળોલ ગામ ધર્મકુળ-ધર્મવંશી પરિવારના દિવ્ય ચરણોથી ધન્ય ધન્ય બન્યું હતું.

આ પ્રસંગે ભાજપ પ્રદેશ પ્રમુખશ્રી વજુભાઈ વાળા, શ્રી કિરિટસિંહ રાણા (લીંબડી) અને લીંબડીના ધારાસભ્યશ્રી ભવાનભાઈ ભરવાડ દર્શન કરવા પધાર્યા હતા. આ પ્રસંગમાં અનેક સંતો મહંતો અને ગામના સમસ્ત જનો અને અમદાવાદ તેમજ દેશ-વિદેશના હરિભક્તોએ ઘણી સારી સેવા કરીને પ્રસંગમાં સહ ભાગી બન્યા હતા. અમદાવાદ મંદિરના મહંત શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજી, જેતલપુરના પૂ. પી.પી. સ્વામી, ધોળકાના મહંત સ્વામી જગતપ્રકાશદાસજી, મૂળીના મહંત સ્વામી નરેન્દ્રપ્રસાદદાસજી, શાસ્ત્રી સ્વામી પૂર્ણપ્રકાશદાસજી, સ્વા. ચંદ્રપ્રકાશદાસજી વગેરે સંતોએ ખૂબજ સહયોગ આપીને પ્રસંગને દિપાવ્યો હતો.

શ્રીહરિના બન્ને અપર સ્વરૂપ પ.પૂ. મહારાજશ્રીએ સમસ્ત ગામને રૂડા આશીર્વાદ આપીને ખૂબજ રાજી કર્યા હતા.

(કરશનભાઈ સિંધવ)

વિદેશ સત્સંગ સમાચાર

શિકાગો (I.S.S.O.) શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પદયાત્રા અને પૂ. મહારાજશ્રીનો પ્રાકટ્યોત્સવ ઉજવાયો

આપણા મીડવેસ્ટ શ્રી સ્વામિનારાયણ મંદિર શિકાગોમાં આપણા બન્ને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની કૃપા આશીર્વાદથી સત્સંગ ઉત્તરોત્તર વૃદ્ધિ પામતો જાય છે.

અત્રે ભાદરવા સુદ-૧૫ના મંદિરના કાર્યકરોએ પદયાત્રાનું આયોજન કર્યું હતું. મંદિરથી આશરે ૫ કિલોમીટર દૂરથી સવારે ૭-૦૦ કલાકે પદયાત્રાનો શુભારંભ શ્રી સ્વામિનારાયણ ભગવાન, શ્રી નરનારાયણદેવ અને પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના જયનાદોના ગગન ચુંબી ઘોષથી કરવામાં આવેલ. હરિભક્તો ભાઈ-બહેનો અને શિકાગો આપણા મંદિરના મહંત શા.સ્વા. ધર્મવલ્લભ-દાસજી વગેરે સંતો પદયાત્રામાં જોડાયા હતા. એક સત્સંગી બહેન પોતાના ૬ માસના બાળકને લઈને પદયાત્રામાં જોડાયા હતા તે જોઈ અનેક લોકો આશ્ચર્ય અનુભવતા હતા. પદયાત્રામાં સેંકડો ભાવિકો વાજીંત્રના તાલે શ્રી સ્વામિનારાયણ મહામંત્ર ધૂન્ય બોલતા બોલતા આપણા મંદિરે આવીને પદયાત્રા પૂર્ણ કરી હતી. અને સૌ પદયાત્રીઓએ શણગાર આરતીના દર્શન કરીને ખૂબજ ધન્ય બન્યા હતા.

સર્વોપરી શ્રીહરિની અંતર્ધાન તિથિ નિમિત્તે સાંજે સભામાં ધૂન્ય, ભજન, કથા, વાર્તા સમૂહ પ્રસાદનું સુંદર આયોજન કર્યું હતું. જેમાં બહેનો ની સેવા પ્રેરણા લેવા જેવી હતી. આમ અત્રે હરિભક્તોના સંપૂર્ણ સહકારથી અનેક ઉત્સવ ધામધુમથી ઉજવીને પશ્ચિમના દેશોમાં શ્રી સ્વામિનારાયણ ભગવાનનું વિશેષ ભજન, ભક્તિ થાય છે. વિશેષ તો આપણા પરમ કૃપાળુ પરમ પૂજય આચાર્ય મહારાજશ્રીની અતિ-કૃપા અને આશીર્વાદથી બધુંજ સરળ-સુલભ બને છે. શિકાગો શ્રી સ્વામિનારાયણ મંદિરમાં આપણા શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીનો પ્રાકટ્યોત્સવ શિકાગોના હજારો હરિભક્તોએ ધામધુમ અને આનંદ ઉલ્લાસ સાથે ઉજવ્યો હતો.

સભામાં આજના શુભ મંગલમય દિને ભજન, કીર્તન અને ધૂનથી સભાનો પ્રારંભ થયો હતો. શાસ્ત્રી સ્વામી ધર્મવલ્લભદાસજીએ સદ્‌ગુરુ નિષ્કુળાનંદ સ્વામી રચિત પુરુષોત્તમપ્રકાશની કથા દ્વારા ધર્મકુળ મહિમા, આચાર્ય મહિમા અને આચાર્ય દ્વારાજ દીક્ષા મંત્રનો મહિમા સવિસ્તાર વિધિવત સમજાવ્યો હતો. અત્રેના પ્રમુખશ્રી જગદીશભાઈએ (I.S.S.O.) ના વિકાશની વિસ્તારથી વાત કરી હતી. ખરેખર આજનો દિન અતિ ભવ્ય અને દિવ્ય હતો. પૂજારી સ્વામીએ આજે શ્રીહરિકૃષ્ણ મહારાજને આચાર્ય મહારાજનો પોષાક ધરાવીને પ્રસંગને વધુ ઉજ્જવળ બનાવ્યો હતો. આરતી, નિત્ય, નિયમ આદિ કરીને સૌને સુંદર પ્રસાદ જમાડવામાં આવેલ. ભાઈઓ અને બહેનોની સેવા પ્રેરણારૂપ હતી. *(ઘનશ્યામભાઈ કવિ, વિષ્ણુભાઈ સોલાવાળા)*

શ્રી સ્વામિનારાયણ મંદિર ફ્લોરિડા (I.S.S.O.)

ફ્લોરિડા (I.S.S.O.) સ્ટેટના લેકલેન્ડ આપણા શ્રી સ્વામિનારાયણ મંદિરમાં ૧૬ ઓકટોબર રવિવારના સૌ હરિભક્તોએ મળીને શરદોત્સવ અને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીનો પ્રાકટ્યોત્સવ ધામધુમથી ઉજવ્યા હતા.

અત્રે પૂજા સેવા કરતા શાસ્ત્રી સ્વામી નારાયણવલ્લભદાસજીના માર્ગદર્શન હેઠળ સભામાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની પ્રતિમાનું ચંદન પુષ્પવડે પૂજન-અર્ચન કરી પ્રાકટ્યોત્સવની આરતી પૂજા પ.ભ. અરવિંદભાઈ પટેલે (કરજીસણવાળા) ઉતારી હતી. સાથે શરદ પૂર્ણિમાના પ્રસંગે ઠાકોરજીને કેસર સાકર યુક્ત દુધ પૌંવા ધરાવીને હરિભક્તો રાસ રમ્યા હતા.

શા.સ્વામી નારાયણવલ્લભ-દાસજીએ શ્રીમદ્ ભાગવત 'રાસ પંચાધ્યાયીનું કથામૃત પાન કરાવ્યું હતું. અને સાથે ધર્મકુળ માહાત્મ્ય અને આપણા ગુરુ આચાર્ય મહારાજશ્રીનો મહિમા સવિસ્તાર સમજાવ્યો હતો. છેલ્લે સૌને દુધ પૌંવાનો પ્રસાદ જમાડવામાં આવેલ. *(નિતિનભાઈ પટેલ)*

ડિટ્રોઇટ (I.S.S.O.) શ્રીસ્વામિનારાયણ મંદિરનો પ્રથમ પાટોત્સવ ધામધુમથી ઉજવાયો

સર્વોપરિ શ્રી સ્વામિનારાયણ ભગવાનની કૃપાથી તથા શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ

પરમ પૂજ્ય આચાર્ય મહારાજશ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી તથા પૂ. મહંત શાસ્ત્રી હરિકૃષ્ણદાસજી તથા પૂ. સ્વામી દેવપ્રકાશદાસજી (ધોળકા માજી મહંત અને સ્કીમ કમિટી સભ્ય)ની પ્રેરણાથી પ.ભ. ડૉ. મનોજભાઈ જયદેવભાઈ બ્રહ્મભટ્ટ અને તેમના માતુશ્રી ગં.સ્વ. જસુબા પરિવાર તરફથી ડિટ્રોઈટ મંદિરનો પ્રથમ પાટોત્સવ ખૂબજ ધામધુમથી ઉજવાયો હતો.

૧૨ સપ્ટેમ્બરનો દિવસ ડિટ્રોઈટના હરિભક્તો માટે ભવ્ય અને દિવ્ય હતો. ડિટ્રોઈટ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં બિરાજમાન સર્વોપરિ શ્રી સ્વામિનારાયણ ભગવાન આદિ સ્વરૂપોનો પ્રથમ પાટોત્સવ પ.પૂ. લાલજી મહારાજશ્રી, પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી અને પ.પૂ. મોટા મહારાજશ્રીના શુભ વરદ્ હસ્તે વેદવિધિસર રીતે મહાભિષેક કરીને ભવ્યતાથી સંપન્ન થયો હતો. પાટોત્સવના યજમાન બહેનોના આમંત્રણથી પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરૂપ બન્ને ગાદીવાળાશ્રી પધાર્યા હતા. અને બહેનોને દર્શન આશીર્વાદનું દિવ્ય સુખ આપ્યું હતું.

યજમાન પરિવાર ડૉ. મનોજભાઈ તથા ચિ. જય તરફથી ઠાકોરજીને મહાભિષેક, મહાપૂજા અને અન્નકૂટ વગેરે થયા હતા. અત્રે સેવા પૂજા કરતા ઘનશ્યામ સ્વામી અને યોગી સ્વામીએ ઠાકોરજીને સુંદર અવનવા શૃંગાર ધરાવીને હરિભક્તોને રાજી કર્યા હતા.

આ પ્રસંગમાં પ્રેસિડેન્ટ ડૉ. અરવિંદભાઈ, હિંમતભાઈ ખેર, ડૉ. રશ્મિ વોરા, જગદીશભાઈ, સેવાભાવી ડૉ. બાબુભાઈ રાઠોડ, કિશનભાઈ પરદાનાની, રાજુભાઈ, રશ્મિભાઈ, સુમનભાઈ, જેરી પટેલ, અરવિંદભાઈ માલવીયા, વિજય, કીરીટ વગેરેએ દિવ્ય લાભ લીધો હતો.

પાટોત્સવના ઉપલક્ષમાં સુપ્રસિદ્ધ કથાકાર શ્રી યોગેન્દ્રભાઈ ભટ્ટના વક્તાપદે પંચ દિનાત્મક કથા પારાયણ યોજવામાંઆવી હતી. આ પ્રસંગે કડવા પાટીદારના કુળદેવી ઉમિયા માતાજીની પ્રતિષ્ઠા વિધિસર ધામધુમથી સંપન્ન થઈ હતી. પાટોત્સવનો લાભ લેવા I.S.S.O. ના દરેક ચેપ્ટરોના હરિભક્તો દર્શને પધાર્યા હતા. શિકાગોથી પ્રેસિડેન્ટ જગદીશભાઈ, ઘનશ્યામભાઈ, ધીરૂભાઈ ભુંગળીયા, કલિવલેન્ડ ચેપ્ટરથી પ્રકાશભાઈ, જયંતીભાઈ, ભિખુભાઈ ઠક્કર, હરિશ વડુવાળા, બાબુભાઈ કાનદાસ કોઠાવાળા વગેરે ૧૫૦૦થી પણ વધુ હરિભક્તો ભાઈઓ અને બહેનો આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા. મણીભાઈ પટેલ (સલાલવાળા) તરફથી સમસ્ત હરિભક્તોને પ્રસાદ જમાડવામાં આવેલ. અને શનાભાઈ અને ડી. એમ. પટેલે વિષ્ણુયાગના યજમાન બનવાનો લાભ લીધો હતો. ઓહાવોથી અનીલભાઈ, જયેશભાઈ અને મહેન્દ્રભાઈ વગેરે પણ દર્શનનો લાભ લેવા પધાર્યા હતા.

પ્રાસંગિક સભામાં પૂ. મહંત સ્વામી હરિકૃષ્ણદાસજીએ સર્વોપરિ શ્રી સ્વામિનારાયણ ભગવાન અને શ્રી નરનારાયણદેવનો મહિમા માહાત્મ્ય સુંદર રીતે વર્ણવીને ડિટ્રોઈટના સત્સંગ અને યજમાન પરિવારની સેવા નિષ્ઠા તે બિરદાવીને દ્રષ્ટાંત સહિત સુંદર વાત કરી હતી.

અમદાવાદના પૂજ્ય મહંત સ્વામીએ પણ સુંદર વ્યક્તવ્ય આપ્યું હતું. પ.પૂ. મહારાજશ્રી સાથે મહંત સ્વામી, પૂજ્ય પી.પી. સ્વામી (જેતલપુર), હજુરી પાર્ષદ વનરાજ ભગત વગેરે પ્રવાસમાં જોડાયા હતા. સંત-હરિભક્તોના પ્રવચન બાદ શ્રીહરિના બન્ને અપર સ્વરૂપોએ સમસ્ત સભાને રૂડા આશીર્વાદ આપ્યા હતા.

પ.પૂ. મોટા મહારાજશ્રીના દિવ્ય સંકલ્પ 'શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ'ના નિર્માણકાર્યમાં અનેક હરિભક્તોએ સેવા આપી હતી. મહંત શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી અને દેવપ્રકાશ સ્વામી 'શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ'ની સેવા-પ્રવૃત્તિમાં I.S.S.O.ના દરેક ચેપ્ટરોમાં હરિભક્તોના સમૂહ સાથે ફરીને સુંદર સેવાનું ઉદાહરણ પુરુ પાડ્યું હતું. ડિટ્રોઈટ મંદિરમાં ઉજવાયેલ પાટોત્સવના દર્શન કરી હજારો ભક્તજનો ખૂબજ ધન્યતાની લાગણી અનુભવતા હતા.

રસોડા વ્યવસ્થામાં રસિકભાઈ, યોગેશભાઈ, નિરંજનભાઈ, જગદીશભાઈ, રાજુભાઈ અને કાંતિભાઈ અને બહેનોમાં ધર્મિષ્ઠાબેન, ગીતાબેન, શારદાબેન, મયુરીબેન, સવિતાબેન વગેરે બહેનોએ સુંદર સેવા કરી હતી. *(યોગી સ્વામી ગુરુ શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી, ડિટ્રોઈટ)*

શ્રી સ્વામિનારાયણ માસિક ભેટ યોજના

૧૦૧-૦૦	શ્રી મનોજભાઈ બાબુભાઈ ટાંક શ્રીજી પ્રસન્નાર્થે	મીરારોડ
૧૦૧-૦૦	શ્રી મહેશભાઈ બાબુભાઈ ટાંક શ્રી નરનારાયણદેવની પ્રસન્નાર્થે	મીરારોડ
૧૦૧-૦૦	શ્રી ભાવેશભાઈ ભગવાનજીભાઈ ટાંક તેમને ત્યાં પુત્રીના જન્મ પ્રસંગે	બોડકા
૧૦૧-૦૦	શ્રી શ્રુતીબેન પ્રજ્ઞેશકુમાર કાછીયા જન્મ પ્રસંગે	બાલાસિનોર
૧૦૧-૦૦	શ્રી જીતેન્દ્રભાઈ દશરથલાલ કાછીયા નવું એકટીવા લાવ્યા તે નિમિત્તે	મલાડ મુંબઈ
૧૦૦-૦૦	શ્રી હિરાકાન્તા હિંમતલાલ ત્રિવેદી શ્રીજી પ્રસન્નાર્થે	બાલાસિનોર
૧૦૧-૦૦	શ્રી ઘનશ્યામભાઈ હરિભાઈ પટેલ ચિ. પૌત્રી હેતાના જન્મ પ્રસંગે	કણભા
૨૫૧-૦૦	શ્રી કલાબેન નરેન્દ્રભાઈ પટેલ ચિ. હિરલને ત્યાં ભાણીના જન્મ પ્રસંગે	કનીપુર (હાલ અમેરીકા)
૧૦૧-૦૦	શ્રી રિયાબેન દિલીપભાઈ પટેલ પ્રથમ વર્ષગાંઠ નિમિત્તે	પીરાણા
૨૫૧-૦૦	શ્રી શિવમ વિનોદકુમાર ભૂવા શ્રીજી પ્રસન્નાર્થે	સુરત
૧૦૦-૦૦	શ્રી અલ્પાબેન કેશવલાલ નારાયણજી ઠક્કર સગપણ પ્રસંગે	અંજાર (કચ્છ)
૧૦૧-૦૦	શ્રી રમેશભાઈ દુર્ગાશંકર ભટ્ટ ચિ. પૌત્ર જતનના જન્મ દિવસ પ્રસંગે	ભાવનગર
૧૦૧-૦૦	શ્રી હેમેન્દ્રભાઈ સોની નવુ બાઈક લાવ્યા તે નિમિત્તે	અમદાવાદ
૧૦૦-૦૦	શ્રી રામભાઈ સોમાભાઈ પટેલ શ્રીજી પ્રસન્નાર્થે	નરોડા
૧૦૧-�00	શ્રી બ્રિજેશકુમાર નારણભાઈ પટેલ શ્રીજી પ્રસન્નાર્થે	ગોઠીબ

૧૦૧-૦૦	શ્રી નૈમેષ બટુકભાઈ ચાવડા સારી નોકરી મળી તે નિમિત્તે	અમદાવાદ
૧૦૧-૦૦	શ્રી પ્રવિણભાઈ પટેલ (કુલવાળા) નવું એકટીવા લાવ્યા તે નિમિત્તે	અમદાવાદ
૧૦૧-૦૦	શ્રી નિલેશભાઈ બળદેવભાઈ પટેલ જન્મ દિવસ નિમિત્તે	બારેજા
૧૦૧-૦૦	શ્રી કાંતિલાલ એમ. ચૌહાણ શ્રીજી પ્રસન્નાર્થે	અમદાવાદ
૧૦૧-૦૦	શ્રી કાંતિલાલ ચંદુલાલ કા.પ. ૬૦મી વર્ષ ગાંઠ નિમિત્તે	અમદાવાદ
૧૦૦૦-૦૦	શ્રી પ્રમોદભાઈ પૂજાભાઈ પટેલ સર્વોપરિ શ્રી નરનારાયણદેવની કૃપાથી પુત્ર પ્રાપ્તિ અર્થે	વીરાવાડા (સાબરકાંઠા)
૧૦૧-૦૦	શ્રી સવજીભાઈ તથા શ્રી ગોવિંદભાઈના પિતાશ્રી ભગવાનજીભાઈના સ્મરણાર્થે	જામસર
૧૦૧-૦૦	શ્રી મનીષભાઈ ઘનશ્યામભાઈ ભાવસાર નવું બાઈક લીધું તે નિમિત્તે	અમદાવાદ
૫૦૧-૦૦	શ્રી મનીષભાઈ ઘનશ્યામભાઈ ભાવસાર નોકરીમાં પ્રમોશન મળ્યું તે નિમિત્તે	અમદાવાદ
૧૦૧-૦૦	શ્રી મોહનભાઈ ગલાભાઈ ચાવડા નવું મકાન ખરીદ્યું તે નિમિત્તે	બળોલ-ભાલ
૫૦૧-૦૦	શ્રી ધનજીભાઈ નાથાભાઈ ધીમૈયા શ્રીજી પ્રસન્નાર્થે	અમદાવાદ
૧૦૧-૦૦	શ્રી પ્રણવ પ્રતાપસિંહ પરમાર ટાટા કન્સલ્ટી સર્વિસીઝમાં જોબ મળી તે નિમિત્તે	બળોલ-ભાલ
૧૦૧-૦૦	શ્રી નિમેષભાઈ બીપીનભાઈ ટાંક નવા વર્ષ નિમિત્તે	કાંદીવલી (વેસ્ટ)
૫૦૧-૦૦	શ્રી ભરતભાઈ, શ્રી ગોપાલભાઈ, નયનાબેન ફાલ્ગુનભાઈ તથા દેવદત્તભાઈ અમેરિકા ગયા તે નિમિત્તે	મોયદ
૧૦૧-૦૦	શ્રી ગોપાલભાઈ વેણાભાઈ પટેલ શ્રીજી પ્રસન્નાર્થે	
૧૦૦-૦૦	શ્રી રામભાઈ સોમાભાઈ પટેલ શ્રીજી પ્રસન્નાર્થે	નરોડા
૧૦૦-૦૦	શ્રી મૌનિલ તથા સવિલ ગોપાલભાઈ ગજ્જર નૂતન વર્ષ નિમિત્તે	અમદાવાદ
૧૦૧-૦૦	શ્રી હસમુખભાઈ વિરજીભાઈ પટેલ નોકરી મળી તે પ્રસંગે	નિકોલ
૧૦૧-૦૦	શ્રી કેતનકુમાર અશોકભાઈ ચૌહાણ નવા મકાનમાં રહેવા ગયા તે નિમિત્તે	ધૂળકોટ
૧૦૧-૦૦	શ્રી ગીતાબેન પંકજભાઈ માંડલીયા નવું મકાન લીધું તે નિમિત્તે	અમદાવાદ
૧૫૦-૦૦	શ્રી રેવાભાઈ નાનજીભાઈ પટેલ અ.નિ. ધુળીબેનના સ્મરણાર્થે	ડુંગરી
૧૦૧-૦૦	શ્રી મનોજ બાબુભાઈ ટાંક શ્રીજી પ્રસન્નાર્થે	મીરારોડ
૧૦૧-૦૦	શ્રી હિરલ અને તન્મય રામપરીયા શ્રીજી પ્રસન્નાર્થે	પાર્લા-મુંબઈ
૧૫૧-૦૦	શ્રી પ્રિયાબેન જસવંતકુમાર બચુભાઈ પટેલ સ્કુલમાં એડમીશન લીધું તે નિમિત્તે	અમેરિકા
૧૦૧-૦૦	અ.નિ. અંબાલાલ કેશવલાલ સોની શ્રીજી પ્રસન્નાર્થે	અમદાવાદ
૧૦૧-૦૦	શ્રી નિહારીકા ધીરજકુમાર સોની બજાજ વેવ સ્કુટર લીધું તે નિમિત્તે	અમદાવાદ
૧૦૧-૦૦	શ્રી સવિતાબેન અમૃતલાલ તલસાણીયા પુણ્ય તિથિ નિમિત્તે	રાજકોટ
૧૦૦-૦૦	શ્રી ગીરીશચંદ્ર રમણીકલાલ રાવળ પૌત્રી નિયતિ એસ.એસ.સી.માં પાસ થઈ તે નિમિત્તે	અમદાવાદ
૧૦૧-૦૦	શ્રી કેતનકુમાર મફતલાલ પટેલ ચિ. દક્ષલની બાબરી ઉતરાવી તે નિમિત્તે	ઉનાવા
૧૦૧-૦૦	શ્રી શ્રેયસકુમાર કાંતિલાલ મહેતા (એડવોકેટ) શ્રીજી પ્રસન્નાર્થે	મોડાસા
૧૦૦-૦૦	શ્રી પરસોત્તમભાઈ રાદડીયા નવી મારૂતી લાવ્યા તે નિમિત્તે	બાપુનગર
૧૦૧-૦૦	શ્રી ભાવેશકુમાર રમેશચંદ્ર પટેલ નવા મકાનમાં વાસ્તુ તથા પૂજા નિમિત્તે	લસુન્દ્રા
૧૦૧-૦૦	શ્રી સ્પેન હરિશભાઈ પટેલ જન્મ પ્રસંગે	અમેરિકા (ઈટાદરાવાળા)
૧૦૧-૦૦	શ્રી ગીરીશભાઈ નારણભાઈ શ્રીજી પ્રસન્નાર્થે	ટ્રેન્ટ
૧૦૧-૦૦	શ્રી માવજીભાઈ નારણભાઈ વેગડ ચિ. દિલીપના લગ્ન પ્રસંગે	જીવાપર
૧૦૧-૦૦	શ્રી કાનજીભાઈ મેઘજીભાઈ ટાંકના ચિ. અરવિંદભાઈને ત્યાં બાબાના જન્મ પ્રસંગે	જીરાગઢ
૧૦૧-૦૦	શ્રી પુષ્પાબેન નારણભાઈ રણછોડદાસ શ્રીજી પ્રસન્નાર્થે	ડાંગરવા
૧૦૧-૦૦	શ્રી દેવકુંવરબા અનુપસિંહ જાડેજા બીજી પુણ્યતિથિ નિમિત્તે	કોટડા નાયાણી
૧૧૧૧૧-૦૦	શ્રી કાંતિભાઈ હાથીભાઈ શામળાભાઈ ચૌધરી (પંડિત)	મુ. બાપુપુરા, તા. માણસા
	સર્વોપરિ શ્રી નરનારાયણદેવ અને ધર્મવંશી પરિવારની કૃપા-આશીર્વાદથી ખૂબજ સુખ શાંતિ થઈ તે નિમિત્તે	
૧૦૦-૦૦	અ.નિ. રાજુ રાવજીભાઈ પટેલ બાઈક લાવ્યા તે નિમિત્તે	ખેરોલ
૧૦૧-૦૦	શ્રી પોપટલાલ નાથાલાલ પટેલ વકીલાત શરૂ કરી તે નિમિત્તે	વક્તાપુર
૧૦૧-૦૦	શ્રી ડાહ્યાભાઈ રણછોડભાઈ પટેલ અને નંદુબેન ડાહ્યાભાઈ પટેલ ચારધામ યાત્રા નિમિત્તે	ડેમાઈ
૧૦૧-૦૦	શ્રી જીતેન્દ્રકુમાર વલ્લભભાઈ પટેલ શ્રીજી પ્રસન્નાર્થે	રાયણીયા
૧૦૧-૦૦	શ્રી પંકજકુમાર કાંતિભાઈ પટેલ ખેતીમાં પાક સારો થયો તે નિમિત્તે	લવારપુર
૧૦૧-૦૦	શ્રી નટવરલાલ રમણલાલ કા.પ. શ્રીજી પ્રસન્નાર્થે	કપડવંજ
૧૦૧-૦૦	શ્રી કાંતિભાઈ શિવરામદાસ પટેલ બાઈક લીધું તે નિમિત્તે	મોટપ

૧૦૧-૦૦	શ્રી હસમુખભાઈ માવજીભાઈ ટાંક શ્રીજી પ્રસન્નાર્થે	સુરત
૧૦૧-૦૦	શ્રી કેસુર મહેશભાઈ ગોકળભાઈ મકાન રાખ્યું તે નિમિત્તે	બાપુનગર
૧૦૧-૦૦	શ્રી રમેશભાઈ બબલદાસના ચિ. મિતેશ ઉચ્ચ અભ્યાસ અર્થે જર્મની ગયા તે નિમિત્તે	કલોલ
૧૦૧-૦૦	શ્રી રમેશભાઈ બાબુલાલ નવું વ્હીકલ લાવ્યા તે નિમિત્તે	અમદાવાદ
૨૦૧-૦૦	શ્રી હર્ષિત મહેન્દ્રભાઈ દવે શ્રીજી પ્રસન્નાર્થે	અમદાવાદ
૧૦૧-૦૦	શ્રી છગનલાલ મુરજી રાઠોડ શ્રીજી પ્રસન્નાર્થે	જીરાગઢ-મુંબઈ
૧૦૧-૦૦	શ્રી રૂપલબેન હરિશભાઈ આચાર્ય ભાઈબીજના જન્મદિન પ્રસંગે	મોરબી
૧૦૧-૦૦	શ્રી નિકુંજ મણીભાઈ પટેલ શ્રીજી પ્રસન્નાર્થે	કરજીસણ (અમેરિકા)
૧૦૧-૦૦	શ્રી અમીબેન મણીભાઈ પટેલ શ્રીજી પ્રસન્નાર્થે	કરજીસણ (અમેરિકા)
૧૦૧-૦૦	શ્રી ઘનશ્યામભાઈ શીવાભાઈ પટેલ પુત્રો પાસ થયા તે નિમિત્તે	અમદાવાદ
૩૦૧-૦૦	શ્રી ભરતભાઈ કાંતિલાલ પરમાર નવી ગાડી ખરીદી તે નિમિત્તે	અમદાવાદ
૧૦૧-૦૦	શ્રી પર્વ તુષારભાઈ પટેલ જન્મદિન પ્રસંગે	જમીયતપુરા
૧૦૧-૦૦	શ્રી વસંતભાઈ ધનજીભાઈ પટેલ નવા મકાનમાં રહેવા ગયા તે નિમિત્તે	લાલોડા
૧૦૧-૦૦	શ્રી રસિકભાઈ ધનજીભાઈ પટેલ નવું મકાન લીધું તે નિમિત્તે	લાલોડા
૧૦૧-૦૦	શ્રી હસમુખભાઈ ધનજીભાઈ પટેલ નવા મકાનમાં રહેવા ગયા તે નિમિત્તે	લાલોડા
૮૭૭-૦૦	શ્રી પુષ્પાબેન કનુભાઈ શ્રીજી પ્રસન્નાર્થે	અમેરિકા
૮૭૭-૦૦	શ્રી હેતલબેન શ્રીજી પ્રસન્નાર્થે	અમેરિકા

પોખરા-નેપાલ શ્રી સ્વામિનારાયણ ધર્મશાળા-વાર્દી, વિરોટાનો નવો ફોન નં. : ૦૦૯૭૭-૬૧-૫૫૦૩૫૬

શ્રી ઠાકોરજીને થાળ તથા સંતોને રસોઈ ની યાદી

આસો સુદી-૫ પ.ભ. હરેશભાઈ જયેશભાઈ પટેલ. **આસો સુદી-૬** અ.નિ. પ.ભ. વિઠ્ઠલભાઈ સોમચંદભાઈ (એડવોકેટ). **આસો સુદી-૧** પ.ભ. કાંતિભાઈ જેઠીદાસ વડું. **આસો સુદી-૧૦** પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના પ્રાકટ્યોત્સવ નિમિત્તે. **આસો સુદી-૧૪** પ.ભ. કાંતિભાઈ મોહનભાઈ પટેલ કડી. **આસો સુદી-૧૫** પ.ભ. રૂક્ષ્મણીબેન ગીરધરલાલ ગજજર (હા. પ.ભ. વાસુદેવભાઈ ગજજર) અમદાવાદ.

આસો વદી-૧ પ.ભ. બાબુભાઈ વિરમગામવાળા. અ.નિ. સ.ગુ.શા.સ્વામી વિષ્ણુપ્રસાદદાસજીની ત્રયોદશા નિમિત્તે. **આસો વદી-૩** પ.ભ. હર્ષદ રસિકભાઈ પટેલ. **આસો વદી-૬** પ.ભ. ધીરૂભાઈ બી. બ્રહ્મભટ્ટ. પ.ભ. ગોવિંદભાઈ અંબાલાલ પટેલ, મોખાસણ. **આસો વદી-૮** પ.ભ. ડૉ. ઘનશ્યામભાઈ ભીમાણી, સાવરકુંડલા. પ.ભ. શનાભાઈ લલ્લુભાઈ પટેલ. **આસો વદી-૧૩** પ.ભ. ઘનશ્યામભાઈ નારણભાઈ સુહાગીયા.

અક્ષરનિવાસી સંત-હરિભક્તોને ભાવભીની શ્રદ્ધાંજલિ

અમદાવાદ (બાપુનગર) : પ.ભ. મગનભાઈ શામજીભાઈ ડોબરીયા તા. ૧૬-૧૦-૨૦૦૫ના શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

નેત્રામલી (તા. ઈડર) : પ.ભ. કરશનભાઈ કુબેરભાઈ પટેલ (નવ ગામ લેઉવા પાટીદાર સમાજના પ્રમુખ અને અગ્રણીય સત્સંગી) તા. ૬-૧૧-૨૦૦૫ના રોજ શ્રીજી મહારાજનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

ખેરોલ (તલોદ) : શ્રી સ્વામિનારાયણ મંદિરના પૂજારી પ.ભ. કાંતિભાઈ રણછોડભાઈ પટેલ તા. ૧૬-૧૧-૨૦૦૫ ના શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

ડુંગરી (ઈડર) : શ્રી ગોપાલભાઈ રેવાભાઈ પટેલ (શ્રી નરનારાયણદેવ યુવક મંડળ સભ્ય)ના માતુશ્રી ધુળીબેન તા. ૨૫-૧૦-૫૦૦૫ના રોજ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

લુણાવાડા : પ.ભ. ઉપેન્દ્રભાઈ મુળજીભાઈ દેરાસરી (મંદિરના ટ્રસ્ટી) તા. ૨૬-૧૦-૨૦૦૫ના રોજ શ્રીજી મહારાજનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

અમદાવાદ : પ.ભ. અનંતપ્રસાદ જવેરલાલ પંડ્યા તા. ૨-૧૧-૨૦૦૫ના રોજ શ્રીજી મહારાજનું ભજન કરતા અક્ષરનિવાસી થયા છે.

અમદાવાદ : પ.ભ. નંદલાલભાઈ ભાયચંદભાઈ કોઠારી (ભાલજા મંડળ)ના મોટાભાઈ પ.ભ. ચીમનલાલ ભાયચંદભાઈ કોઠારી તા. ૧૬-૧૧-૨૦૦૫ના રોજ શ્રીજી મહારાજનું અખંડ સ્મરણ કરતા ૮૪ વર્ષની ઉંમરે અક્ષરનિવાસી થયા છે.

સામરતી-અમદાવાદ : પ.ભ. નટવરલાલ મફતલાલ પટેલના યુવાન પુત્ર ચિ. પરાગ ૨૩ વર્ષની ઉંમરે અક્ષરનિવાસી થયા છે.

દશગામ લેઉવા પાટીદાર અગ્રણી શ્રી શામળભાઈ મરઘાભાઈ પટેલ શ્રીહરિનું સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

નાંદોલ : પ.ભ. નિતિનભાઈ મણીભાઈ પટેલ તા. ૨૪-૧૧-૨૦૦૫ના રોજ શ્રીજી મહારાજનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.



મહુદ્રા (જિ. ગાંધીનગર) નૂતન મંદિરની પ્રતિષ્ઠા યજ્ઞ વિધિમાં બિરાજેલા પૂ. આચાર્ય મહારાજશ્રી સાથે મહંત સ્વામી અને મંદિર નિર્માણ કરતાં શાસ્ત્રી હરિજીવન દાસજી



કાંકરિયા મંદિરમાં મારૂતિ યજ્ઞની પૂર્ણાહુતિ કરતાં પ.પૂ. આચાર્ય મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રી



આદિ આચાર્ય પૂ. અયોધ્યા પ્રસાદજી મહારાજે પધરાવેલ (સ્વામિનારાયણ બાગ અસારવા, ગુરૂકુળ) ધર્મકુળનાં કુળદેવતા શ્રી હનુમાનજી મહારાજનાં મંદિરના જિર્ણોદ્ધારની પૂજન વિધિ કરીને સભામાં બિરાજેલા પ.પૂ. મોટા મહારાજશ્રી



સર્વોપરિ શ્રી નરનારાયણદેવ સન્મુખ પ્રબોધિની એકાદશીનાં નરનારાયણદેવ ઓચ્છવ મંડળમાં સહજતાથીજ સૌ સાથે બિર દર્શન આપતાં પ.પૂ. મોટા મહારાજશ્રી





શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમના ધમધોકાર ચાલી રહેલાં નિર્માણ કાર્યની એક ઝલક



બળોલ ભાલ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં ઠાકોરજીની પ્રાણ પ્રતિષ્ઠાની આરતી ઉતારતાં પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી



બળોલ ભાલ શ્રી સ્વામિનારાયણ મંદિર મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે સભામાં શ્રી હરિના પ્રણેય અપર સ્વરૂપો દર્શન આપતાં

